CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૦૯
તા.૧૩-૦૨-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ મહા વદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૭    સૂર્યાસ્ત : ૦૬:૩૨

તાપમાન
ડીસા ૧૨.૪ | વડોદરા ૧૪.૦
અમદાવાદ ૧૨.૦ | સુરત ૧૭.૬
ગાંધીનગર ૧૧.૦ | નલિયા ૧૨.૪

ચાંદી : ૩૯,૭૦૦    સોનું : ૩૧,૦૦૦

P.R.No. GBK/06/2015-17    RNI No 20508/71    Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ    પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭    જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# પાલનપુરમાં ગમખ્વાર અકસ્માત : છ નાં મોત

## જુના આર.ટી.ઓ સર્કલ પાસે હિટ એન્ડ રન : આબુ તરફથી આવી રહેલો ટેન્કર ચાલક બન્યો બેફામ : નિર્દોષ લોકો બન્યા કાળનો કોળિયો







સંજય જોષી

પાલનપુર

પાલનપુરમાં સોમવારે મોડી સાંજે આરટીઓ સર્કલ નજીક સવેરા હોટલ સામે આબુરોડ તરફથી બેફામ ગતીએ આવેલા ટેન્કર ચાલકે એક રિક્ષા અને બે કાર સહિત વાહનોની રાહ જોઈ રહેલા મુસાફરોને અડફેટે લીધા હતા. આ ગોઝારા અકસ્માતમાં ૬ લોકોના કમ કમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે સાતથી વધુ વ્યક્તિઓને ઈજા થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે સમગ્ર જિલ્લામાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

પાલનપુરના જુના આરટીઓ સર્કલ નજીક આવેલી સવેરા હોટલ પાસે કેટલાક લોકો પોતાના ઘરે જવા માટે વાહનની રાહ જોઈને ઉભા હતા. રિક્ષા ચાલકો મુસાફરો ભરી રહ્યા હતા. તેમજ સર્કલ ફરતે વાહનો પસાર થઈ રહ્યા હતા. તે સમયે આબુરોડ તરફથી એકાએક બેફામ ગતિએ આવેલા ટેન્કર ચાલકે રિક્ષા તેમજ પસાર થઈ રહેલી બે કારને અડફેટે લીધી હતી. ટેન્કરની ટક્કર એટલી જોરદાર હતી કે, ત્રણેય વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અને હાઈવે મુસાફરોની મરણચીસોથી ગુંજી ઉઠ્યો હતો. અકસ્માતને પગલે આજુબાજુના લોકો ત્યાં દોડી આવ્યા હતા.

દરમિયાન પોલીસ અને પાલનપુર ૧૦૮ના પાયલટ હયાતખાન, ઈએમટી પ્રકાશભાઈ તલાટી તેમજ વિરમપુર અને છાપી ૧૦૮ની ટીમ દ્વારા ઈજાગ્રસ્તોને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ૬ વ્યક્તિઓને મૃત ઘોષિત કર્યા હતા.

જ્યારે સિવિલ સર્જન એમ.એસ. પટ્ટીવાલા સહિત તબોબોની ટીમોએ સાતથી વધુ ઈજાગ્રસ્તોની તાત્કાલિક સારવાર હાથ ધરી હતી. જ્યાં દોડી આવેલા ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા, પાલનપુરના જયંતીભાઈ પઢીયાર સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ બચાવ કાર્યમાં જોડાયા હતા. દરમિયાન મોટી સંખ્યામાં લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું અને અફરાતફરી ભર્યા માહોલ વચ્ચે સમગ્ર જિલ્લામાં અરેરાટી પ્રસરી ગઈ હતી.

### ઇજાગ્રસ્તો

ભરતભાઈ કાળુભાઈ રાવળ (ઉ.વ.૩૮) રહે.ઉંબરી
મનોજભાઈ દેવડા (ઉ.વ.૪૦) રહે.ડીસા
જશવંતભાઈ પૂનમભાઈ પટેલ (ઉ.વ.૬૫) રહે. અમીરગઢ

### કમનસીબ મૃતકો

દિલીપભાઈ છગનભાઈ પટેલ (ઉ.વ.૪૨)
ભરતભાઈ પટેલ (ઉ.વ.૪૦)
સુરેશભાઈ સામજીભાઈ પટેલ (ઉ.વ.૪૨)
વિઠ્ઠલભાઈ પટેલ (ઉ.વ.૩૫)
તમામ રહે. અમીરગઢ
રાહુલભાઈ દિલીપભાઈ જોષી (ઉ.વ.૨૨) રહે.પાલનપુર
પ્રકાશકુમાર ઈશ્વરભાઈ ચૌધરી (ઉ.વ.૩૨) રહે. ડીસા

## વિચાર વૈભવ...

### દુકાળ પડે ત્યારે કોદરા મોંઘા

હૃદય રોગનો હુમલો થાય ત્યારે ધબકારાનું ચઢી વાગે છે. માણસની જિજીવિષા ઘડીભર ચોંકી ઊઠે છે. કાર્ડિયોગ્રામ લીધા પછી ડોક્ટરના મોંમાંથી જે બે-ચાર શબ્દો નીકળી પડે તે ચિંતાતુર સ્વજનો ઝીલી લે છે.

ઘી ચોપડ્યા વગરનાં ફૂલકાં ખાવાની છૂટ મળે એટલે આનંદ! આનંદ! માળ ચઢવાની છૂટ મળે પણ દર્દીને લાગે કે પોતે પર્વતારોહણ કરી રહ્યો છે. ડોક્ટરનું બિલ અળખામણું લાગે તોય હસતે મોંએ ચૂકવી દેવાનું. બિલનાં કાગળિયાં પણ પથારીની નીચે સંતાઈ રહે છે.

કવિ ઓડેને કેન્સર માટે નીચેની પંક્તિઓ લખેલીઃ

કોઈ જાણે નહીં કે કારણ શું છે;
જો કે
ઘણા લોકો જાણતા હોવાનો ડોળ કરે છે.
સંતાઈ રહેલા ખૂનીની માફક
એ તમારા પર તૂટી પડવા માટે
રાહ જોઈને બેસી રહે છે.

કેન્સરનો દર્દી તો ફાંસી ખોલીમાં સબડતા મૃત્યુન્મુખ કેદીની માફક કણસતો રહે છે. પ્રત્યેક ક્ષણ છૂટી પાડીને ગણી શકાય એટલી અલ્પસંખ્યા બની જાય ત્યારે સ્વજનો છાનાંમાનાં રડી લેતાં હોય છે. ઓક્સિજનનો બાટલો સૌથી નજીકનો સગો! એકયાત્રા માટે દર્દી પણ તૈયાર નથી હોતો. બાથરૂમ સિવાય ક્યાંય એકલા પડવાનું બન્યું જ ન હોય ત્યાં અનંતની યાત્રાએ એકલા જવાનું કોને ગમે? એકલયાત્રા માટેનો તાલીમ શિબિર એટલે સંન્યાસ. હૃદયરોગના હુમલા વખતે ધબકારાના ભાવ વધી જાય છે. દુકાળ પડે ત્યારે કોદરા મોંઘા!

ગુણવંત શાહ

## સાર સમાચાર...

### આજે મહાશિવરાત્રિ પર્વની ઉજવણી : લોકો ઉત્સાહિત

અમદાવાદ

આજે મહાશિવરાત્રિ છે એટલે, દેવાધિદેવ મહાદેવ, ભોળાનાથને પ્રસન્ન કરવાનો અતિ પવિત્ર અને અનન્ય મહાત્મ્ય ધરાવતો દિવસ. વર્ષો બાદ એવો સંયોગ આવ્યો છે કે, મહાશિવરાત્રિ મંગળવારે આવી રહી છે એટલે કે, ભૌમ પ્રદોષે આ વખતે મહાશિવરાત્રિ આવી રહી છે. મંગળવાર એટલે હનુમાનજીનો વાર છે અને હનુમાનજી પોતે પણ શિવજીનો જ અવતાર છે, તેથી આવતીકાલની મહાશિવરાત્રિનું મહત્વ પણ ઘણું વધી જાય છે. આવતીકાલે મહાશિવરાત્રિના પર્વને લઈ અમદાવાદ શહેર સહિત રાજ્ય ભરના શિવમંદિરોમાં શિવજીના અભિષેક-બિલીપત્રની પૂજા, આરતીના વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે. સુપ્રસિધ્ધ સોમનાથ મંદિરમાં આવતીકાલે મહાશિવરાત્રિને લઈ ભોળાનાથી વિશેષ પૂજા-આરતી અને મહામૃત્યુંજય યજ્ઞ સહિતના આયોજનો કરવામાં આવ્યા છે.

## ગતકડું.... - દેવન વ્યાસ



તમારા જેવા ડાયાબીટીસના દર્દીઓ દેશમાં વધ્યા છે. માટે જ ખાંડ મોંઘી કરવામાં આવી છે.

# થરાદના દિપડા ગામમાં દિપડાએ એક યુવક અને વાછરડીઓ પર હુમલો કરતાં ફફડાટ





(વિષ્ણુ દવે)

### આજુબાજુના દસેક ગામોમાં ભય સાથે ફફડાટનો માહોલ : ગ્રામજનોના રાતીજગા

(પ્રતિ.) થરાદ

લાખણી તાલુકામાં આતંક મચાવ્યા બાદ વનવિભાગની ખો થી ભાગેલો દિપડો રવિવારની મોડી રાત્રે થરાદ તાલુકાના ભુરીયા અને ચાંગડા ગામમાં દેખા દેતાં ગ્રામજનોએ થરાદ પોલીસને જાણ કરી હતી. આથી વનવિભાગના અધિકારી કર્મચારીઓ ગામમાં દોડ્યા હતા. દરમ્યાન સોમવારની બપોરના સુમારે થરાદ તાલુકાના દિપડા ગામના ખેતરોમાં દેખા દેતાં તેના પગલાંના નિશાનના આધારે ચારપાંચ ગ્રામજનો ગામના મોર તળાવ સુધી પહોંચ્યા હતા.જોકે અજાણ ગ્રામજનો નજીક જતાં તેમનાથી બચવા માટે ગભરાયેલ દિપડો ભાગવાના પ્રયાસમાં કુદકો મારતાં ગામના રમેશભાઈ પુનમાભાઈ માળવી નામનો યુવક તેની ઝપટમાં આવી જતાં તેને પીઠ અને પેટના ભાગે ઈજાઓ થવા પામી હતી. જોકે સાથે રહેલા ગ્રામજનોએ દેકારા પડકારા કરતાં રમેશભાઈનો આબાદ બચાવ થવા પામ્યો હતો. પરંતુ તેણે ગામમાં તબીબી સારવાર લેવી પડી હતી. જોકે દીપડાએ રવિવારની રાત્રે કમાળી ગામના રબારી દરગાભાઈની તથા જોરાભાઈ પટેલની વાછરડી પર પણ હુમલો કર્યો હતો. તદુપરાંત કેશરગામમાં પણ એક વાછરડી પર દાઢ બેસાડી શિકારનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. આમ તે આસાન નાના પશુઓ પર ડોળો રાખતો હોવાનો તર્ક વહેતો થયો હતો. થરાદ પંથકમાં દિપડાના ભયથી આજુબાજુના આઠથી દસેક ગામો જેવાં કે તાલુકાના ભુરીયા, કમાળી, કેશરગામ, દીપડા, ચાંગડા, વળાદર, જાડરા, મેસરા, મિયાલ, લુવાણા જેવા ગામોમાં ભય સાથે ફફડાટનો માહોલ ફેલાવા પામ્યો છે.

સોમવારની રાત્રીના સાડા નવ વાગ્યાના સુમારે આ સમાચાર લખાય છે ત્યારે દીપડો થરાદના દીપડા ગામના મોર તળાવની પાળે ઝાડીમાં સંતાયેલ હોવાના કારણે ગ્રામજનોની સાથે વનવિભાગ અને પોલીસની ટીમ તાપણુ કરીને વૉચ રાખી બેઠા છે. તેમજ રવિવારની રાત્રે આખીરાત પણ દિપડાના ખૌફથી જાગ્યા હોવાનું કમાળી ગામના અગ્રણી ઘેવરદાસ સાધુએ જણાવ્યું હતું.

# ભરોડ ગામે રતનજ્યોતના બીજ આરોગતા ૧૦ બાળકોની તબિયત લથડી

### પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા



સંજય જોષી

પાલનપુર

વડગામ તાલુકાના ભરોડ ગામે સોમવારે સાંજના સુમારે એક શાળાના બાળકો રતનજ્યોતના બીજ ખાઈ ગયા હતા. જેમને સારવાર અર્થે પાલનપુર સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વડગામ તાલુકાના ભરોડ ગામની શાળામાં અભ્યાસ કરતા કેટલાક બાળકો રતન જ્યોતના બીજ ખાઈ ગયા હતા. જે પૈકી ૧૦ જેટલા બાળકોને ઝેરની અસર થતા તબિયત લથડી હતી. જેમને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# થરાદની નહેર પર પાઇપો કાઢવા તંત્ર એસ.આર.પી. અને પોલીસ સાથે ત્રાટક્યું

### તાલુકાની ગંભીરપુરા અને ઉચપા માયનોર નહેર પર કામગીરી હાથ ધરાતાં રોષ

(પ્રતિ.) થરાદ

સરકારની ખેડુતોને ચાલુ વર્ષે પાણીની અછતને લઈને આગામી ઉનાળામાં પીવા માટે પુરતું પાણી મળી રહે તે માટે ખેતી માટે પાણી નહી આપવાની તાકીદના પગલે થોડા દિવસ પહેલાં થરાદ વાવ પંથકમાંથી પસાર થતી નર્મદાની શાખા નહેરમાં ખેડુતોએ ગોઠવેલાં ઓઈલ એન્જીનનાં કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં અનેક ખેડુતોનાં કનેક્શન કાપી નાંખ્યાં હતાં.

સોમવારે નર્મદા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર એસ આર વાગડીયા અને ટીમે વાવ તાલુકાની ગંભીરપુરા અને ઉચપા માયનોર નહેરમાં લગાવેલાં થરાદ તાલુકાના ગામોના ખેડુતોનાં કનેકશન કાપવાની કામગીરી પોલીસ અને એસ.આર.પી. બંદોબસ્ત સાથે હાથ ધરી હતી. તંત્રની કામગીરીથી ખેડુતોમાં રોષ સાથે આક્રોશની લાગણી ફેલાવા પામી હતી.ખેડુતોએ તેમનાં કનેકશન કાપવાના કારણે ખેતી નહી થવાની સાથે પાઈપોનું પણ નુકશાન થવાના કારણે પડતા પર પાટુ મારાવા જેવી સ્થિતી સર્જાતી હોવાનું જણાવતા જોવા મળ્યા હતા.

આ અંગે નર્મદા વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતુંકે ગુજરાત સરકારના ઉચ્ચસ્તરેથી નહેરમાં એક પણ પાઈપ રહેવા નહી દેવાનો કડક આદેશ હોવાથી પાઈપો કાઢવાની કામગીરી કરવામાં આવી છે. વળી નહેરમાં મુકવામાં આવેલ બધાં જ કનેકશન અનઅધિકૃત હોવાના કારણે નુકશાનનો સવાલ રહેતો નથી.

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય    પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨



# આજે મહાશીવરાત્રી પર્વ જિલ્લાભરમાં હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠશે

## ડીસાના મહાદેવીયામાં શીવરાત્રીનો લોક મેળો ભરાશે

પ્રતિનિધિ વડાવળ

દેવાધિ દેવ મહાદેવનુ પર્વ એટલે મહાશીવરાત્રી મહાવદ તેરસના દિવસે આવતા આ તહેવારને લઈ શીવભક્તોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શીવ મંદિરોમાં હર હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠશે. દિવસભર શીવભક્તો દ્વારા શીવની આરાધના કરવામાં આવશે. અનેક સ્થળો પર શીવરાત્રીના લોક મેળા પણ ભરાય છે.

આજે શીવરાત્રીના તહેવારને લઈ શિવાલયોમાં લઘુ રૂદ્રા ભિષેક મહા આરતી ધુન ભજન શિવચાલીસા સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત આ પર્વને લઈ ભક્તો દ્વારા મહાદેવને જળ અને દૂધનો અભિષેક કરી બીલીપત્ર ચઢાવશે સાથે શિવ ભક્તો દ્વારા ભાંગની પ્રસાદી પણ ગ્રહણ કરશે.

પાલનપુરના પાતાળેશ્વર મહાદેવ, બાજોટીયા મહાદેવ, બાલારામ મહાદેવ ઉકરડા ધામ જેવા પોરાણીક સ્થાનો સાથે ડીસા રીસાલેશ્વર મહાદેવ, આખોલ, નજીકના મહાદેવીયા રસાણા તા.૧૨ જ્યોર્તિલિંગ સહિત જિલ્લાભરના અનેક શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જાશે જેને લઈ તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે બનાસવાસીઓ દ્વારા શિવાલયમાં ઉત્સાહ ભેર આજે શિવરાત્રીની ઉજવણી કરશે જેથી જિલ્લા પૌરાણીક અને પ્રસિધ્ધ મંદિરોમાં વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જોવા મળશે રાત્રી દરમિયાન અનેક સ્થળોએ લોકડાયરા, સંતવાણી અને ભજન સત્સંગના કાર્યક્રમો થશે દિવસ દરમિયાન અનેક સ્થળો પર શિવરાત્રીના લોક મેળા પણ ભરાશે જેમાં ડીસાના મહાદેવીયામાં મેળા ભરાશે.

**ભાજપની બહુમતી આવે તો**

# વાવ તાલુકા પંચાયતના પ્રમુખ પદની બાગડોર કાંનજીભાઈ રાજપુતના શીરે આવી શકે

તાલુકા પ્રતિનિધિ વાવ



૨૨ બેઠકો ધરાવતી વાવ તાલુકા પંચાયતની ૧૨ બેઠકો ઉપર વિજય મેળવનાર પાર્ટીના હાથમાં તાલુકા પંચાયતનો કબજો રહેશે. જો કે કોંગ્રેસના ધુરંધર નેતા એવા કાંનજીભાઈ રાજપુતે ભાજપમાં પ્રવેશ કરતાં વાવ તાલુકા પંચાયત અને સુઈગામ તાલુકા પંચાયતના સમીકરણોમાં બદલાવ આવી ગયો છે. હાલની પરિસ્થિતિ જોતાં કાંનજીભાઈ રાજપુત વાવ-૧ શહેરની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર તરીકે મેદાને ઉતર્યા છે. ભાજપ ૧૧ થી વધુ બેઠકો મેળવશે તો તા.પં. પ્રમુખની બાગડોર કાંનજીભાઈ રાજપુતના શીરે રહેશે. વાવ તાલુકા ૨૨ બેઠકો જેમાં વાવ-૧, વાવ-૨, ચૂવા, બૂકણા, ચોટીલ, દૈયપ, ઢીમા, જોરડીયાળી, કારેલી, કુંડાળિયા, માવસરી, ટડાવ, ખીમાણાવાસ, માડકા, મોરીખા, દેથળી, બૈયક, તીર્થગામ, એટા, ગોલગામ, સપ્રેડા, ભાટવરનો સમાવેશ થયો છે. ઉપરોક્ત ૨૨ બેઠકોનું જાતિવાદ, આંકડાઓના સમીકરણોનું ગણિત જોતાં ભાજપ વધુ બેઠકો મેળવે તેવુ અનુમાન થઈ રહ્યું છે. પ્રચારના અંતિમ દિવસોમાં બદલાવ આવતાં સમીકરણો બદલી પણ શકે છે. હાલનો સર્વે વાવ તાલુકા પચાયત ઉપર ભાજપને કબજો જમાવા માટેની ઉજળી તકો જણાઈ રહી છે.

## ડીસા તાલુકા અને જિલ્લા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારો

ડીસા

ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના તાલુકા પંચાયત અને જિલ્લા પચાયતના ઉમેદવારો નીચે મુબજ રાખવામાં આવેલ છે.

**જિલ્લા પંચાયતના ઉમેદવારો**

ઝેરડા :- રાનેરા અજમલજી નાથુજી
કૂચાવાડા :- જીવણજી ઝવેરજી કુચાવાડીયા
ભડથ :- અતિયાં ખેંગારભાઈ ચૌધરી
માલગઢ :- ક્રિષ્નાબેન રાજીવભાઈ થેરવાડીયા
નેસડા જૂના :- રૂખિબેન નાથાભાઈ ભોભળીયા
જૂનાડીસા :- બાલુબેન રાયકણસિંહ ઠાકોર
ઢુવા :- મકવાણા લક્ષ્મીબેન હરીજી
સમૌમોટા :- જીતેન્દ્રકુમાર મણીલાલ રાજગોર
મુડેઠા :- વિનુજી દયાલજી રાઠોડ
ગોગપુરા :- લક્ષ્મીબેન કલ્યાણભાઈ પરમાર
નવી ભીલડી :- વર્ષાબેન જીતેન્દ્રભાઈ જોષી
છત્રાલા :- રમીલાબેન (રમોલાબેન) ચેતનભાઈ દેસાઈ (રબારી)
સમૌ મોટા :- જાદવ ધીરસીંગ જવાનસીંગ
સમૌ નાના :- મગશીભાઈ ખેંગારભાઈ દેસાઈ
લુણપુર :- મંગળસીંગ બચુજી સોલંકી
જાબડીયા :- જેબરબેન ઉમાજી પરમાર
જૂનાડીસા - ૧ :- રમિલાબેન પ્રવિણભાઈ ગેલોતર
જૂનાડીસા - ૨ :- એદલીયા હંસાબેન પૂંજાભાઈ
ખરડોસણ :- ભાવનાબેન દિનેશજી ઠાકોર
આસેડા :- ચંદાબેન મદારજી સોરાવડા
નવા :- વરાળીયા વલીભાઈ હબીબભાઈ
ઢુવા :- ભારતીબેન પ્રવિણજી સોલંકી
ભોયણ :- રાઈબેન જયંતિજી ઠાકોર (બિન હરીફ)
રાણપુર ઉ.વાસ :- પરબતભાઈ હરિભાઈ કળોતરા

ઉપર મુજબના તા.પંચાયત અને જિલ્લા પંચાયતના ઉમેદવારો કોંગ્રેસ પક્ષ દ્વારા પસંદગી પામેલ છે. અને મુડેઠા જિલ્લા પંચાયતના ઉમેદવારો ચહેરાભાઈ મેરૂજી વાઘેલાએ અપક્ષ ફોર્મ ભરેલ તેમને કોંગ્રેસ પક્ષે સમર્થન આપેલ અને કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે જાહેર કરેલ છે.

**તાલુકા પંચાયતના ઉમેદવાર**

ઝેરડા :- લીલુબેન ડાહ્યાભાઈ દેવું
ટેટોડા :- કૃષ્ણગોપાલ વરધાજી સોલંકી
રામસણ :- વાઘેલા રમેશસિંહ હેમસિંહ
વરન :- નટવરસિંહ નાનુજી પરમાર
પેછડાલ :- પરમાર કાન્તિભાઈ ધરમાભાઈ
કુચાવાડા :- લક્ષ્મીબેન રમેશભાઈ પરમાર
વિઠોદર :- મુકેશભાઈ જોયતાજી સોલ્કી
ભાચલવા :- ચેલાણા કલ્યાણભાઈ ડાહ્યાભાઈ
ઘાડા :- લડતુકા વીજાબેન ભુરાભાઈ
ભડથ :- વાઘેલા નોનીબેન વરસુંગજી
બાઈવાડા :- વિમળાબેન ચમનાજી માળી
કંસારી :- તારાબેન ચમનજી ઠાકોર
મહાદેવીયા :- સુથાર શીવાભાઈ ત્રિકમાજી
માલગઢ -૧ :- વસંતભાઈ ઉકાજી ટાંક
માલગઢ - ૨ :- નરેશભાઈ બાબુજી પરમાર
રામપુરા :- જાટ કશનાજી સમરતાજી
દાયા :- જામીબેન મગનભાઈ ખટાણા
નેસડા જૂના :- ઝેણાજી પબાજી રાઠોડ
બલોધર :- રજયા ચહેરાભાઈ નાથુભાઈ
લોરવાડા :- લખીબેન અજમલજી વાઘેલા
ઓઢવા :- દાડમબેન વેલાજી ભીલ
મુડેઠા - વિનુજી દયાળજી રાઠોડ
ગોગપુરા - લક્ષ્મીબેન કલ્યાણભાઈ પરમાર
નવી ભીલડી - વર્ષાબેન જીતેન્દ્રભાઈ જોષી
છત્રાલા - રમીલાબેન (રમોલાબેન) ચેતનભાઈ દેસાઈ (રબારી)
સમૌ મોટા - જાદવ ધીરસીંગ જવાનસીંગ
સમૌ નાના - મગશીભાઈ ખેંગારભાઈ દેસાઈ
લુણપુર - મંગળસીંગ બચુજી સોલંકી
જાબડીયા - જેબરબેન ઉમાજી પરમાર
જૂનાડીસા - રમિલાબેન પ્રવિણભાઈ ગેલોતર
જૂનાડીસા - એદલીયા હંસાબેન પૂંજાભાઈ
ખરડોસણ - ભાવનાબેન દિનેશજી ઠાકોર
આસેડા - ચંદાબેન મદારજી સોરાવડા
નવા - વરાળીયા વલીભાઈ હબીબભાઈ
ઢુવા - ભારતીબેન પ્રવિણજી સોલંકી
ભોયણ - રાઈબેન જયંતિજી ઠાકોર (બિન હરીફ)
રાણપુર ઉ.વાસ - પરબતભાઈ હરિભાઈ કળોતરા

ઉપર મુજબના તા.પંચાયત અને જિલ્લા પંચાયતના ઉમેદવારો કોંગ્રેસ પક્ષ દ્વારા પસંદગી પામેલ છે. અને મુડેઠા જિલ્લા પંચાયતના ઉમેદવાર ચેહરાભાઈ મેરૂજી વાઘેલાએ અપક્ષ ફોર્મ ભરેલ તેમને કોંગ્રેસ પક્ષે સમર્થન આપેલ અને કોંગ્રેસપક્ષના ઉમેદવાર તરીકે જાહેર કરેલ છે.

**વાવ તાલુકાની અતિમહત્વની ગણાતી..**

# માડકા જિ.પંચાયતમાં ભાજપના મહીલા ઉમેદવારનો પ્રચાર શરૂ

તા.પ્રતિ. વાવ



આગામી તા.૨૧/૨/૨૦૧૮ ના રોજ બ.કાં જિલ્લા પંચાયતની ૬૬ બેઠકો પૈકી વાવ તાલુકામાં માડકા, વાવ, ઢીમા અને ટડાવ જિ.પંચાયત બેઠકની ચૂંટણી યોજાનારી છે. જેમાં અતિમહત્વની ગણાતી વાવ તાલુકાની માડકા-૩૫ જિ.પંચાયત બેઠક સામાન્ય પુરૂષની બેઠક છે. જેમાં કોંગ્રેસ પાર્ટીએ તાલુકા પંચાયત વાવના પ્રમુખ અમીરામભાઈ જોષીને ટીકીટ ફાળવી છે. ત્યારે ભાજપે વાવ તાલુકા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ ભુરાભાઈ વખતરામભાઈ આસલના ધર્મપત્ની ભગવતીબેનને મેદાનમાં ઉતાર્યા છે. જો કે બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ છે ભાજપ કોંગ્રેસ બસપા જેમાં બે બ્રાહ્મણ ઉમેદવારો સામે બ.સ.પા એ દલિત ઉમેદવારને મેદાને ઉતાર્યા છે. આ બેઠક ઉપર બ્રાહ્મણ, પટેલ, દલિત સમાજનું પ્રભૂત્વ છે. આ જિ.પંચાયતની બેઠક હેઠળ વાવ તાલુકાના ૨૪ ગામો અને અંદાજે પાંત્રીસ હજાર મતોનું સંખ્યા બળ છે. અને ૭ તાલુકા પંચાયતની બેઠકોનો સમાવેશ કરાયો છે. જેમાં ભાટવર ગામ, માડકા, તીર્થ ગામ, મોરીખા, દેથળી, બૈયક, એટા આ તમામ બેઠકોનું અને જાતિવાદ સમીકરણોનું સર્વે કરતાં આ બેઠક ઉપર ભાજપના મતોનું વધુ પ્રભૂત્વ જોવા મળે છે તેથી આ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ભગવતીબેન આસલે આક્રમક પ્રચાર શરૂ કરી દીધો છે.

**લાખણી તાલુકાની તા.પં.ની ૨૨ સીટ પર ચૂંટણી**

# ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ



દિલીપ પુરોહિત

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકો બન્યા પછીની તા.પં.ની આ પ્રથમ ચૂંટણી છે. જેમાં લાખણી-૧ માં ગંગાબેન સુરેશભાઈ પટેલ ભાજપમાંથી, જબીબેન મેરાજભાઈ મકવાણા કોંગ્રેસમાંથી, લાખણી-૨ માં અજીતસિંહ ભગવાનસિંહ વાઘેલા ભાજપમાંથી, માધાભાઈ રાવતાજી પટેલ કોંગ્રેસ, ધુણસોલમાં મેતીબેન રામદેવભાઈ પટેલ કોંગ્રેસ, સોનીબેન ખેમાજી ટાંટીયા ભાજપ, જસરામાં મંજુબેન બાળકાભાઈ બારડ ભાજપ, દેવુબેન બાળકાભાઈ ભુખ્યા કોંગ્રેસ, ધાણોમા લેરાબેન ગણેશજી પ્રજાપતિ કોંગ્રેસ, સૂર્યાબેન લાખાજી વાઘેલા ભાજપ, લવાણામાં ભલાભાઈ મનજીભાઈ વાઘેલા કોંગ્રેસ, વક્તાભાઈ ડુંગરાભાઈ ગેલોતર, આગથળા ઉષાબેન વાઘાજી સોલંકી કોંગ્રેસ, ટીપુબેન લખાજી કરડ (ભાજપ), નાના કાપરામાં અગરાજી માધાજી વાઘેલા ભાજપ, ધેંગાભાઈ કરશનભાઈ રબારી કોંગ્રેસ, વાસણા (વાતમ) માં કરશનજી હાથીજી રાજપુત ભાજપમાંથી ચૂંટણી લડી રહ્યા છે. કુંડામાંથી સીતાબેન કર્નાજી કણબી કોંગ્રેસ, સીતાબેન રમેશકુમાર પ્રજાપતિ ભાજપ, પેપળુમાંથી દર્શનપુરી બાબુપુરી રબારી કોંગ્રેસ,

અનુસંધાન પાના નં.૬

# જુનાડીસામાં ઉઘરાણી મુદ્દે યુવક ઉપર જીવલેણ હુમલો

ડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામે ઉઘરાણી મુદ્દે ઘરે બોલાવી માથાભારે શખ્સોએ યુવકને છરીના ઘા ઝીંકી જીવલેણ હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ જુનાડીસા ગામના પીઢ પત્રકાર એમ.ડી. ચાવડાના પુત્ર વસીમને ગત તા. ૪/૨/૨૦૧૮ ની રાતે ગામના નવાપુરા વિસ્તારમાં રહેતા યાસીનભાઈ યુસુફભાઈ સુમરાએ તેના બાકી નીકળતા રૂપિયા લઈ જવા ઘરે બોલાવ્યો હતો. જેથી તે તેના મિત્ર અમરતસિંહ રાજપુત (ડીસા) ના એક્ટીવા ઉપર તેમના ઘરે ગયો હતો. પરંતુ ઉઘરાણી મુદ્દે બોલાચાલી થતા યુસુફભાઈ સુમરા, ત્રણ મહિલા અને બે અજાણ્યા ઈસમોએ વસીમને બાથમાં પકડી લીધો હતો અને તેમના પુત્ર યાસિન સુમરાએ ઉશ્કેરાઈ જઈ તેને આડેધડ છરીના ઘા ઝીંકી દીધા હતા. જેથી ચામડાનું જેકેટ ચીરાઈને તેને પીઠ અને બરડામાં ગંભીર ઈજા થઈ હતી જ્યારે ગળા ઉપર ઝીંકાયેલ છરીનો ઘા ચૂકવી દેતા આબાદ બચાવ થયો હતો. જો કે બૂમાબૂમ સાંભળી આજુબાજુમાંથી લોકો દોડી આવતા હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. બાદમાં લોહીલુહાણ હાલતમાં વસીમને તેનો મિત્ર સારવાર અર્થે ડીસા સિવિલ લઈ ગયો હતો. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ ખસેડાયો હતો. પરંતુ છરીના ઘાના કારણે હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો. બનાવના ગામમાં ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે. આ બાબતે ડીસા રૂરલ પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. જો કે ગામમાં અવારનવાર ભય અને આતંક મચાવતા માથાભારે હુમલાખોરો ફરાર થઈ ગયા છે. ત્યારે ગામની શાંતિ અને સલામતી જોખમાવી કાયદાના લીરેલીરા ઉડાવતા આ અસામાજીક તત્વોને પોલીસ સત્વરે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલે તેવો જનમત પ્રવર્તે છે.

**રાજપુરની રેશ્માના સંગીતના સુર અકાળે વિલાયા**

# પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં માસ્ટર ડીગ્રી મેળવી પણ નોકરીથી વંચિત



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસા નજીકના રાજપુરમાં રહેતી યુવતિ બંને આંખે અંધ છે. પરંતુ તેણીએ મહેનત અને સંઘર્ષ કરીને સંગીત વિશારદની પરીક્ષા પાસ કરી માસ્ટર ડિગ્રી મેળવી છે. તેમ છતાં સરકારી નોકરી ન મળતા પ્રતિભાશાળી યુવતિ હતાશામાં ગરકાવ થઈ ગઈ છે.

સરકાર 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન દ્વારા કન્યાઓના શિક્ષણને ઉત્તેજન આપે છે. પરંતુ ઉચ્ચ શિક્ષણ મેળવેલ કન્યાઓને પણ નોકરી મળતી નથી. તે હકીકતની પ્રતિતિ કરાવતા રાજપુરની રેશ્માબેન ફેજમહંમદ મેમણ બંને આંખે અંધ હોવા છતાં 'મન હોય તો માળવે જવાય' ઉક્તિને સાર્થક કરી જીવનમાં કંઈક કરી બતાવવાની હામ ભીડી હતી. તેણીએ પ્રાથમિક શિક્ષણ પાલનપુર અને માધ્યમિક શિક્ષણ સુરેન્દ્રનગરમાં મેળવ્યા બાદ રાજધાની દિલ્હીમાં સંગીત વિશારદ સાથે

અનુસંધાન પાના નં.૬

**ડિગ્રી રદ થતા સ્વપ્ન રોળાયું**

સંગીત વિશારદની માસ્ટર ડીગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને શાળા-મહાશાળાઓમાં અગાઉ સંગીત શિક્ષક તરીકે નોકરી મળી જતી હતી. પરંતુ સરકારે ૨૦૧૬ માં એક ઝાટકે આ ડિગ્રી રદ કરી દીધી છે. જેથી રેશ્માબેન મેમણ જેવા અનેક યુવક-યુવતિઓનું સ્વપ્ન રોળાઈ ગયું છે. માસ્ટર ડિગ્રી મેળવવા છતાં તેને નોકરી ન મળતા તેની નાની બહેન અફસાના મેમણે (પ્રજ્ઞાચક્ષુ) ધો.૧૨ પછી ભણવાનું જ છોડી દીધું છે.

# વાવના રાછેણા ગામે કોંગ્રેસની બેઠક યોજાઈ



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

આગામી તા. ૨૧/૨/૧૮ ના રોજ વાવ તાલુકા પંચાયતની ૨૨ બેઠકો ઉપર ચૂંટણી યોજાનારી છે. જે સંદર્ભે ગોલગામ-૧૦ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર રાજપુત વિહાભાઈ રાણાભાઈના સમર્થનમાં કોંગ્રેસના અગ્રણીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત રહેલા અગ્રણીઓએ ગોલગામ-૧૦ સીટના ઉમેદવારને વિજય બનાવાની હાકલ કરી હતી. આમ ચૂંટણી પ્રચારને લઈને વાવ પંથકમાં રાજકીય ગરમાવો આવી ગયો છે.

**બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રી પર્વે...**

# દેશ-વિદેશમાં ૧ લાખ શિવ અવતરણ મહોત્સવો યોજાશે

**જિલ્લાના સર્વ સેવાકેન્દ્રોમાં શોભાયાત્રાઓ-સંમેલનો યોજાશે : મુખ્ય સમારંભ આબુ ખાતે યોજાશે**

ડીસા

આંતરરાષ્ટ્રિય અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ૮૨ મી ત્રિમૂર્તિ શિવજયંતિ નિમિતે આજે મગળવારે દેશ-વિદેશમાં શિવ અવતરણનો દિવ્ય સંદેશ આપવા ૧ લાખથી વધુ અધ્યાત્મ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

બ્રહ્માકુમારીઝ મિંડીયાના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર દેશ-વિદેશમાં અનેક શોભાયાત્રાઓ મેળાઓ સમ્મેલનો-ઝાંખીઓ-પ્રવચનો તથા યોગ તપસ્યાઓના સંગઠીત કાર્યક્રમો ૧ લાખની સંખ્યામાં છેલ્લા ૭ દિવસથી શરૂ થયેલ છે. જેમાં મુખ્ય સમારંભ ૧૨ જ્યોતિર્લિંગની ભવ્ય ચૈતન્ય ઝાંખી સાથે આબુ-તળેટી ખાતે યોજાયેલ છે. જેમાં ૭૦ દેશોના ૨૫૦૦ મહાનુભાવો ભાગ લેવા આવેલ છે. બનાસકાંઠા-પાટણ-મહેસાણા જિલ્લાના સર્વ સેવાકેન્દ્રો પર આજે સવારે ૬ થી ૮ શિવ ધ્વજારોહણ કાર્યક્રમો રહેશે. ડીસા સેવા કેન્દ્ર નવજીવન સોસાયટીમાં સવારે ૭ થી ૮-૩૦ શિવ અવતરણ મહોત્સવ યોજાશે. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરશે તથા ૮-૩૦ થી ૯-૩૦ સ્થાનિક સેવાકેન્દ્ર પર બ્રહ્મા-કુમારી સુરેખાબેનની ઉપસ્થિતિમાં અધ્યાત્મ સમારંભ યોજાશે જેમાં ડીસાના ધારસભ્ય શશીકાન્ત પંડ્યા, મગનભાઈ માળી તથા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી ભાગ લેશે અને શિવ ધ્વજારોહણ કરશે તથા ૧૧૦૦ શિવ સંદેશ સાથેના ફુગ્ગાઓ આકાશમાં ઉડાડવામાં આવશે અને શ્રેષ્ઠ જીવન માટે સંગઠીત પ્રતિજ્ઞા લેવામાં આવશે.

# પાલનપુરની શ્યામવિહાર સોસાયટીમાં પાણી ન મળતા રહીશોને હાલાકી

**સ્ટ્રીટલાઈટ બંધ કરી દેતા લોકો અંધારામાં રહેવા મજબુર**

પાલનપુર

પાલનપુરની શ્યામવિહાર ઉપવન સોસાયટીના રહીશો છેલ્લા ત્રણ દિવસથી પાણી વિના ટળવળી રહ્યા છે. પારપડા રોડ પર આવેલી આ સોસાયટીમાં હજી માંડ ૫૦ ટકા લોકો જ રહેવા આવ્યા છે છતાં બિલ્ડરના ફોલ્ડરીયાઓએ પોતે જ સોસાયટીનો વહીવટ હસ્તગત કરી કરીને સ્ટ્રીટલાઈટ બંધ કરી દેતા પાલનપુર જેવા શહેરની સોસાયટીમાં લોકો અંધારામાં રહેવા મજબુર બન્યા છે. ત્રણ દિવસથી પાણી, વીજળી જેવી પાયાની સુવિધા ન મળતી હોવાથી બાળકો, વૃધ્ધો અને ખાસ નોકરીયાત વર્ગને ખુબ તકલીફો પડી રહી છે.

ઉંઝાની ઈમા ઈન્ફ્રાટેક કંપની દ્વારા પારપડા રોડ પર શ્યામવિહાર સોસાયટીમાં મકાન ખરીદનાર દરેક ગ્રાહક પાસેથી મેન્ટેનન્સ પેટે રૂ.૨૦,૦૦૦ જેટલી રકમ એડવાન્સમાં ઉઘરાવી લેવામાં આવી છે છતાં સુવિધાના નામે મીંડું છે. જ્યાં સુધી બિલ્ડર દ્વારા સોસાયટીની સોંપણી કરવામાં ન આવે ત્યાં સુધી તમામ જવાબદારી બિલ્ડરની હોવા છતાં બિલ્ડરોએ હાથ અધ્ધર કરી દેતાં આ સોસાયટીમાં મકાન ખરીદનારાઓમાં રોષ ફેલાયો છે.

આ સોસાયટીમાં મકાન ખરીદાનાર રહીશોએ બિલ્ડરે કરેલા વાયદા પૂરા કરવા લેખિત માંગણી કરતાં તેઓ ગિન્નાયા છે અને તેમના માણસો દ્વારા સોસાયટીમાં વીજળી, પાણી બંધ કરી દેવામાં આવ્યા છે. ૨૧ સદીમાં પણ જાણે ૧૮ મી સદીમાં જીવતા હોય તેવું વાતાવરણ સોસાયટીમાં નિર્માણ પામ્યું છે. હજી અડધો અડધ મકાનોના દસ્તાવેજો બાકી છે અથવા તો તેમના મકાનો વેચાતા ન હોવાથી બિલ્ડરો તેનો ઉભરો જેમણે મકાનો ખરીદ્યા છે તેમના ઉપર કાઢી રહ્યા છે. આ અંગે બિલ્ડરો દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો તેમની સામે કાયદેસરની લીગલ કાર્યવાહી કરવા સોસાયટીએ મન બનાવી દીધું છે. તેમ શ્યામવિહાર ઉપવન સોસાયટીના લોકોએ આક્રોશ સાથે જણાવ્યું છે.

# લાખણી તાલુકામાં જિ.પં.ની ચાર બેઠકો ઉપર ભાજપ કોંગ્રેસ તથા અપક્ષ ઉમેદવારો વચ્ચે જંગ



દિલીપ પુરોહિત

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકો બન્યા પછી નવા સીમાંકન મુજબ તાલુકામાં ચાર જિલ્લા પંચાયત સીટોની ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં લાખણી જિ.પં.સીટ પર દેવુબેન હેમરાજભાઈ કાગ ભાજપમાંથી અને હેમાબેન ભાણજીભાઈ પટેલ કોંગ્રેસમાંથી તથા બે અપક્ષ ઉમેદવારોમાં બંસીબેન વિનોદજી ચૌહાણ તથા સુર્યાબેન અમરાભાઈ રાઠોડ વચ્ચે ચૂંટણી યોજાશે. લવાણા સીટ પર બાબરાભાઈ નરસુંગભાઈ ચૌધરી પેપરાલવાળા ભાજપમાંથી તથા ભલાભાઈ દેવરાજભાઈ રાજપુત કોંગ્રેસમાંથી અને એક અપક્ષ ઉમેદવાર ઈશ્વરભાઈ હિરાભાઈ પ્રજાપતિ જ્યારે આગથળા જિ.પં. સીટ પર કુંવરબેન ખેમાજી રામસણા કોંગ્રેસમાંથી તથા શોભાબેન સવજીભાઈ વાઘેલા ભાજપમાંથી ચૂંટણી લડી રહ્યા છે અને નાંદલા જિ.પં.સીટ પર ગીતાબેન અમિતભાઈ પરમાર ભાજપમાંથી જામીબેન વાહજીભાઈ રજપા કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહ્યા છે.

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શ્રીમતિ નર્મદાબેન રામચંદભાઈ સોલંકી રહે.૧૮, સી.એલ.પાર્ક, ડીસા તા.ડીસાવાળાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની સ્થાવર મિલક્ત મોજે ગામ ડીસાના રે.સ.નં.૪૧ + ૪૨/૩/પીર, સીટ નં.૮, સીટી સર્વે નં.૪૮૦૭/એ પૈકી, પ્લોટ નં.૧૮ પેકીની ક્ષેત્રફળ ૧૨૧.૦૩૬૨૫ ચો.મી. તથા પ્લટ નં.૧૯ પૈકીની ક્ષેત્રફળ ૨૨.૫૨૬૨ ચો.મી. મળી કુલ્લે ૧૪૩.૫૭૭૨૪૫ ચો.મી. જમીન ઉપર આવેલ ૧૫૫.૦૦ ચો.મી. બાંધકામ વાળુ રહેણાંક મકાન આકારણી નંબર ૧૬૦૧ વાળુ આવેલ છે. સદરહું મિલ્કત તેઓની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવી તેઓએ ધી સર્વોદય કોમર્શીયલ કો.ઓ.બેંક લિ. મહેસાણાની ડીસા શાખામાંથી લોન/ ધિરાણ મેળવવા માટે અમારી પાસેથી સદરહું ઉપર બતાવેલ મિલ્કતના ટાઈટલ કલીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. આથી સર્વે ઈસમો કે જેને તે સામે વાંધો, તકરાર, હકક, હિસ્સો, અધિકાર, બોજો, ચાર્જ, લોન વિગેરે હોય તેમણે તેની દિન ૭ (સાત) માં નીચેના સરનામે લેખીતમાં જાણ કરવી અન્યથા તેવા હકક, અધિકાર, વાંધા, તકરાર જતા (વેવ) કરેલ છે અને કોઈ તકરાર લેવા માંગતા નથી તેમ માની તેમને ઉપર બતાવેલ મિલ્કતનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે જેની નોંધ લેશો.

સરનામું :
એ.વી.જોષી
એડવોકેટ એન્ડ નોટરી
તાલુકા પંચાયત સામે, ડીસા,
તા.ડીસા જિ.બનાસકાંઠા
મો.૯૪૨૯૧૨૩૧૨૪

મારી મારફત
(એ.વી.જોષી)
એડવોકેટ એન્ડ નોટરી,
ડીસા.

**ડીસા નગરપાલિકા**
**જાહેર નોટીસ**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૦૩ અન્વયે તેમજ કલમ ૨૭૫ ના ખંડ (ખ) ની જોગવાઈ અન્વયે**

આથી ડીસા નગરપાલિકા વિસ્તારના તમામ રહેવાસીઓને તેમજ લાગતા વળગતાઓને આથી જણાવવામાં આવે છે કે, નિયામકશ્રી, નગરપાલિકાઓ ગુજરાત રાજય, ગાંધીનગરએ ડીસા નગરપાલિકા માટેના નીચે મુજબના નિયમોના સુધારા વધારા તથા નવીન નિયમો ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૭૧ તેમજ પ્રોવીઝો (એ) હેઠળ તેમજ કલમ ૯૯ તથા કલમ ૧૦૨ હેઠળ નીચે જણાવેલ હુકમથી મંજુર કરેલ છે.

આ મંજુર થયેલ નિયમો તા.૧/૪/૨૦૧૮ ના રોજ થી ડીસા નગરપાલિકા હદ વિસ્તારમાં અમલમાં લેવા માટે ડીસા નગરપાલિકાએ તેની સામાન્ય સભામાં ઠરાવ નંબર : ૩૬૬ તા.૨૯/૧/૨૦૧૮ થી ઠરાવ્યું છે. જે આ સાથેના નીચે મુજબના નિયમો ડીસા નગરપાલિકા હદ વિસ્તારમાં તા.૧/૪/૨૦૧૮ થી અમલમાં આવે છે. જેની આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

(૧) નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજય ગાંધીનગરના હુકમ ક્રમાંક : નપાનિ/ ટેક્ષ શાખા / ડીસા / સ્વચ્છતા નિયમો / વશી ૧૦૪/ ૨૦૧૭/ ૬૯૩૧/ તા.૧૮/૫/૨૦૧૭ થી ડીસા નગરપાલિકાના સ્વચ્છતાના નિયમો - ૨૦૧૬

(૨) નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજય ગાંધીનગરના હુકમ ક્રમાક : નપાનિ / ટેક્ષ શાખા / ડીસા/ પા.વેરા નિયમો/ વશી ૧૦૪/૨૦૧૭/ ૬૯૩૨/ તા.૧૮/૫/૨૦૧૭ થી ડીસા નગરપાલિકાના પાણી વેરા અને ફીના નિયમો - ૨૦૧૬

(૩) નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજય ગાંધીનગરનો હુકમ ક્રમાંક : નપાનિ/ ટેક્ષ શાખા/ ડીસા / દીવાબત્તી નિયમો/ વશી ૧૦૪/ ૨૦૧૭/ ૬૯૩૩/ તા.૧૮/૫/૨૦૧૭ થી ડીસા નગરપાલિકાના વીજળી દીવાબત્તી કરના નિયમોમાં સુધારા વધારા નિયમો

(૪) નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજય ગાંધીનગરના હુકમ ક્રમાંક: નપાનિ / ટેક્ષ શાખા/ ડીસા/ વશી ૧૦૪ / ૨૦૧૭/ ૬૯૩૪/ તા.૧૮/૫/૨૦૧૭ થી ડીસા નગરપાલિકાની જગ્યાઓના હંગામી ઉપયોગના નિયમો

(૫) નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજય ગાંધીનગરના હુકમ ક્રમાંક : નપાનિ / ટેક્ષ શાખા/ ડીસા / નિયમ - ૩૮ નીચે સુધારો વશી / ૧૦૪ /૨૦૧૭ /૬૯૩૫/ તા.૧૮/૫/૨૦૧૭ થી ડીસા નગરપાલિકાની બેઠકોની કાર્યવાહી નોંધ (ઠરાવબુક) ડીજીટલ ફોર્મમાં કોમ્પ્યુટરાઈઝ રીતે તૈયાર કરવા અંગેના નિયમ - ૩૮ માં સુધારો

ઉપરોક્ત મંજુર થઈ આવેલ અને તા.૧/૪/૨૦૧૮ ના રોજથી ડીસા નગરપાલિકા હદમાં અમલમાં આવતા સુધારા વધારા તથા નવીન નિયમો ડીસા નગરપાલિકા કચેરીમાં વહીવટી શાખામાં કચેરીના કામકાજના સમય દરમ્યાન જોવા મળી શકશે જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

નં.નપા/ ડીસા/વહટ/ નિયમો/ ૨૦૧૭-૧૮
નગરપાલિકા કચેરી
ડીસા તા.૧૨/૨/૨૦૧૮

સહી
(જીગર જે.પટેલ)
મુખ્ય અધિકારી
ડીસા નગરપાલિકા

# તંત્રી સ્થાનેથી ...

**સત્વગુણને વધારો તો નિંદ્રા ઓછી આવશે.**

## અયોધ્યા વિવાદનો ઉકેલ લાવવાના પ્રયત્નો જરૂરી

૧૯૯૨-૬ ડિસેમ્બરના રોજ બાબરી મસ્જીદનો ધ્વંસ થયો હતો અને તે દિવસે સુરક્ષા દળો અને કેટલીક સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો વચ્ચે બોલાચાલી બાદ ભારે ઝપાઝપી થઈ હતી. સરકારે તો પોલીસ કાફલો, લશ્કરી કાફલો ઉતારી દીધો હતો. હજી આ મુદ્દાનો અંત ક્યારે આવશે તે એક સવાલ હજી અધ્ધરતાલ બની રહ્યો છે. આવા તો ઘણા કેસો અદાલતમાં પડ્યા હશે પરંતુ સરકારને આ બાબતની કોઈ ચિંતા જણાતી નથી. ત્યારે ૨૦૧૦ માં અલ્હાબાદ હાઈકોર્ટે જણાવ્યું હતું કે બાબરી મસ્જીદ કે જે ૨.૭ એક્ટ જમીન પર બનાવવામાં આવી હતી. એ પૈકીના બે તૃતિયાંસ જમીન મંદિર માટે ફાળવવી જોઈએ.

આ બનાવમાં અખીલ ભારતીય હિન્દુ મહાસભા અને સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડ મુખ્ય પક્ષકારો છે અને અરજકર્તા પણ હતા.

૨૦૧૭ ના માર્ચ મહિનામાં સુપ્રિમ કોર્ટે બંને પક્ષકારોને જણાવેલ આ મામલો ધાર્મિક અને સંવેદનશીલ હોવાથી બંને પક્ષોએ એક થઈ આઉટ ઓફ કોર્ટ સમાધાન કરે એ ઈચ્છનીય છે. જેથી સુબ્રમણ્યમ સ્વામિ સહિત ભાજપના કેટલાક નેતાઓએ આ કેસમાં સમાધાન કરવાના ઘણાબધા પ્રયત્નો કર્યા હતા. પરંતુ તે સફળ થઈ શક્યો ન હતો. આ કેસ બાબતે કોઈ પણ રાજકીય પક્ષો જરૂરી મંતવ્યો રજુ કરી શક્યા નથી. કોઈ પક્ષે ખાસ રસ દાખવ્યો નથી તેવું પણ કહેવાય છે.

લગભગ સાડા- છ દાયકાથી રામમંદિર- બાબરી મસ્જીદનો વિવાદ હવે કોર્ટમાં ફાઈનલ હિયરિંગ પર ગયો છે. સુપ્રિમ કોર્ટના ચિફ જસ્ટીસ દીપક મિશ્રા ઉપરાંત જસ્ટીસ અશોક ભૂષણ, અને જસ્ટિસ એસ. અબ્દુલ્લ નાઝીરની બેન્ચે આગામી ૧૪ માર્ચે આ મુદ્દાનું ફાયનલ હિયરીંગ શરૂ કરશે. તેવું કહેવાય છે. સંઘ પરિવાર અને વિ.હિ.પ. દ્વારા રામમંદિર નિર્માણની વાત શરૂઆતમાં ધીમી ગતિએ હાથ ધરી હતી. બાદમાં ભાજપે ૧૯૯૦ ના દાયકામાં તારણ કાઢી લીધું હતું કે જ્ઞાતિવાદના રાજકારણને હરાવીને જો દેશમાં સત્તા પ્રાપ્ત કરવી હોય તો હિન્દુ સમાજને સંગઠિત કરવા માટે રામમંદિર એક માત્ર રામબાણ ઈલાજ છે. જો કે આ બાબત તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ જાણે છે તેમ છતાં વારંવાર એકની એક ચર્ચા કરવાથી કોઈ ફાયદો થઈ શકશે ખરો?

અયોધ્યા વિવાદની સાચી સ્થિતિ શું છે તે બાબતની જાણકારી મેળવવી મુશ્કેલ છે. અયોધ્યા અંગે પ્રત્યેક સંસ્થાઓના સિધ્ધાંતો અલગ અલગ રહ્યા છે, કોઈ એક મંચ પર આવવાનો વિચાર કેમ નહિં કરતું હોય? આ એક ધાર્મિક અને રાષ્ટ્રિય મુદ્દો છે. જેથી લાંબી લાંબી ચર્ચાઓ કરવાનો કોઈ અર્થ નથી.

જો ૨૦૧૯ ના મે મહિનામાં લોકસભાની ચૂંટણીઓ આવે એ પહેલાં જ અયોધ્યા કેસનું જજમેન્ટ આવી જાય તો ભાજપ તેનો રાજકીય લાભ ઉઠાવી શકશે. તેનો કોઈપણ સંજોગોમાં ઈન્કાર કરી શકાય તેમ નથી. આ બાબત વિપક્ષોએ ધ્યાનમાં રાખવી પડશે. જો અયોધ્યા વિવાદનો ચૂકાદો રામમંદિરની તરફેણમાં ન આવે તો? મોદી સરકાર સંસદમાં કાયદો ઘડી એ ચૂકાદાને રદ્દબાતલ કરવાનું વિચારશે? જો કે વિવાદિત જમીનની ચર્ચા થશે કે કેમ તે પણ એક સવાલ ગંભીર માની શકાય.

## સાંઈ કહે છે,'ડ્રગ્સથી બચો'



આજના ઝડપી વિશ્વમાં લોકો પોતપોતાના દૈનિક કામોમાં અને જવા-આવવાના પરિવહનમાં વ્યસ્ત હોય છે. યુવાનોને આરામ કરવાનો સમય જ મળતો નથી, તેથી તેઓ પોતાના તણાવમાંથી છુટકારો મેળવવા માટે દારૂ અને ડ્રગ્સ તરફ વળે છે. ડ્રગ્સના વ્યસનનું સામાજિક જોખમ વધી રહ્યું છે અને આ જોખમને અંકુશમાં રાખવું એ સમયની માંગ છે. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર 'મેરે સાંઈ' ધારાવાહિકમાં સાંઈની ભૂમિકા કરનાર અબીર સૂફી અભિનેતા બન્યો તે પહેલાવકીલાત કરતો હતો. ડ્રગ્સની લતના કેસો જોઈને તે ઘણો જ દુઃખી થતો. સંયોગથી અત્યારે ધારાવાહિકમાં ચાલતી વાર્તામાં શિરડી ગામમાં ડ્રગ્સનું જોખમ કેવી રીતે ફેલાઈ રહ્યું હતું, તે દર્શવાયું છે. સાંઈ બાબાએ ગામના લોકોને ડ્રગ્સના સકંજામાંથી મુક્ત કર્યા હતા.

અબીરને પૂછતાં, તેણે જણાવ્યું, "અભિનેતા બન્યો, તે પહેલા હું ક્રિમિનલ વકીલ હતો અને થોડા સમય માટે મેં વકીલાત કરી હતી. એ દરમ્યાન મને એવા કેટલાક લોકો મળ્યાં, જેઓ પોતાની ડ્રગ્સની જરૂરિયાતને સંતોષવા માટે અપરાધના માર્ગે ચડ્યા હતાં. ડ્રગ્સ ખરીદવા માટે લોકો ચોરી કરે તે સહેવું બહુ જ દુઃખદાયક હતું. તમામ દર્શકોને વિનંતી કે ડ્રગ્સથી તેઓ દૂર રહે કારણ કે ડ્રગ્સ માત્ર નુકસાન જપહોચાડે છે. કોઈ રચનાત્મક પ્રવૃત્તિ કરો. પરિવાર અને મિત્રોની સાથે રહો. દારૂ અને ડ્રગ્સથી જીવનના કોઈ પણ પ્રશ્નો ઉકેલાતા નથી. દરેક વ્યક્તિએ દ્રઢતા સાથે જીવનમાં આનંદ શોધવો જોઈએ. આ ધારવાહીકમાં અમે શિરડીમાં ડ્રગ્સના વ્યસનનું જોખમ કેવી રીતે ફેલાયેલુ હતું અને સાંઈ બાબાએ આ વ્યસનથી દૂર રહેવાનો ઉપદેશ આપી ગામના લોકોની રક્ષા કેવી રીતે કરી તે દર્શાવવાના છીએ. " જોતાં રહો,'મેરે સાંઈ' દરેક સોમવાર થી શુક્રવાર રાત્રે ૭:૩૦ વાગ્યે માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર!

## જય ભાનુશાલી, સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનનો શો સુપર ડાન્સર ૨ નો એન્કર



હું અને મારી પત્ની માહી વિજમાં તે વધુ રોમેન્ટિક છે.એક વાર મેં તેના માટે ખાસ એક ગીતનું વિડિયો રેર્કોડિંગ કર્યું હતું અને મને મૂંઝવવા માટે તેણીએ એ વિડિયો ૧૦૦ લોકોની સામે ચાલુ કર્યો. મને યાદ છે, એક વાર મેં માહી માટે લગભગ ૨૦૦ ગેસ બલૂન લાવી તેના ઉપર ૨૦૦ સંદેશાઓ હાથે લખ્યા હતા, જે આજ દિન સુધી મેં કરેલ સૌથી વધુ રોમેન્ટિક વાત હતી, તેમ હું કહી શકું છું.

ગીતા કપૂર, સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનનો શો સુપર ડાન્સર ૨ ના માન્યવર જજ - મારું એક સ્વપ્ન છે કે એક સુંદર રાજકુમાર આવીને મારું ચુંબન લઈને મને નીંદર માંથી ઉઠાડે. મારી મમ્મી એ મારી એકમાત્ર વેલેન્ટાઈન છે, જે દર વર્ષે ભૂલ્યા વગર મારા માટે સરસ મજાની ભેટ વસ્તુઓ લાવે છે, જેવી કે,દિલના ચિત્ર વાળો કોફી મગ,દિલ ના આકારનું ઓશીકું.જો કોઈ વાર મારો કોઈ વેલેન્ટાઈન બનશે, તો હું તેના માટે એ બધુ જ કરીશ જે મારી મમ્મી મારા માટે કરતી રહી છે અને હું તેને સરસ ભેટવસ્તુઓ અને ઘરે બનાવેલ વાનગીઓ આપીશ. મને આશા છે કે,હવે મારો જે રોમેન્ટિક સંબંધ બનશે તે લગ્નમાં પરિણમશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## માર્ગ ઈઆરપીએ સૂરતના સીતા એક્સપોમાં નોંધાવી સશક્ત ઉપસ્થિતિ

સાઉથ ગુજરાત ટેકનોલોજીઝ એસોસિએશને ૯ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૮ વચ્ચે વિનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવા ગેટ, સુરતમાં પોતાના ૨૧મા વાર્ષિક એક્સપોનું આયોજન કર્યુ. સીતા એક્સપો દક્ષિણી ગુજરાતનો ટોચનો ઈન્ફો-ટેક કાર્યક્રમ છે જે સૂચના પ્રોદ્યોગિકીના આધુનિક વલણ પર પ્રકાશ ફેંકે છે. માર્ગ ઈઆરપીએ હંમેશા આધુનિક ટેકનિકને સ્વીકારવા પર ધ્યાન આપ્યું છે. માર્ગ ઈઆરપી ભારતની અગ્રણી બિઝનેસ સમાધાન ફર્મ છે જે એસએમઈ, રીટેલરો, વિતરકો અને અન્ય કારોબાર સંગઠનોમાં ડિજીટલ ટેકનિકને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી છે. માર્ગે પોતાના માસ્ટર પાર્ટનર સીએ યોગેશ પંસૂરિયાના ટોટલ બિઝનેસ સોલ્યૂશન્સ સાથે પ્રદર્શક રૂપે કાર્યક્રમમાં ભાગ લીધો. કાર્યક્રમ દરમ્યાન જાણીતી બેન્કિંગ ફાઈનાન્સ, સોહો, નિર્માણ, ટેક્સટાઈ અને ડાયમંડ કંપનીઓને માર્ગના પ્રતિનિધિઓથી વાતચીત કરવા તથા આધુનિક અને સર્વશ્રેષ્ઠ ઈઆરપી સમાધાનો વિશે જાણવાની તક મળી. સ્ટોલ પર લાઈવ પ્રદર્શન અને પ્રશિક્ષણ સત્ર પણ આયોજિત કરવામાં આવ્યા જેમાં માર્ગ ઈઆરપીએ કંપનીઓ, વિતરકો અને ડીલરોને નવા સોફ્ટવેર તથા આધુનિક ટેકનિકલ જાણકારી પૂરી પાડી.

## અમદાવાદમાં એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ ખાતે ત્રણ દિવસીય ટેકનીકલ ફેસ્ટીવલ 'લક્ષ્ય-૨૦૧૮'નું આયોજન



અમદાવાદ

એલડી કોલેજ ઓફ એન્જિનિયરીંગ અને એલડી કોલેજ ઓફ એન્જિનિયરીંગ, અમદાવાદના વિદ્યાર્થીઓના ગ્રૂપ રોબોકોન એલડીસીઈ દ્વારા ત્રણ દિવસીય ટેકનીકલ ફેસ્ટિવલ લક્ષ્ય ૨૦૧૮ અંગે ઘોષણા કરી હતી, જેમાં હાયર એજ્યુકેશનના વિદ્યાર્થીઓ માટેના વર્કશોપ ટેકનીકલ-નોન ટેકનીકલ કોમ્પિટિશન્સ, વર્કશોપ્સ, એક્સપર્ટ અને ફન ઈવેન્ટસનું આયોજન કરવામાં આવશે. ઈવેન્ટ 'ખ્વાબ - ટુવડ્ર્સ અ ન્યૂ એરા'ની ખાસ વાત એ છે કે તેમાં વિવિધ ક્ષેત્રના અગ્રણી લોકો એક મંચ પર ઉપસ્થિત રહેશે અને આવનારી ટેકનોલોજીસ અને તેમના ફિલ્ડમાં આગળના વિકાસ અંગે ચર્ચા કરશે જેથી ઓડિયન્સ માટે એક વૈવિધ્યપૂર્ણ માહોલ સર્જાશે.એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ એ ૧૯૪૮થી દેશભરમાંની એન્જિનિયરીંગ કોલેજોમાંની એક પુરોગામી કોલેજ છે. અમારા અનેક પૂર્વ વિદ્યાર્થીઓ વિશ્વભરમાં પ્રતિષ્ઠિત કંપનીઓમાં ઉચ્ચ હોદ્દાઓ પર છે. લક્ષ્ય ૨૦૧૮ એક એવી તક છે જે વિદ્યાર્થીઓ દ્વારા સર્જાયેલી છે અને તેમાં તેઓ તેમનું ટેકનીકલ નોલેજ વધારી શકે છે અને દેશભરમાં તેનો વ્યાપ વધારી શકે છે. કેટલાક વર્કશોપ્સ, ટેકનીકલ-નોન ટેકનીકલ ઈવેન્ટ્સ, લિટરરી અને ફન ઈવેન્ટ્સનું આયોજન એલડી કોલેજ ઓફ એન્જિનિયરીંગના લક્ષ્ય ફેસ્ટમાં યોજાશે કે જેનાથી માત્ર એન્જિનિયર્સ જ નહીં પણ વિવિધ બેકગ્રાઉન્ડ અને વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ પણ આ એક્ટિવિટીઝમાં સામેલ થઈ શકશે. આ વર્ષનું થીમ 'ખ્વાબ-ટુવડ્ર્સ અ ન્યૂ એરા' છે અને એવો જ માહોલ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ કોલેજ પ્રિમાઈસીસમાં જોવા મળશે જેમાં ડો. એન.આર. શેઠ, શ્રી ક્રિશ્ન શર્મા, શ્રીમતી રેશમા શાહ અને શ્રી પાર્થ શાહ ઉપસ્થિત રહેશે.લક્ષ્ય એક એવું કૌશલ્ય છે કે જે એલડીસીઈના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે છે. લક્ષ્ય ૨૦૧૮ રાજ્યની તમામ કોલેજોનાં વિદ્યાર્થીઓને વિવિધ ટેકનીકલ ઈવેન્ટ્સ, વર્કશોપ્સ વગેરેમાં સામેલ થવા માટે પ્લેટફોર્મ આપે છે. જેનાથી તેમના ટેકનીકલ નોલેજમાં, વધુ શીખવાની દ્દષ્ટિમાં વધારો થઈ શકે છે. લક્ષ્ય ૨૦૧૮માં કેટલીક નોન ટેકનીકલ, ફન અને લિટરરી ઈવેન્ટ્સ પણ છે જેના કારણે તમામ કોલેજોને સામેલ થવાની તક આપશે અને વિદ્યાર્થીઓને તેમની સ્કીલ્સ વિકસાવવા માટે તક આપશે તેમજ તેઓ સ્પોર્ટસ, સાહિત્ય અને પર્ફોર્મિંગ આર્ટ્સ જેવી કો-કરિક્યુલર એક્ટિવિટીઝમાં તેમનું કૌશલ્ય દર્શાવી શકશે.

## સંપૂર્ણ અનોખી-ન્યૂ BMW M3 સેદાન અને ન્યૂ BMW M4 કુપ ભારતમાં લોન્ચ



ન્યૂ BMW M3 સેદાન અને ન્યૂ BMW M4 કુપ આજથી આરંભ કરતાં કમ્પ્લીટ્લી બિલ્ટ-અપ યુનિટ્સ (CBU) તરીકે મ્ઉ ડીલરશિપ્સ ખાતે ઉપલબ્ધ કરાઈ છે.વધારાની સ્પોર્ટિનેસ અને એન્હાન્સ્ડ ડાયનેમિક્સ માટે બંને હાઈ- પરફોર્મન્સ કાર્સ સ્ટાન્ડર્ડ તરીકે કમ્પીટિશન પેકેજમાં મળશે. "M દુનિયામાં સૌથી શક્તિશાળી લેટર છે. પેઢી દર પેઢી BMW M GmbH બાંધછોડ વિનાની રોજબરોજની ઉપયોગીતા સાથે વ્યાપક મોટર રેસિંગના જીન્સને જોડે છે. ની સ અંદર ડ્રાઈવર એડ્રેનલાઈન- સ્ટીપ્ડ એક્સપીરિયન્સ માટે વાહન સાથે અનુકૂળ બની જાય છે. નવી મ્ઉ સ૩ સેદાન અને નવીBMW M4 કુપ BMW M વિશે અજોડ બધું જ આલેખિત કરે છે. તે રોજબરોજની વ્યવહારુતા સાથે હાઈ- પરફોર્મન્સ સ્પોર્ટસ કાર એન્જિનિયરિંગનું અનુકૂળ સંયોજન પ્રદર્શિત કરે છે.

## એચપીએલ એડિટિવ્ઝ લિમિટેડ દ્વારા ભારતમાં અત્યંત આધુનિક ઓક્સો-બાયોડીગ્રેડેબલ એડિટિવ્ઝની રજૂઆત



અમદાવાદ

૫૪ વર્ષ જૂની ફરિદાબાદની કંપની એચપીએલ એડિટિવ્ઝ લિમિટેડ એ ભારતની પોલિમર એડિટિવ્ઝ અને સ્પેશ્યાલિટી કેમિકલ ઉદ્યોગમાં મહત્તમ બજાર હિસ્સો ધરાવતી કંપની છે. એચપીએની સ્થાપના મેક ઈન ઈન્ડીયાની ભાવનાથી કરવામાં આવી હતી દુનિયાની હાલની માંગને પહોંચી વળવા માટે એચપીએલ હવે તેની હાલની તમામ પ્રોડકટ લાઈન્સનું વિસ્તરણ કરીને તથા નવી પ્રોડકટસનો ઉમેરો કરીને આગામી ત્રણ વર્ષમાં તેનુ ટર્નઓવર બમણુ કરવાનો પ્રયાસ કરી રહી છે. વધુમાં એચપીએલ તેના વર્તમાન પ્રોડકટ પોર્ટફોલિયો અનુસાર નેશનલ અને ઈન્ટરનેશનલ સ્તરે એકમો હસ્તગત કરવા આક્રમક શોધ ચલાવી રહી છે." પર્યાવરણ મેનેજમેન્ટના ક્ષેત્રમાં અને ખાસ કરીને સંખ્યાબંધ રાજ્યોમાં કચરાના બહેતર નિકાલ માટેની આકરી માર્ગરેખાઓ અમલમાં આવી રહી છે. સમસ્યા પ્લાસ્ટિકની નથી, પરંતુ તે એકત્રિત કરવા માટેની તથા તેનો નિકાલ માટેની નબળી માળખાગત સુવિધાઓનો તથા નિકાલ અંગેની લોકોની ઉદાસીનતાનો છે જે પર્યાવરણ દૂષિત કરે છે.HIGREN આમાનો ઘણો બધો બગાડ અટકાવી શકે તેમ છે કારણ કે તેનાથી પ્લાસ્ટિકનો કચરો ખૂબ જ ટૂંક સમયમાં જ કમ્પોસ્ટમાં ફેરવાઈ જશે અને એ રીતે પર્યાવરણને સ્વચ્છ રાખશે."

## પૃથ્વી વલ્લભમાં આશિષ શર્મા ભારતીય WWE કુસ્તીબાજ સામે લડશે



લોકપ્રિય અને હેન્ડસમ હંક આશીષ શર્મા જે પ્રભાવી મુખ્ય પાત્ર ભજવે છે અને પૃથ્વી વલ્લભ તરીકે શોમાં આગામી શ્રેણી માટે કેટલીક વધારાની સખત મહેનત કરે છે. નવાપડકાર લેવાની ઈચ્છા ધરાવતા અભિનેતા ભારતીય કુસ્તીબાજ સૌરવ ગુર્જર સામે લડશે, જે વર્લ્ડ રેસલીંગ એન્ટરટેઈનમેન્ટમાં જલ્દી પોતાની પ્રથમ શરૂઆત કરશે.સૌરવ રાજા ગોહિલની ભૂમિકા ભજવશે, જે ૬ ફુટ ૭ ઈંચના વિશાળ છે, જે ફ્રીવેને અતિક્રમણ કરે છે, જે પૃથ્વી વલ્લભ દ્વારા શાસિત રાજવંશ તરફ દોરી જાય છે. સૌરવ, જેણે અગાઉ સંકટ મોચન મહાબલી હનુમાનમાં રાવણની ભૂમિકા ભજવી હતી તે આ ઐતિહાસિક નાટકમાં જોવા મળશે.આશિષ, જે તમામ લડવાંના સિક્વન્સ માટે તૈયાર છે આ લડતનાસિકવન્સ માટે પૃથ્વી વલ્લભ દર શનિવાર અને રવિવાર, રાત્રે ૯:૩૦ વાગ્યે માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન જુઓ!

## બોલીવૂડની સ્ટાર અને ફિટનેસ આઈકોન શિલ્પા શેટ્ટી દ્વારા વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત પ્રોબાયટિક ડ્રિંક યાકુલ્ટ લાઈટ રજૂ કરાયું

પ્રોબાયોટિક શ્રેણીમાં પોતાની આગવી ઓળખ કંડાર્યા પછી યાકુલ્ટ હોન્શા અને ડેનોન વચ્ચેનું ૫૦:૫૦ સંયુક્ત સાહસ યાકુલ્ટ ડેનોન ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા નવો પ્રકાર યાકુલ્ટ લાઈટ ઉમેરીને ભારતમાં તેનો પ્રોડક્ટ પોર્ટફોલિયોનું વધુ વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ નવો પ્રકાર મુંબઈમાં આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં યાકુલ્ટ લાઈટની પ્રચારક ફિટનેસ આઈકોન અને બોલીવૂડની સેલિબ્રિટી શિલ્પા શેટ્ટી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. યાકુલ્ટ લાઈટ સિગ્નેચર યાકુલ્ટ પ્રોડક્ટની ભગિની પ્રોડક્ટ છે અને તેમાં તે જ અજોડ પ્રોબાયોટિક લેક્ટોબેસિલસ કેસી સ્ટ્રેઈન શિરોટા (એલસીએસ ), તે જ પ્રમાણ (૬.૫ અબજ)માં છે. એલસીએસ ૮૦ વર્ષથી વધુ સમયના સંશોધન થકી વૈજ્ઞાનિક રીતે સિદ્ધ છે, જેનું નિયમિત સેવન કરવાથી પાચન સુધારવામાં મદદરૂપ થવા સાથે રોગ પ્રતિરક્ષા શક્તિ પણ વધારે છે. ઓછા શુગર અને વિટામિન ડી તથા ઈ સાથે સમૃદ્ધ યાકુલ્ટ લાઈટ આરોગ્ય સતર્ક લોકોની રોજની જરૂરતોને પહોંચી વળે છે અને બધા વય જૂથો માટે અનુકૂળ છે. તેમાં શુગર અને કેલરી ઓછાં છે. તેમાં નૈસર્ગિક મૂળનું સ્વીટનર સ્ટેવાયોલ ગ્લાયકોસાઈડનો ઉપયોગ કરાયો છે. યાકુલ્ટ લાઈટની સૂચિત કિંમત ૫ બોટલના પેકના રૂ. ૮૦ છે.યાકુલ્ટ લાઈટ ઓછા શુગર સાથે મૂળ યાકુલ્ટની જેમ તેટલી જ સંખ્યામાં પ્રોબાયોટિક એલસીએસ ધરાવે છે અને તેથી પાચન અને રોગ પ્રતિરક્ષા સુધારવામાં તે જ લાભો આપે છે. યાકુલ્ટ લાઈટમાં વિટામિન ડી એ વધારાનો લાભ કેલ્શિયમ શોષવામાં મદદ કરે છે, જેને લીધે હાડકાંનું આરોગ્ય સુધરે અને જળવાય છે, વિટામિન ઈ એન્ટીઓક્સિડન્ટ ધરાવે છે, જે શરીરને ફ્રી રેડિકલ્સની હાનિકારક અસરોથી બચાવે છે અને તેથી એજીઈંગની પ્રક્રિયા ધીમી કરે છે. યાકુલ્ટ લાઈટ તેથી જ બધાં વય જૂથોમાં આરોગ્યના લાભોની વ્યાપક શ્રેણી પૂરી પાડવાનું લક્ષ્ય ધરાવે છે.

## ઉષા બચાની ઝી ટીવીના કુંડલી ભાગ્યથી ફરીથી નાના પરદા પર પાછી ફરી રહી છે



ઝી ટીવીના પ્રસિદ્ધ કાલ્પનિક શો કુંડલી ભાગ્ય, તેની સજ્જડ કથા અને પ્રસિદ્ધ પાત્રોને લીધે દર સપ્તાહે રેટીંગ ચાર્ટ પર આગળ વધી રહ્યું છે. ત્યારે શોના મેકર્સે તાજેતરમાં જ પ્રસિદ્ધ અભિનેત્રી ઉષા બચાનીને નકારાત્મક પાત્ર કરીના બુઆનું પાત્ર નિભાવવા માટે સંપર્ક કર્યો છે. ઉષાના પ્રવેશથી શોના પ્લોટમાં વધુ કંઈક રોમાંચક ઉમેરો થશે, કારણકે નકારાત્મક પાત્રો અરોરા બહેનો પ્રિતા(શ્રદ્ધા આર્યા) અને સૃષ્ટિ( અંજુમ ફકિહ) માટે વધુ મુશ્કેલી ઉભી કરવા હાથ મિલાવશે.અભિનેત્રી ઉષા બચાની, જેમને એક નાનકડા બ્રેક બાદ કુંડલી ભાગ્યથી ફરી પ્રવેશ કરી રહ્યા છે, તેઓએ આ પહેલા પિમૌરી મહેતા ઘોષનું સ્થાન લેશે, જે પહેલા આ પાત્ર ભજવી રહી હતી.

જૂઓ કરીના બુઆ પ્રિતાના જીવનમાં કેવી પાયમાલી સર્જે છે, તે જૂઓ કુંડલી ભાગ્યમાં ઝી ટીવી પર સાંજે ૯.૩૦ વાગ્યે!

## ઝી ક્લાસિક પ્રસારિત કરે છે બર્ફી! 'ભારતની સર્વશ્રેષ્ઠ ફિલ્મ' હેઠળ, ૧૬મી ફેબ્રુઆરી, રાત્રે ૧૦ વાગ્યે




એક પ્રેમકથા જે, તમારા હૃદયને પિગળાવી દેશે, એવી કોમેડીની સાથે હસાવીને લોટપોટ કરાવી દેશે તમને આ ૨૦૧૨ની રિલિઝ બર્ફી, એક ખરેખર ક્લાસિક. ઝી ક્લાસિક, તેની સંજ્ઞા "વો ઝમાના કરે દિવાના" હેઠળ બર્ફી!૮૫માં એકેડેમી એવોર્ડમાં બેસ્ટ ફોરેન લાગ્વેજ ફિલ્મની શ્રેણીમાં ભારતની એક ખાસ એન્ટ્રી હતી બર્ફી! જે, એક દિલ પિગળાવતી મૂંગા- બહેરા છતાં પણ ઉત્સાહી યુવાન છોકરો જેનું નામ મર્ફી 'બર્ફી' (રણબિર કપૂર)ની છે, જે એક ઓટિસ્ટિક છોકરી 'જિલમિલ' (પ્રિયંકા ચોપ્રા)નું ધ્યાન રાખે છે. આ જોડી તેમનું રોજિંદી જીવન જીવે છે અને એકબીજાના સાનિધ્યનું આશ્વાસન મેળવે છે, તેમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે, પ્રેમ માટે કોઈ ભાષાની જરૂર નથી.૧૯૭૦ના દાયકા પર આધારિત, મર્ફી 'બર્ફી' એ એક મૂંગા અને બહેરા, છતા પણ આશાવાદી યુવા છોકરો જે લોકોની સાથે કેટલાક પ્રેન્ક રમે છે અને તેના પિતાની સાથે જીવે છે. તે શ્રુતિ (ઈલિયાના ડિ'ક્રુઝ)- એક છોકરી જે દાર્જિલિંગમાં નવી આવી હોય છે, અને જલ્દી જેના લગ્ન થવાના છે, તેની સાથે તેને પ્રેમ થઈ જાય છે. બર્ફી તેને મેળવવા માટે બધા જ પ્રયત્ન કરે છે અને તેથી જ ધીમે-ધીમે શ્રુતિ પણ તેના પ્રેમમાં પડે છે, પરંતુ ત્યારબાદ તે તેની માતાની સલાહ લે છે અને તેને જીવનમાં આગળ વધવાનું નક્કી કર્યું અને તે તેના વાગ્દત્તની સાથે લગ્ન કરે છે.આ દરમિયાન, બર્ફીના પિતા બિમાર પડે છે અને તેની સારવાર માટે બર્ફીને પૈસાની જરૂરિયાત હોય છે. પરિસ્થિતિ અનુસાર, બર્ફી જિલમિલ- એક ઓટિસ્ટિક છોકરી, જે તેના દાદાજીની સાથે રહે છે અને તેના નામની પાછળ નસીબને છોડી દીધું છે- તેનું અપહરણ કરવાનું વિચારે છે. કમનસીબે, તેના પિતા ઓપરેશન બાદ તેના પિતાનું મૃત્યુ થાય છે અને બર્ફી સલામત રીતે, જિલમિલની કાળજી લઈને તેના ઘરે મૂકી આવે છે. જિલમિલને બર્ફીને છોડવાનો વિચાર નથી પસંદ આવતો, તેથી તે તેની પાછળ જાય છે. ત્યારથી, એક નિર્દોષ પ્રેમકથાની શરૂઆત થાય છે, જ્યાં બે વ્યક્તિત્વ તેની ખામીઓ છતાં પણ એકબીજાની સાથે ઉભા રહે છે, જ્યાં સુધી જિલમિલનું ફરીથી અપહરણ નથી થતું. જિલમિલના અપહરણની પાછળ કોનો હાથ છે? શું તે બંને ફરીથી મળી શકશે? બર્ફી!નું શું તથા જિલમિલની પ્રેમકથાનું શું થાય છે,

## પોલરોઈડ આઈવેર દ્વારા અનુષ્કા શર્મા સાથે તેનું સ્પ્રિંગ/ સમર ૨૦૧૮ કલેક્શન રજૂ કર્યું



અસલ પોલરાઈઝ્ડ લેન્સીસની શોધક અને ૮૦ વર્ષથી દુનિયાભરના લાખ્ખો લોકો માટે પોપ કલ્ચરનું પ્રતીક બની રહેલી બ્રાન્ડ પોલરોઈડ આઈવેર દ્વારા બ્રાન્ડ એમ્બેસેડર અનુષ્કા શર્મા સાથે નવું સ્પ્રિંગ/ સમર ૨૦૧૮ આઈવેર કલેક્શન રજૂ કરવામાં આવ્યું છે. બ્રાન્ડને સ્ટાઈલની અત્યાધુનિકતા પર ફરી એક વાર મૂકતાં નવું કલેક્શન રંગો અને આકારોનો વિસ્ફોટ છે.પોપ પ્રેરણા સાથે સમકાલીન સ્ટાઈલિંગ અને રમતિયાળ ખૂબીઓનું અનુકૂળ સંમિશ્રણ નવું કલેક્શનનું વિવરણ કરવા માટે અનુકૂળ શબ્દો છે. બ્રાન્ડના કલેક્શન્સની ખૂબી અલગ અલગ મટીરિયલ્સનં સંમિશ્રણથી પ્રેરિત છે અને સ્પોર્ટી, ઈઝી- ટુ- વેર લાઈનની મિનિમલિસ્ટ સ્ટાઈલ્સ માટે ફ્લોરસન્ટ કલર્સનો ઉપયોગ નવા ફેશન પ્રવાહોને ઉત્તમ રીતે પ્રદર્શિત કરે છે.બ્રાન્ડના મુખ્ય તત્ત્વો સાથે સુમેળ સાધતાં બ્રાન્ડ એમ્બેસેડર અનુષ્કા શર્મા કહે છે, મને પોલરોઈડનું સ્પિરિંગ / સમર ૨૦૧૮ કલેક્શન રજૂ કરવાની ખુશી છે. નવું પોપ પ્રેરિત કલેક્શન સમકાલીન સ્ટાઈલ સાથે સ્ટાઈલિશ, કૂલ અને કમ્ફર્ટેબલ છે. આ પોલરોઈડ સાથે જોડાણનું મારું બીજું વર્ષ છે અને ૮૦ વર્ષનો વારસો ધરાવતી બ્રાન્ડનો હિસ્સો બનવાનું બેહદ સારું લાગે છે.ડિઝાઈન સાથે ટેકનોલોજીનું સંમિશ્રણ કરતાં નવા પોલરોઈડ ગ્લાસીસ તેના પોલરાઈઝ્ડ લેન્સીસને આભારી યવી કિરણોથી આંખોનું રક્ષણ કરવા સાતે બધા માટે સુંદરતા લાવે છે. કલેક્શનમાં પુરુષો અને સ્ત્રીઓ માટે સમર્પિત શ્રેણી છે. કલેક્શનમાં યુનિસેક્સ સનગ્લાસીસ પણ છે, જે ગોળ અને પાઈલટ સ્ટાઈલમાં આવે છે.

## જીવ અને શિવનો યોગ સાધતી મહારાત્રિ એટલે મહાશિવરાત્રિ

બધા દિવસોમાં શ્રેષ્ઠ દિવસ અને રાત્રી ગણવાથી તેને મહાશિવરાત્રિ નામ અપાયું. આમ મહાશિવરાત્રિનું પર્વ એ શિવભક્તો માટે શિવની આરાધના અને ઉપાસનાનો તહેવાર છે. શિવરાત્રી તો પ્રતિમાસ આવે છે પરંતુ મહાશિવરાત્રિ વર્ષમાં એક જ વખત આવે છે. શિવજીના ભક્તો આ દિવસે ઉપવાસ રાખી ઓમ નમઃ શિવાયના અખંડપાઠ કરી શિવલિંગ પર બીલીપત્રો ચઢાવી દૂધ અને પાણીનો અભિષેક કરી શિવ ઉપાસના દ્વારા ભગવાન શંકરના કૃપાપાત્ર બનવા પ્રયત્ન કરે છે. મહાશિવરાત્રી પર્વ સાથે હરણ અને પારધીની પૌરાણિક માન્યતા જગપ્રસિદ્ધ છે. એમાં પણ હરણ પરિવારની મુક્તિ અને પારધીની પાપ મુક્તિમાં ભગવાન શિવનો કલ્યાણભાવ જોવાય છે. શિવભક્તોમાં અદકેરૂ માહાત્મ્ય ધરાવતું આ મહાશિવરાત્રી પર્વના આગમન વેળાએ મહાશિવરાત્રીનું રહસ્ય જોઈએ તો કહેવાય છે કે ભગવાન વિષ્ણુ અને બ્રહ્મા વચ્ચે શ્રેષ્ઠતા અંગેનું વાકયુદ્ધ થતાં તે યુદ્ધને અટકાવવા માટે ભગવાન શંકર અગ્નિ મહાલીંગ તરીકે સ્થાપિત થયા. જેનું મૂળ પાતાળથી પણ નીચે અને બ્રહ્માંડથી ઉપર સુધી હોવાથી તેનો તાગ મળતો ન હતો. ભગવાન વિષ્ણુ પાતાળથી બ્રહ્માંડ સુધી ફરી વળ્યા. પરંતુ લીંગનો તાગ મળ્યો નહીં. જયારે ભગવાન બ્રહ્મા બ્રહ્માંડની ઉપર સુધી ગયા પરંતુ તેનો તાગ મળ્યો નહીં. આમ છતાં તેઓ ખોટું બોલ્યા કે તેમને લીગનો તાગ મળી ગયો છે.

આથી ભગવાન બ્રહ્માને શિક્ષા કરવા અગ્નિસ્તંભ (લીંગ)માંથી ભગવાન શંકર પ્રગટ થયા અને જે પાંચમા મુખથી બ્રહ્મા અસત્ય બોલેલા તે મુખ કાપી નાંખ્યું. ત્યારે ભગવાન બ્રહ્મા અને વિષ્ણુએ શિવજીનું પૂજન કર્યું. બધા દિવસોમાં શ્રેષ્ઠ દિવસ અને રાત્રી ગણવાથી તેને મહાશિવરાત્રી નામ અપાયું. આમ મહાશિવરાત્રીનું પર્વ એ શિવભક્તો માટે શિવની આરાધના અને ઉપાસનાનો તહેવાર છે. જીવ અને શિવનો યોગ સાધતી મહારાત્રી એટલે મહાશિવરાત્રી. ભગવાન શંકરનો મહિમા અનેરો અને અદકેરો છે. સાત્વીક સહજ ભક્તિથી પ્રસન્ન થનારા ભગવાન શંકર મહાપ્રલયકારી છે. બ્રહ્માંડના જીવોનં સંકલન કરનારા છે. દુષ્ટ, દુરાચારી, વિદ્રોહીઓના મારક છે. સત્ય, સંયમ, સાત્વિકતાના તારક છે. દૈત્ય સેનાના સંહારક છે. શંખ, ડમરૂ, ત્રિશુલધારક છે. ભુતનાથ, ભૈરવાદી રૂદ્રોના પિતા અને સાધુ-જોગીઓના સ્વામી અને ભક્તોના ઉપકારક છે. ભગવાન શંકરને અતિમાન કે અભિમાન મંજૂર નથી. ૩૩ કરોડ દેવતાઓને વશમાં કરનાર રાવણની ત્રણ ઈચ્છા પણ અભિમાનના કારણે જ ભગવાન શંકરે પૂરી ન કરી. 'વૈરાગ્ય શતક'ના રચયિતા ભૃતહરીની પણ પરીક્ષા લેવામાં ભગવાન શંકરે બાકી રાખ્યું ન હતું. રાજા ભૃતહરી સર્વસ્વ ત્યાગીને ફકીર બન્યા, સંત બન્યા, એક પછી એક વસ્તુઓનો ત્યાગ કરતા ગયા. પરંતુ વૈરાગ્યનું અભિમાન જ્યાં સુધી રહ્યું ત્યાં સુધી ભગવાન શંકર દૂર જ રહ્યાં. ભક્તને ભક્તિનું જ્યાં સુધી અભિમાન રહે ત્યાં સુધી ભગવાન શિવને ભક્તિ, પૂજા, ઉપાસના સ્વીકાર્ય બનતા નથી અને એ જ બ્રહ્માંડનો સર્વકાલીન યમનિયમ છે. મહાશિવરાત્રીના પર્વના આ દિને પૃથ્વી પરના તમામ શિવલિંગોમાં રૂદ્રનો અંશ હોય છે. અનિષ્ટોના વિનાશક તમામ ગ્રહોના અધિષ્ઠાત્રા મહાદેવ શિવ છે. માતા મહાલ-મીના અધિષ્ઠાત્રા મહાદેવ છે. આથી મહાશિવરાત્રીએ શિવપૂજન આયુષ્યની સાથે ઐશ્વર્ય પણ આપે છે. જન્મના ગ્રહોના દારિદ્ર યોગ શિવરાત્રીએ શિવપૂજનથી દૂર થાય છે. આ પર્વના દિને તમામ દેવ કૈલાસમાં મહાદેવના સાનિધ્યમાં હોય છે. આથી આ દિવસે મહારૂદ્રનો હોમાત્મક પાઠ સોમયજ્ઞનનું ફળ આપે છે. આમ મહાશિવરાત્રી પર્વ ભગવાન શિવના ભક્તો માટે અનેરૂ અને અદકેરૂ મહાત્મય ધરાવે છે. મહાશિવરાત્રી ભગવાન શિવ અને દેવી પાર્વતીના લગ્નનો દિવસ માનવામાં આવે છે. શિવ પુરાણમાં એ પણ ઉલ્લેખ છે કે મહાશિવરાત્રીની રાત્રે જ ભગવાન શિવ પ્રગટ થયા હતાં. મહાશિવરાત્રી જ એ દિવસ છે જયારે ભગવાન શિવે સાગર મંથનમાંથી નીકળેલ ઝેર પીને સૃષ્ટિની રક્ષા કરી હતી. આ દિવસે જ ભગવાન શિવનું નામ નીલકંઠ પડ્યું હતું. શિવરાત્રીને જ્ઞાનપર્વ માનવામાં આવે છે. જે રીતે દિવાળી લ-મી પ્રાપ્તિનો યોગ બનાવે છે એ જ રીતે મહાશિવરાત્રી શક્તિના યોગ માટે મહત્વની છે. આ વર્ષે મહાશિવરાત્રી પર શિવ-પાર્વતી યોગ બની રહ્યો છે. આ ખૂબ જ શુભ યોગ માનવામાં આવે છે.

**–ચિનુભાઈ ત્રિવેદી (કારેલી)**

**મહાશિવરાત્રી**

## પરમાત્મા શિવના અવતરણની યાદગાર ધાર્મિક એકતા અને સદભાવનાનો તહેવાર




ભારત એક બાહુવિધ સાંસ્કૃતિક વારસો ધરાવતો આધ્યાત્મ પ્રધાન દેશ છે. જેમાં બધા જ ધર્મના તહેવારો ઉજવવામાં આવે છે. આ દરેક તહેવાર કોઈને કોઈ રૂપથી આધ્યાત્મિક સત્તા સાથે જોડાયેલ છે. પરંતુ આજના આ વૈજ્ઞાનિક યુગમાં તહેવારો હવે માત્ર ઔપચારિકતા માટે જ ઉજવવામાં આવે છે. તેવું લાગી રહ્યું છે તહેવારો પાછળ છુપાયેલ સત્યને બહાર લાવવાની આવશ્યકતા છે. જેથી આ સંસારમાં વ્યાપેલ અજ્ઞાનતા અને તમો પ્રધાનતા દૂર થાય અને આજનો માણસ આપણી આધ્યાત્મિક ભાવના અને સભ્યતાને સાચી રીતે સમજી શકે.

પ્રતિ વર્ષ મહાશિવરાત્રીનું પર્વ ઘણી શ્રદ્ધા સાથે મનાવવામાં આવે છે. આ દિવસે પરમાત્મા શિવની આરાધના કરવામાં આવે છે. શિવલીંગ ઉપર બીલીપત્ર ધતૂરો, દૂધ-પાણી અને ફળ-ફૂલ ચઢાવવામાં આવે છે. ભક્તજનો અખાદ્ય પદાર્થો જેવા કે ભાંગ અને ગાંજાનો પણ પ્રસાદરૂપમાં સ્વીકાર કરે છે. આ દિવસે શિવની શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. આ દિવસે ભક્તો વ્રત-ઉપવાસ કરે છે અને રાત્રે જાગરણ પણ કરે છે.

શિવલીંગ પરમાત્મા શિવની યાદગાર :

શિવ કોણ છે ? શિવના માટે લીંગ અથવા જ્યોર્તિલીંગ શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવે છે ? શિવની સાથે રાત્રીનો શું સંબંધ છે ? કૃષ્ણની સાથે અષ્ટમી અને રામની સાથે નોમની તિથી જોડવામાં આવે છે. પરંતુ શિવની સાથે રાત્રી જ કેમ જોડવામાં આવી છે ? કોઈ તિથી કેમ જોડેલ નથી ? શિવની સાથે શાલીગ્રામ કોણ છે ? અન્ય બધા દેવતાઓ પર સારા અને સ્વાદિષ્ટ પ્રસાદ ચઢાવવામાં આવે છે. પરંતુ શિવ પર આકડાના ફૂલો અને ધતૂરો જ કેમ ચઢાવવામાં આવે છે ? કેમ શિવની મૂર્તિ શરીર રહિત છે પરંતુ શિવનું વાહન નંદી શરીરધારી કેમ છે ? વગેરે શિવરાત્રી સાથે જોડાયેલ પ્રશ્નો પર વિવેકપૂર્વક અને યથાર્થ રીતથી ચિંતન કરવાની આવશ્યકતા છે.

**શિવરાત્રી ધાર્મિક એકતાનો તહેવાર :**

મહાશિવરાત્રીના સંબંધમાં બધાથી અનોખી વાત એ છે કે તેનો સંબંધ નિરાકારી અને અશરીરી પરમાત્મા સાથે છે. જ્યારે બધા તહેવારો, પર્વો અથવા જયંતિઓનો દેવતાઓ, પૌરાણિક મહાપુરૂષોના જીવન સાથે સંબંધ હોય છે. એટલે કે શિવરાત્રી પરમાત્મા શિવના આ પૃથ્વી પરના દિવ્ય અવતરણની યાદગાર છે. પરમાત્મા શિવ સામાન્ય મનુષ્યોની જેમ શરીરધારી નથી અને જન્મ મરણના બંધનોથી મુક્ત છે.

**શિવરાત્રીનું રહસ્ય**

શિવરાત્રીના દિવસે ભક્તજનો શિવલીંગ ઉપર બીલીપત્ર, ધતૂરો, દૂધ-પાણી અને ફળ-ફૂલ ચઢાવે છે. રાત્રિ જાગરણ કરે છે તેમજ ઉપવાસ રાખે છે. વાસ્તવમાં પરમાત્મા શિવ પર યોગ્ય રૂપથી શું ચઢાવવું જોઈએ અને કેવી રીતે વ્રતનું પાલન કરવું જોઈએ તેના આધ્યાત્મિક રહસ્યને સમજવાની જરૂર છે.

ધતૂરો એ વિકાર, વેર અને નફરત-ધૃણાનું અને બિલીપત્ર એ બુરાઈઓનું પ્રતિક છે એટલે આપણે પરમાત્મા શિવ પર વિકાર, વિષય-વાસના તેમજ ખરાબ આદતો ચઢાવવી જોઈએ અર્થાત તેનો ત્યાગ કરવો જોઈએ. ઉપવાસ એટલે ઉપરવાસ. પરમાત્મા શિવની સાથે સતત વાસ કરવો એટલે કે પરમાત્માને યાદ કરવા.

વર્તમાન સંગમયુગમાં નિરાકાર પરમાત્મા શિવ તથા પોતાને યોગ્ય રીતે ઓળખીને નજીકના ભવિષ્યમાં આવનારી નવી સતયુગી દૈવી સતોપ્રધાન દુનિયામાં પ્રવેશવા પાવન પવિત્ર બનો અને તમોગુણી સ્વભાવ અને સંસ્કારોનો ત્યાગ કરી પોતાના જીવનમાં તથા આ સૃષ્ટિમાં સત્યમ શિવમ સુંદરમના મંગલમય તત્વોનો સંચાર કરી સાચી શિવરાત્રિ ઉજવીએ.

**બી.કે.નીતાબેન**

# દિવ્યજ્યોત

અધ્યાત્મ, ધર્મ, ભક્તિને ભગતા સાહિત્યનાં અજવાળાં...

## સુવાકયો

સદાચારથી ધર્મ ઉત્પન્ન થાય છે અને ધર્મથી જ આયુષ્યની વૃધ્ધિ થાય છે.
મનુષ્યની જીભ સૌથી નાની છે પરંતુ તે મોટામાં મોટો દોષ કરી શકે છે.
આ જગતમાં બહુ સરળ થવા જઈએ તો જગતમાં લોકો દુર્બળ માન છે.
જે અસત્ય બોલે છે તે પાપની ખાણ છે, જે સત્ય બોલે છે તેની પાસે સુખ ઉમટીને આવે છે.
ચોટ પહોંચાડનારને ચોટ ખાવી પડે છે.
માનવ શરીરને વિષયસુખોમાં વેડફી નાખશો નહીં.
વૈરાગ્ય અને સંયમ વગર જ્ઞાન પચતું નથી.
શીલ શ્રેષ્ઠ આભુષણ છે.
મનુષ્યનો શત્રુ બહાર નથી, તેના મનમાં જ છે.
ગૂંગો કોણ છે ? જે જરૂર જણાય ત્યાં બોલતો નથી તે.



**આરાધના** નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## દ્રઢ મનોબળવાળા બનીએ

યુગદ્રષ્ટા ઋષિ સ્વામી વિવેકાનંદ કહેતા હતા, સંકલ્પ શક્તિ દ્રઢ હોય અને પ્રાણશક્તિને એકત્ર કરવાથી ત્રાટક કરવા જેવું ફળ મેળવી શકાય છે' એક વખત વનભ્રમણ કરતા હતા ત્યારે તોફાની વાંદરાઓનું ટોળું તેમને ઘેરી વળ્યું. સ્વામીજી પાસે કોઈ હથિયાર ન હતું છતાં સંકલ્પશક્તી અને યોગબળથી સંપન્ન મનોબળ હતું તેથી સહેજ પણ વિચલીત થયા વગર પોતે તીવ્ર દ્રષ્ટીથી એક પછી એક વાંદરા સામે જોતા રહ્યા. દ્રઢ મનોબળ હોવાથી તેમની દ્રષ્ટી તીવ્ર બની હતી તેથી વાંદરાઓ એક પછી એક પલાયન થતા રહ્યા. પોતે એમ જ સ્થિર ચિત્તથી બધું જોતા રહ્યા. આ રીતે સહેજ પણ ડગ્યા કે ડર્યા વગર તેમણે પોતાની યોગશક્તિ અને દ્રઢ મનોબળ દ્વારા તોફાની વાંદરાઓના ટોળા ઉપર વિજય મેળવ્યો હતો.

આપણા સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ પોતે પણ અન્ય નેતાઓની જેમ દિવસના ૧૮ થી ૨૦ કલાક કામ કરીને ભારતની આઝાદીની જડ મજબુત કરવા મહેનત કરતા. તેમણે આપણી સંકલ્પશક્તિ વધારવા માટે એક સૂત્ર આપ્યું હતું, 'આરામ હરામ હૈ'

ત્યાર પછી વરાયેલા વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીએ જોયું કે આપણા દેશમાં ખેતીમાં સ્વાવલંબનની જરૂર છે અને સરહદોને સલામત રાખવા સૈન્યબળ વધારવાની જરૂર છે. તેથી તેમણે સૂત્ર આપ્યું, 'જય જવાન જય કિસાન.' સાથે સાથે તેમણે તે વખતમાં અનાજની તંગી ઉભી થઈ હતી તેને ધ્યાનમાં લઈને લોકોને અઠવાડીયામાં એક દિવસ ભાત ન ખાવાની અપીલ કરી હતી. તેમની દ્રઢ સંકલ્પશકિતએ દેશવાસીઓને અનાજની અછતમાં પણ સારી રીતે જીવવાની પ્રેરણા આપી હતી.

લોખંડી ઈચ્છાશક્તિ ધરાવતા પ્રિયદર્શનીના હુલામણા નામે પ્રખ્યાત ઈંદીરાબેન ગાંધી જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે સૂત્ર આપ્યું હતું, કઠોર પરિશ્રમ કા કોઈ વિકલ્પ નહીં હૈ' અને તેમના આહવાનથી લોકોએ સખત પરિશ્રમ કરીને પણ સંરક્ષણ ખજાનો છલકાવ્યો હતો અને તેમની સંકલ્પશક્તિથી પાકીસ્તાન સામે આપણે વિજયી થયા હતા અને પાકિસ્તાનના બે ફાડચા થયા. તેના પરિણામે બાંગલાદેશની રચના થઈ અને પાકિસ્તાનની તાકાત અડધી થઈ ગઈ હતી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।
## અયથાવત્પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસો ॥

શાસ્ત્રોકત કર્મમીમાંસા કર્યા પછી હવે જે કર્મવિષમ્ય છે તેનું કારણ કહે છે. કર્મવૈષમ્યનું કારણ અવિદ્યા છે અને અવિદ્યાનું કારણ અજ્ઞાન છે. આથી અજ્ઞાનનો વિચાર લઈને ભગવાને 'બુધ્ધિ' નો મહીમા કહ્યો છે. આગળના શ્લોકમાં સાત્વિકો બુધ્ધિનું લક્ષણ સ્વરૂપ સમજાવ્યા બાદ હવે રાજસી-રાજસ બુધ્ધિનું લક્ષણ સ્વરૂપ આપતાં નીચેના શ્લોકમાં ભગવાન કહે છે કે :

**યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।**
**અયથાવત્પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસો ॥ ૧૮-૩૧ ॥**

'હે પૃથાપુત્ર ! અર્જુન (પાર્થ)જેના વડે, જે બુદ્ધિ દ્વારા (યયા) ધર્મને (ધર્મમ્) અને (ચ) અધર્મને (અધર્મમ્) કરવા યોગ્ય કરણીય-કર્તવ્યને (કાર્યમ્) તેમજ (એવચ) ન કરવા યોગ્ય-અકરણીય-અકર્તવ્યને (અકાર્યમ્) સંપૂર્ણપણે નહીં, અપુર્ણપણે અયથાર્થપણે (અયથાવત્) જાણે છે. (પ્રજાનાતિ) તે (સા) બુદ્ધિ(બુદ્ધિ) રાજસી, રજોગુણી છે. (રાજસી)'

હવે 'રાજસીબુદ્ધિ' ને સમજાવતાં ભગવાન કહે છે કે હે પાર્થ ! જેના વડે મનુષ્ય ધર્મ અને અધર્મને તથા કાર્ય અને અકાર્યને યથાર્થપણે જાણતો નથી તેની બુદ્ધિ રાજસી છે. શાસ્ત્રવિહીત કર્મો દ્વારા ઉત્પન્ન થતા ધર્મને, શાસ્ત્ર નિષિદ્ધ કર્મોથી ઉત્પન્ન થતા અધર્મને, વર્ણાશ્રમ અનુસાર કરવાના કર્મને તથા તેના દ્વારા થતા નિષિદ્ધ અકર્મને નિશ્ચયપૂર્વક ન જાણનાર એટલે કે તેના યથાર્થ સ્વરૂપને ન સમજનારની બુદ્ધિ રાજસી છે અહીં બે બાબતો દ્રષ્ટીગોચર થાય છે. ધર્મ-અધર્મ અને કાર્ય-અકાર્ય આગળના શ્લોકમાં સાત્વિકી બુદ્ધિના લક્ષણમાં પણ કાર્ય-અકાર્યનો ઉલ્લેખ કરેલો છે.

શાસ્ત્રીએ કરેલું વિધાન 'ધર્મ' છે. એટલે કે શાસ્ત્રોએ જેની આજ્ઞા આપી છે અને જેનાથી પરલોકમાં સદ્ગતિ થાય છે તે ધર્મ છે. શ્રીશંકરાચાર્યની દ્રષ્ટીઓ 'ધર્મ' એટલે શાસ્ત્રવિહિત કર્મ' માતા-પિતા, વડીલો વગેરેની સેવા કરવામાં, બીજાઓનું હિત, સુખ ઈચ્છવામાં પોતાનાં તન, મન ધન સામર્થ્ય વગેરે લગાવી દેવાં તે ધર્મ છે. કુવા, વાવ, તળાવ ખોદાવવા, ધર્મશાળા, ઔષધાલય,નિર્માણ કરવા તેમજ સમાજની ઉન્નતિ માટે 'નિષ્કામભાવથી ઉદારતા પુર્વક ધનનો સદુપયોગ કરવો તે ધર્મ' છે. શાસ્ત્રોએ કરેલો નિષેધ 'અધર્મ' છે એટલે કે શાસ્ત્રોએ જેની આજ્ઞા આપી નથી અને જેનાથી દુર્ગતિ થાય છે તે 'અધર્મ' છે.

શ્રી શંકરાચાર્યની દ્રષ્ટીએ 'અધર્મ' એટલે 'શાસ્ત્ર નિષિધ્ધ કર્મ' પોતાના સ્વાર્થ, સુખ માટે અન્યની સંપત્તિ હડપ કરી જવી, અન્યનું અહિત, હત્યા વગેરે કરવી, પોતાના સામર્થ્યના જોરે બીજાઓના બીજાઓને દુઃખ પહોંચાડવું, એ અધર્મ છે. આનો અર્થ એ થયો છે કે જેનાથી આત્માનું કલ્યાણ થાય તે 'ધર્મ' અને જેનાથી આત્મા બંધનમાં મુકાય તે અધર્મ'. શાસ્ત્રોએ આપણા માટે જે કર્મ કરવાની આજ્ઞા આપી 'અકાર્ય' એટલે અકર્તવ્ય-ન કરવા યોગ્ય છે. રાજસી બુધ્ધિવાળાને કાર્ય-અકાર્યની બાબતમાં સંશય રહે છે.કહેવાનું તાત્પર્ય એ છે કે રજોગુણથી બુધ્ધિ આવૃત્ત (ઢંકાયેલ) હોવાથી ધર્મ-અધર્મ તેમજ કાર્ય-અકાર્યનો વિવેક થતો નથી. આથી સાધકે આવા પ્રકારના અવિવેકને દુર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. જેનામાં વિવેક પ્રગટ કરે તેનું નામ જ 'બુધ્ધિ' છે. સાત્વિકી બુધ્ધિમાં વિવેકશક્તિ જાગૃત રહે છે પરંતુ રાજસી બુધ્ધિમાં તે વિવેકશક્તિ રાગ (આસક્તિ)ને કારણે ધુંધળી બની જાય છે. જ્યારે સાંસારીક વસ્તુ, વ્યક્તિ, ઘટના, પરીસ્થિતિ, ક્રિયા, પદાર્થ વગેરેમાં રાગ (આસક્તિ) થાય છે ત્યારે તે રાગ-આસક્તિ બીજાઓ પ્રત્યે દ્વેષ પેદા કરે છે. જેનામાં રાગ-આસક્તિ થાય છે એના એ દોષોને અને જેનામાં દ્વેષ થાય છે એના એ ગુણોને મનુષ્ય જોઈ શકતો નથી જેનાથી સારાસારનો વિવેક ચાલ્યો જાય છે.

**અધ્યાત્મ** ૫૯૯ પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** ભગવાનદાસ બંધુ

## સજ્જનતા, સૌમ્યતા, સરળતા, સાદગી, સક્રિયતા અને સગુણતાના આધારે સતત સફળ થતા થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ



દરેક વ્યક્તિ પોતાના સદ્ગુણો થકી જ લાંબા સમય સુધી લોકહૃદયમાં ટકી રહે છે, જાહેર જીવન કે રાજકારણનો વિષય ખુબ જ અઘરો છે. આ ક્ષેત્રમાં ટકી રહેવા માટે સતત લોકો વચ્ચે જીવવું પડે છે, રહેવું પડે છે અને તેમની સાથે તાદાત્મ્ય કેળવવું પડે છે. તા.૪-૯-૧૯૪૮ ના રોજ થરાદ તાલુકાના ભાચર ગામે પિતા સવાભાઈ પટેલના પરિવારમાં જન્મેલા ૦૮- થરાદના લોકપ્રિય ધારાસભ્ય પરબતભાઈ પટેલે બી.એ. એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ છે. જાણીતી કે અજાણી વ્યક્તિનો ફોન ઉપાડીને પણ તેને સંતોષ થાય તે રીતે વાત કરવી, શકય હોય તો કામ કરવું અને શકય ના હોય તો સ્પષ્ટ ના પાડી દેવી એવી સત્ય નિષ્ઠાવાળી નીતિ ધરાવતા પરબતભાઈ પટેલ ૧૯૮૫ માં વાવ વિધાનસભામાં ચૂંટાયા હતા. ૧૯૯૫ થી ૧૯૯૮ તેમજ ૨૦૦૭ થી ૨૦૧૨ દરમ્યાન પણ તેમણે ૯૫ વાવ વિધાનસભા ક્ષેત્રમાં ધારાસભ્ય તરીકે લોક પ્રતિનિધિત્વ જાળવ્યું હતું. ૨૦૧૨ અને ૨૦૧૭ એમ બે વખતથી તેઓ ૦૮-થરાદ વિધાનસભાનું લોકહૃદયસ્થ પ્રતિનિધિત્વ કરીને ગુજરાત વિધાનસભામાં એક સારા, સજ્જન, સૌમ્ય, સરળ, સાદગીસભર, સ્પષ્ટ વકતા, સક્રિય,નિખાલસ અને સદગુણી ધારાસભ્ય તરીકેની આગવી નામના અને પ્રતિષ્ઠા ઉભી કરી ચૂકયા છે. તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગુડબુકમાં સ્થાન ધરાવતા પરબતભાઈ પટેલ જાગતા, દોડતા અને શકય તેટલાં વધુ સત્કાર્યો કરતા શિક્ષણપ્રેમી અને સર્વ જ્ઞાતિપ્રિય ધારાસભ્ય છે.

તેમના જાહેર જીવનમાં તેમના મિત્રો, સ્નેહીજનો, પરિચિતો, સહપાઠીઓ ઉપરાંત તેમનાં ધર્મપત્ની શ્રીમતી અંજુબેન, પુત્રો શૈલેષભાઈ, મહેશભાઈ સહિત સૌ કોઈનો પૂર્ણ સાથ સહકાર છે. પરબતભાઈ પટેલ અનેક સામાજીક, સેવાકીય, શૈક્ષણિક, સહકારી તેમજ રાજકીય સંસ્થાઓમાં હોદ્દા ઉપર રહી ચુકયા છે અથવા તો વર્તમાનમાં પણ અનેક સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ કરે છે. ૧૯૯૭ માં તેઓ ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ ગાંધીનગરના ચેરમેન હતા અને ૧૯૯૮ માં ગુજરાત સરકારમાં રાજયકક્ષાના નાણાંમંત્રી પણ હતા.૨૦૦૮ થી ૨૦૧૨ દરમ્યાન ગુજરાત સરકારમાં તેઓ રાજયકક્ષાના મંત્રી તરીકે પાણી પુરવઠો, સહકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ધરાવતા હતા. સાથે સાથે કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, પોલીસ આવાસો, સરહદી સુરક્ષા, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ, ગ્રામરક્ષક દળ, જેલ, નશાબંધી અને આબકારી વિભાગનો વધારાનો હવાલો સંભાળતા હતા. ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાન આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ વાહન વ્યવહારના રાજયકક્ષાના મંત્રી હતા. ગાંધીનગર, દાહોદ અને કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે પણ તેમણે સફળ જવાબદારી નિભાવી છે. વર્તમાન ગુજરાત સરકારમાં ૨૦૧૭ થી તેઓ રાજય કક્ષાના સિંચાઈ મંત્રી છે અને પાણી પુરવઠાનો સ્વતંત્ર હવાલો ધરાવે છે. ૭-૮-૨૦૧૬ થી ૨૨-૮-૨૦૧૬ સુધી તેઓએ વિધાનસભાના અધ્યક્ષ તરીકેની જવાબદારી પણ નિભાવેલ છે. વાવ-થરાદ તાલુકા આંજણા કેળવણી મંડળ, શ્રી ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલીત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા થરાદ, ખોડા,સવપુરા, ઈઢાટા, શ્રી સર્વ મંગલમ્ ટ્રસ્ટ થરાદ સંચાલિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા માવસરી, અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભા આબ-પર્વત, શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર, બનાસકાંઠા જિલ્લા આંજણા પટેલ કેળવણી મંડળ જેવી સામાજીક સંસ્થાઓમાં મહત્વના પદે રહીને તેમણે જવાબદારી નિભાવી છે.સહકારી ક્ષેત્રે મહેસાણા જિલ્લા તેલીબીયાં સહકારી ઉત્પાદક સંઘ, બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, ધી થરાદ તાલુકા ખરીદ વેચાણ સંઘ,ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ થરાદ અને બનાસ ડેરીમાં પણ તેઓ ચેરમેન કે ડીરેકટર તરીકે પ્રતિનિધિત્વ કરીને આગવી નામના કમાયા છે. તા.૧૦-૧-૧૯૭૨ થી ૩૦-૬-૧૯૭૩ સુધી તેઓ બનાસ બેંકમાં કલાર્ક તરીકે જોડાયા હતા. ૧-૭-૧૯૭૩ થી ૩૦-૯-૧૯૭૩ સુધી માર્કેટ કમીટી થરાદમાં એકાઉન્ટન્ટ તરીકે જોડાયા હતા. ૧-૧૦-૧૯૭૩ થી તેઓ સ્ટેટ બેંક થરાદમાં જોડાયા અને કલાર્ક, હેડકલાર્ક, જે.એમ.જી. ગ્રેડ-૧, ઓફિશીયેટીંગ જેવી મહત્વની જવાબદારી નિભાવી હસ્તરેખામાં રાજયોગ લખેલો હોવાથી તા.૭-૨-૧૯૮૫ ના રોજ એસબીઆઈમાંથી રાજીનામું આપી રાજકારણમાં પ્રવેશ કર્યો. વાંચન અને સામાજીક પ્રવૃત્તિનો શોખ ધરાવતા પરબતભાઈ પટેલ ઐતિહાસિક બાબતો જાણવાના તેમજ સાહિત્યના પણ શોખીન છે. ૧૯૮૬ માં તેમણે શૈક્ષણિક સેવા રૂપે ગાયત્રી વિદ્યાલય થરાદની શરૂઆત કરી. જેમાં આજે બાલમંદિરથી લઈને માધ્યમિક સુધી કુલ ૩૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ ટ્રસ્ટ સંચાલિત ખોડા, સવપુરા અને ઈઢાટામાં પણ ૧૦૦૦ જેટલાં બાળકો ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરે છે. ૧૯૯૦ માં શરૂ કરેલ સર્વ મંગલમ્ ટ્રસ્ટ થરાદ સંચાલિત માવસરી શાળામાં પણ ઘણાં બાળકો શિક્ષણ લઈ રહેલ છે. ૧/ ગાયત્રી સોસાયટી હાઈવે ચાર રસ્તા થરાદ જી.બ.કાં.ખાતે રહેતા અને સૌને ખુબ જ સરળતાથી મળતા ધારાસભ્ય શ્રી પરબતભાઈ પટેલને અભિનંદન આપવા તેમનો ફોન નં.૦૨૭૩૭-૨૨૨૦૨૧ અને મો.નં.૯૯૭૮૪૦૫૩૧૯ છે.

તાજેતરમાં ડીસા સ્પોર્ટસ કલબના પ્રમુખ ડૉ. કિશોરભાઈ આસનાની આયોજીત અગિયાર જેટલી સંસ્થાઓ દ્વારા મંત્રી પરબતભાઈ પટેલ, ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયા અને ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળીનું સન્માન કરાયું ત્યારે પરબતભાઈ પટેલે તેમના પ્રવચનમાં અનેક મિત્રોને યાદ કર્યા એ બાબત રાજીપો ઉપજાવે તેવી હતી. તેમના સહપાઠી નાથાભાઈ ખત્રી, અનેક મિત્રો,

અનુસંધાન પાના નં.૬ ઉપર

## વિશ્વાત્મને વિશ્વસૃજે વિશ્વ માનૃત્ય તિષ્ઠતે !
## નમો નમસ્તે ચેવ્યાય ભુતાનાં પ્રભવે સદા !!

**ચિંતન** યશપાલસીહ ટી.વાઘેલા

હવામાનમાં ઓચિંતો પલટોને ખેડતોના જીવ તાળવે ચોંટયા. ગોંડલમાં મગફળી ભરેલા ગોડાઉનમાં આગ ફાટી નીકળતાં મગફળીનો જથ્થોલ બળીને ભસ્મિભુત થયો. સીબીઆઈને તપાસ સોપાઈ તો વેલ્ડીંગનો તખણો કારણભુત બન્યો. ગાંધીધામમાં પણ આવી ઘટના આ અગાઉ કારણભુત બનેલી. 'મગફળી' ની ખરીદીમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ થયા તે હોબાળો કયારેય થઈ રહ્યો છે પરંતુ ચોરના ભાઈ ઘંટી ચોર જેવી હાલત દેશને રાજયોની થઈ છે. સાચું બોલી કોણ શકે ? ખેડૂતેને ખેતી, ગરીબોને વિધવા સ્વચ્છતાને સ્વાસ્થ્યના નામે લુંટો, સહનશીલતાને સંસ્કારની મૂર્તિ સમાન આ પ્રજા કંઈ નહીં બોલે. અહીં લોકશાહી ફકત કાગળ પર લખવાની ને જાહેર ભાષણોમાં બોલવાની પ્રક્રિયા જ બની ગઈ છે. સ્વચ્છતાના નામે શૌચાલય, વ્યક્તિગતને જાહેર કયાં કોણે ને કોના લાભાર્થે બનાવ્યા તેની આછેરી ઝલક તપાસ તો કરો.. કોઈ સાચું નહીં બોલે જે બોલે એ જ પીટાય ને અખબારો, ઈલેકટ્રોનીક, સોશીયલ માધ્યમોમાં આ બાબતમાં સમાચારોને કોમેન્ટોનો પ્રસાર થતો રહે છે પણ છેવટે શું ? ? માનવી માનવ થાય તો ય ઘણું ને આ જગતનો માનવી માનવ મટીને હેવાન વધુ બન્યો છે. મારૂં તારૂં ને મરૂંની ગ્રંથિ પીડાઈને બીજાને હેરાન કરવામાં કંઈ જ બાકી રાખતો નથી. જીવો ને જીવવા દો અહીંસા પરમોધર્મનું મહાન સૂત્ર માનવ દિવ્ય સ્વરૂપાનંદે જ આપ્યું છે ને માનવીય આંધળી ઘેલછા જ તેની બરબાદીનું મુખ્ય કારણ બને છે. ધર્મ-કર્મ-જાતિ, સંપ્રદાય એ જીવન જીવવા માટેની માનવીય કડી છે. પણ મદ, મોહ, અભિમાન, વેરમનસ્ય, સ્વાર્થ એ માનવીય અધોગતિ માટેનો માર્ગ છે. માનવી થોડો સમૃદ્ધ થાય ત્યારે તે મદ, મોહ, અભિમાન રૂપી માર્ગની દિશામાં ભટકતો થઈ જાય છે તે પોતાની અધોગતિ વહોરે છે. મહા મહીનો પૂર્ણતાના આરે પહોંચ્યો છે. દર માસની વદ-૧૩ ને શિવરાત્રી તરીકે મનાવાય છે પણ મહાશિવરાત્રી મહા વદ-૧૩ ના રોજ જેમાં પ્રાચીન દંતકથા પારધી હરણાંને વચન ઉપવાસ થવો રાત્રે હરણાંની ઈંતેજારીમાં જે ઝાડ પર બેઠો હતો તેનાં પાંદડા તોડી સમય પસાર કરતાં કરતાં જાગરણ થવું વચન પાળી હરણીને આવવું, પારધી પર શિવજીનું પ્રસન્ન થવું એ ઉપવાસ, જાગરણ, જે ઝાડ પર બેઠો હતો તે બિલીપત્રનું ઝાડ હતું ને તેનાં પત્તાં નીચે શિવલીંગ પર પડયાંને એ ઘટનાથી ભગવાન ભોળાનાથ સદા શિવ મહાદેવ પ્રસન્ન થયા. એ મહાશિવરાત્રીની ઉજવણીની મુખ્ય કથા રૂપ ગણાય છે. તો શિવ પાર્વતીજીની લગ્નતિથિ પણ કહેવાય છે. આજે દેશભરમાં ને નેપાળ સહિત શિવભકતો આનંદ ઉત્સાહથી ઉજવશે. ભગવાન ભોળાનાથ ભારત પર ભ્રષ્ટાચારીઓ પર ત્રીજું નેત્ર ખોલે ને તેમની શાન ઠેકાણે લાવે તો એ જ ભારતની ભવ્યભૂમિ વિશ્વની શ્રેષ્ઠ મહાસત્તા બને પણ આજે તો બધુંય ભેળાઈ ગયું છે. ૬૦ વર્ષ-૭૦ વર્ષની જુની વાતોના રોદણાં રોઈ આ ભ્રષ્ટ નેતાઓ ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર આચરી રહ્યા છે ને નાના મધ્યમ વર્ગના લોકોને દબાવે છે. આ કયાંની લોકશાહી ? અહીં સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય, ખેડૂત, ખેતી, વિધવા, વિદ્યાર્થીઓના નામે જ નહીં કન્યા કેળવણી, સ્મશાન, તળાવના નામે ય ખાવામાં કંઈ બાકી રાખ્યું નથી.

શિક્ષણની તો ઘોર ખોદી રહ્યા છે. ત્યારે એક શિક્ષક હૃદયે પોતાના હૃદયનો ઉભરો મહાશિવરાત્રી પહેલાં કંઈક આ રીતે કાઢયો છે. જો વાલી એક દેશભકત તરીકે હૃદયથી કંઈ વિચારશો કે ખરેખર આ લોકો બેરોજગારીને નિરક્ષરતાને વધારવા જ માંગે છે ને ? શિક્ષક હૃદય બાળકને સંબોધે છે જુઓ

**પહેલાં ઉત્સવો ઉજવવા દે**
**પછી તને ભણાવીશ,**
**પહેલાં પત્રકો ભરવા દે, પછી**
**તને ભણાવીશ,**
**સારી વિદ્યા મળતી હશે**
**પહેલા કદાચ ઝાડ નીચે**
**આજે સ્કૂલ સજાવા દે પછી**
**તને ભણાવીશ**
**તારૂં કયાંય અસ્તિત્વ જ નથી**
**બોલ કેમ ભણાવું ?**
**પેલા આધારકાર્ડ કઢાવા દે**
**પછી તને ભણાવીશ**
**લેશન કેમ જોયું પેલા**
**બાયસેગ જોવાનું છે**
**પહેલાં મંત્રીને સાંભળવા દે**
**પછી તને ભણાવીશ**
**કાર્યક્રમો પાછળ ભણાવવાનું**
**સાચે જ ભુલી ગયો છું**
**એટલે તાલીમ પહેલા લેવા દે**
**પછી તને ભણાવીશ**
**શિષ્યવૃત્તિ તને નહીં મળે તો**
**કઈ રીતે ભણીશ?**
**પેલા એની એન્ટ્રલી કરવા દે**
**પછી તને ભણાવીશ**
**એ તો પ્રાઈવેટવાળા છે એના**
**વખાણ તું ના કર**
**સરકાર કહે તેમ કરવા દે**
**પછી તને ભણાવીશ**
**પછી કહે આ સાક્ષરતા**

અનુસંધાન પાના નં.૬ ઉપર

## મૈત્રીનો માંડવો

**શ્રદ્ધા અને સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

અંતે એ જ થયું. ઋષિદત્તાને બાંધીને ચિતામાં મુકી દેવામાં આવી. લાકડાનો મોટો ઢગલો ઉપર ખડકી દેવામાં આવ્યો. ચિનગારી ચાંપવામાં આવી અને ભડભડ કરતી અગન જવાળાઓ બળવા લાગી. નગરજનો ચોંધાર આંસુએ રડવા લાગ્યા. કનકરથ શૂન્યમનસ્ક થઈને ઉભો હતો. રાજા હેમરથ વિના બધાં જ દીનવદને ઉભા હતા. હેમરથ રાજાએ પણ ન્યાયનીતિને અનુસરીને આ કાર્ય કરવા તૈયાર થવું પડયું હતું. ચિતા બળી જતાં સહુ દુઃખ અનુભવતાં છુટા પડયા.

આ બાજુ રાજર્ષિ હરિષેણ પોતાની સાધના કરીને દેવ બન્યા હતા. દેવ થવા છતાં પણ કન્યા ઋષિદત્તાની લાગણીઓથી મુકત બન્યા ન હતા. જ્યારે ઋષિદત્તાને બાળવા માટે ચિનગારી ચંપાઈ બરાબર એ જ સમયે તે દેવે ઉપયોગ મુકયો. એક તીવ્ર લાગણી અને બીજો દૈવી વેગ આ બંનેએ ભેગા થઈને ચીલઝડપે ઋષિદત્તાને ચિતાની વચ્ચેથી હટાવી લીધી.

રામ રાખે તેને કોણ ચાખે ? ઋષિદત્તા તો વિચારમાં પડી ગઈ. આવી વિપત્તિના ટાણે મને બચાવનારૂં કોણ ? આ પ્રશ્ન જ્યારે પોતાને ઉગારનાર દિવ્ય વ્યક્તિને કરવા જાય છે, બરાબર તે જ સમયે તે દિવ્ય વ્યક્તિ બોલે છે બેટા ! તું ચિંતા ન કર, હું તારો પિતા હરિષેણ છું.. તારી વિદાય પછી મેં મારા મનને ભગવદ્ ઉપાસનામાં ખુબ જ વાળી દીધું. હું મૃત્યુ પામીને દેવ બન્યો. અહીંથી પણ હું તારૂં ધ્યાન રાખતો હતો. વાસ્તવમાં તો તારૂં સદનસીબ જ મને તારી ચિંતા કરાવતુ હતું. નહી તો ચિતા સળગાવવાના સમયે જ મને તું કયાંથી યાદ આવી ગઈ ? બેટા !તારા ઉપર આવેલી આપત્તિનું કારણ રૂક્મિણી છે. તારી આપત્તિનો ઘટનાક્રમ તું પુરેપુરો સાંભળી લે અને સાથોસાથ હવે તારે આપત્તિમાં કેવી વ્યૂહરચના અપનાવવી તે પણ સમજી લે.

એમ કહીને ઋષિદત્તાને પુરી વાત સમજાવી દીધી. વ્યૂહરચનામાં ઉપયોગી એવી રૂપપરાવર્તિની વિદ્યા પણ આપી. ઋષિદત્તા હવે નિશ્ચિંત બનીને પોતાનો સમય પસાર કરાવી લાગી.

ઋષિદત્તાના ગયા પછી કનકરથના જીવનમાંથી આનંદ ઉડી ગયો હતો.નિરાશવદને જીવન જીવી રહેલા કનકરથને દેખીને સહુને એમ લાગતું હતું કે ઋષિદત્તાને થયેલો અન્યાય તેને સહન થતો નથી. ખુદ રાજા હેમરથ પણ કયારેક સંશયગ્રસ્ત બનતા હતા કે શું ઋષિદત્તા જીવ હત્યારી હતી ?

પાણીના પ્રવાહ કરતાં વધુ વેગે સમયનો પ્રવાહ અનેક સમયખંડોને ઓળંગી ગયો. રૂકિમણીને લાગ્યું કે

અનુસંધાન પાના નં.૬ ઉપર

## "સર્વ ભવન્તુ સુખિનાઃ, સર્વ સંતુ નિરામયાઃ

આપણે શુભ પ્રસંગોએ શુભકામના આપવા માટે આ શ્લોકનો ઉપયોગ કરીએ છીએ મુખથી આ શ્લોક બોલીને આપણે શુભકામાનાની આપણી મોટી જવાબદારી પુરી કરી હોય એવો અહેસાસ કરીએ છીએ બીજાને કંઈક આપવું એવું આપણી સંસ્કૃતિ એ શીખવ્યું છે. આપણી પાસે જે કાંઈ છે તે બીજાને આપો વહેંચીને ખાવામાં વધારે ખુશી મળે છે. તેમજ મનુષ્યની પરિભાષા આપતાં કહેવામાં આવ્યું છે કે, ઝુંટવીને લે તે અસુર, માંગીને લે તે માણસ અને ઈસારાથી સમજીને આપણી પાસે જે છે તે બીજા માટે વાપરે તે દેવ છે. પુણ્ય કર્મ કમાવવા ઘણા ઘણા માર્ગ છે. કંઈક આપીએ તો પુણ્ય જરૂર બને છે. પરંતુ સાથે સ્નેહ, પ્યાર આપવો સહું માટે શુભકામના, શુભભાવના રાખવી એ પણ મોટામાં મોટી પુણ્યની કમાણી છે.

પ્રેમથી વ્યવહાર કરવાથી આત્મ સંતુષ્ટ પણ પ્રાપ્ત થાય છે. અને સામેની આત્મા પણ ખુશ થાય છે. આમ દિવ્યગુણ યુક્ત વ્યવહારથી પુણ્યકર્મ બને છે. આપણે પુણ્યકર્મ ની પરીભાષા અત્યાર સુધી અલગ કરતા આવ્યા ભુદાન, વસ્ત્રદાન, અન્નદાન, ધનદાન,..

આ પુણ્યનું કામ આવું દાન કરીને આપણે સમાજમાં એકબીજાને મદદરૂપ બનીએ છીએ સાથે સાથે એકવાત યાદ રાખીએ જેની પાસે જમીન,ધન, વસ્ત્ર, કે કોઈપણ ચીજદાન આપવા માટે નથી તે પણ પુણ્યકર્મ કરી શકે છે. પરમપિતા પરમાત્મા શ્રેષ્ઠ દાન કરવાનું શીખવે છે. આપણે સર્વ આત્માઓ માટે શુભભાવના રાખીને સંકલ્પ શક્તિથી એવું વાતવરણ બનાવી અને એકબીજાને સહયોગ આપવો એ

અનુસંધાન પાના નં.૬ ઉપર

**સૌરભ** બી.કે.નીતાબેન

## ઇ ઓક્સનથી ખેડુતોનો...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

જેને વિશ્વના કોઇ પણ ખુણાનો વેપારી ખરીદી શકે તે પ્રકારની વ્યવસ્થા પણ ટુંક સમયમાં ઉભી કરવામાં આવશે.જેનાથી એક નવા જ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા ભર્યા વ્યાપારનો ઉદય થશે. જેનો સીધો જ ફાયદો ખેડુતોને થશે આ પદ્ધતિ છ મહીનામાં શરૂ કરી દેવામાં આવશે તેવી ખાત્રી પણ આપી હતી.પીલુડામાં માર્કેટયાર્ડ અને વેપારી પેઢીઓની શરૂઆતની સાથે જ બે હજાર બોરી જેટલા માલની આવક થતાં તેની હરાજીની પણ શરૂઆત થઇ જવા પામી હતી.

## પ્રજ્ઞાચક્ષુ હોવા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

માસ્ટર ડીગ્રી (એમ.એ.) મેળવી સંગીત શિક્ષક બનવાનું સ્વપ્ન સાકાર કર્યું. સંગીત અને તબલા વાદનમાં તેની ‘માસ્ટરી’ જોઈ હર કોઈ મંત્રમુગ્ધ બની જાય છે. પરંતુ કુદરત બાદ સરકારે પણ તેની ક્રુર મજાક કરતા અનેક પ્રયાસો કરવા છતાં તે નોકરીથી વંચિત રહી ગઈ છે. જેથી તેણીના સંગીતના સૂર અકાળે આથમી ગયા છે. બંને આખે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં તે રસોઈ, ઘરકામ અને કોમ્પ્યુટર પણ ચલાવે છે. ખાનગી સંગીત કાર્યક્રમોમાં તેની કળા નિહાળી લોકો આફીન પોકારી ઉઠે છે. પરંતુ તેની પ્રતિભા અને હોંશિયારીની કદર ન થતા તે હતાશામાં ગરકાવ થઈ ગઈ છે.

## ભાજપ કોંગ્રેસના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

મોતીભાઈ વાલજીભાઈ દેસાઈ ભાજપ, મોટાકાપરામાં રમીલાબેન દિનેશભાઈ મેજીયાતર ભાજપ, સાકરબેન જોગાભાઈ પરમાર કોંગ્રેસ, નાંદલામાં રાધાબેન તુલસાજી ભીલ કોંગ્રેસ, રાધાબેન સુમાળજી ભીલ ભાજપ, ચિત્રોડામાં પીરાભાઈ લાલાભાઈ રબારી કોંગ્રેસ, પાંચાભાઈ દાંનાભાઈ રબારી ભાજપ, નાણીમાં નરસીભાઈ જામાભાઈ ચરમટા કોંગ્રેસ, નરસીભાઈ ધુડાભાઈ ભાટચા ભાજપ, કમોડીમાં જેઠાભાઈ મગનભાઈ પરમાર ભાજપ, રજુબેન સોનાભાઈ પરમાર કોંગ્રેસ, લીંબાઉમાં ઉકાભાઈ નાગજીભાઈ ચૌહાણ કોંગ્રેસ, સગથાભાઈ ભીખાભાઈ રાજપુત ભાજપ, ગણતામાં જડીબેન વાલજીજી ચાવડા કોંગ્રેસ, વાલીબેન તરસંગજી ચાવડા ભાજપ, લાલપુરમાં મહેશકુમાર કાંતિલાલ દવે કોંગ્રેસ, હરજીભાઈ માનાજી મકવાણા ભાજપ, મડાલમાં તરસંગજી હરદાસજી હેમાસીયા ભાજપ, ભેરાજી જેઠાજી પટેલ કોંગ્રેસ, જડીયાલીમાં ગોમતીબેન ઉમેદજી પરમાર કોંગ્રેસ, રમીલાબેન બળવંતજી પનારા ભાજપ, દેતાલડુઆમાં કમળાબેન પ્રધાનજી ઠાકોર ભાજપ, હંસાબેન હજુરજી સોલંકી કોંગ્રેસમાંથી ચુંટણી લડશે.

## ડીસાના ચાર...

**પાના નં.૮ ચાલુ**

(નવાવાસ), શિહોરી, પોલીસ મથકે વિદેશી દારૂ મનુભા અગરસિંહ વાઘેલા (ઉંબરી તા.કાંકરેજ) વિરૂધ્ધ બેથી વધુ ગુના નોંધાયેલ હતા. જેથી તેમને બે વર્ષ માટે કચ્છ - ભુજ, પાટણ, મહેસાણા, ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાભરમાંથી પ્રાંત અધિકારીએ તડીપારનો આદેશ કર્યો હતો.

## થરાદની સરકારી...

**પાના નં.૮ ચાલુ**

નિયમીત સફાઇ અને ઘાસ કટીગ કરવા,અંગ્રેજી અને પીટી વિષયના અધ્યાપક ન હોઇ તાત્કાલિક ધોરણે એડવોક ભરતી, સલામતીના કારણોસર પટાવાળાને ડ્રેસ પહેરીને મુખ્ય દરવાજા પાસે બેસાડવા, કોલેજમાં એનસીસી ચાલુ કરવા, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનાર વિધાર્થીઓને યુવા મહોત્સવમાં લઇ જવા, વિધાર્થીઓ સાથે અપમાનજનક વ્યવહાર કરતા પટાવાળા, જીમ ચાલુ કરવાની જાહેરાત છતાં ચાલુ નથી કરાયું,તથા રજુઆત કરવા આવતા વિધાર્થીઓને ઈરાદાપુર્વક નાપાસ કરાતા હોવાનો તથા કોલેજમાં જ્ઞાતિવાદ ચાલતો હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરાયો હતો.સાથે સાથે જો નિશ્ચિત સમયમર્યાદમાં વિધાર્થીઓના હિતમાં તેનું નિરાકરણ કરવામાં નહી આવેતો એબીવીપી દ્વારા ઉગ્ર આંદોલનની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.આ પ્રશ્નો ને લઈ આજ રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિસદ દ્વારા આજ રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ને આવેદનપત્ર(લેખિત રજુઆત) આપવા આવેલ હતા ત્યારે ત્યાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલે તેમને સીધો જવાબ આપવાના બદલે હું પ્રિન્સી પાલ નથી હુતો ચાર્જમાં છું અને મને કંઈ કોઈ વધારાનો પગાર પણ મળતો નથી અને તમે આવું લખાણ લખ્યું છે એટલે હું તમારા પર ફરિયાદ કરી દઈશ જેવી ધમકીઓ મળતાં વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા.

## જસરા ગામમા...

**પાના નં.૮ ચાલુ**

સાથે વાત કરતા પીડિતો જણાવ્યું હતું કે સરકાર ભલે ગમે તે વાત કરે અહીંયા નેતાઓ આવે છે કહીને જાય છે પણ સહાય કશુજ આપતા નથી સાથે આવનાર ચૂંટણી માં અમારી પરિસ્થિતિ સમજ સે તેનેજ મત આપવાની વાત કરી હતી.

પુર પીડિત કાળીબેન, પોપટભાઈ દેવીપૂજક જીવતબેન જણાવી રહ્યા છે કે અમને તો પાઈ પણ મળી નથી. સરકારે બનાસકાંઠામાં ૨ હજાર કરોડ ની સહાય ચૂકવી છે અને ભાજપના નેતાઓ પણ કહે છે જસરામાં તમામ સહાય ચુકવાઈ છે ભાજપના નેતા અને જસરા સીટ પરથી જિલ્લા પંચાયત ની ચૂંટણીમાં હાલના ડેલીગેટ પણ કહે છે જસરામાં તમામ સહાય ચુકવાઈ છે માત્ર કોંગ્રેસ ખોટી વાતો કરી છે તેવા દાવા કરી રહ્યા છે. ભાજપના આગેવાન અને જિલ્લા પંચાયત સદસ્ય અને શિક્ષણ સમિતિ ચેરમેન બાબરાભાઈ પટેલનું કહેવું છે..

તો બીજી બાજુ કોંગ્રેસ અગ્રણી અને પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય કહે છે પુરમાં માત્ર ભાજપના લોકો નેજ સહાય ચુકવવામાં આવી છે અને સહાયમાં ભષ્ટાચાર થયો છે. સાચા લોકો મેં સહાય મળી નથી. આમ ભાજપ અને કોંગ્રેસના આક્ષેપ પ્રતિ આક્ષેપ વચ્ચે સરકારી કાગળોમાં કરોડોના આંકડા સહાય ચૂકવાયાના બોલી રહ્યા છે ત્યારે આ સહાય ગઈ ક્યાં તે એક સવાલ છે.

## થરાદના ખોડા...

**પાના નં.૮ ચાલુ**

હકિકત આધારે થરાદ પો.સ્ટે.ના માણસો એ.એસ.આઇ પ્રતાપસિહ તથા ખોડા પોલીસ ચેકપોસ્ટ ફરજ ઉપરના પો.કો ઓખાભાઇ તથા પો.કો ભાવાભાઇ તથા પો.કો. અશોકભાઇ તથા પો.કો. ઉમાભાઇ તથા એલ.સી.બી. શાખા પાલનપુરના માણસો હે.કો. રણજીતસીહ તથા પો.કો. હરેશદાન તથા ખોડા ચેકપોસ્ટ ફરજ ઉપરની જી.આર.ડી.ના સભ્યો સંકરભાઇ તથા કરણાજી સાથે ખોડા પોલીસ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકિંગ દરમ્યાન હકિકત વાળી ટ્રક નંબર જીજે.૧૨.એટી.૮૪૮૬ આવતાં ચેક કરતાં સદરે ટ્રકમાંથી ઇંગ્લીસ દારૂની પેટી નંગ ૧૯૫ બોટલ કુલ નંગ. ૨૩૪૦ કુલ કિ.રૂ. ૯,૨૫,૨૦૦/- તથા ટ્રકની કીમત રૂ. ૬,૦૦,૦૦૦/- તથા બે મોબાઇલ તથા રોકડ રકમ મળી કુલ કી.રૂ. ૧૫,૩૨,૫૦૦/-નો મદ્દામાલ રાખી ટ્રક ચાલક ગણપતસીહ અચલસીંગ સોઢા રહે. કૈયારી તા. લખપત જી.કચ્છ, ભુજ વાળો પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ સદરે વિરુધ્ધ થરાદ પો.સ્ટે.માં પ્રોહીનો ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## પાલનપુરની વાલકેશ્વર...

**પાના નં.૮ ચાલુ**

નગર પાલિકાના રાજમાં શહેરમાં મોટા ભાગના વિસ્તારોમાં સોસાયટીના રહીશો દ્વારા ઘર વપરાશના ગંદા પાણીનો જાહેરમાં નિકાલ કરવામાં આવી રહ્યો છે. જ્યાં ગંદકી થવાની માખી- મચ્છરોનો ઉપદ્રવ થવા સાથે રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહે છે. ત્યારે કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલી નગરપાલિકા દ્વારા ઠોસ કાર્યવાહી ન થતા લોકોને ફાવતું જડી રહ્યું છે.

જોકે, સ્વચ્છતા અભિયાનના ધજીયા ઉડાવતાં લોકો સામે પગલાં ભરવાની માંગ જોર પકડતા આખરે શહેરના ડેરી રોડ નજીક આવેલી વાલકેશ્વર સોસાયટીના રહિશોને પાલિકા દ્વારા નોટિસ અપાઇ છે. આ અંગે નગરપાલિકા સેનીટેશન વિભાગના ચેરમેને ગિરીશ પરમારે જણાવ્યું હતુ કે, વાલકેશ્વર સોસાયટીમાં જાહેરમાં ગંદકી કરતાં ૧૬ રહીશોને નોટિસ આપવામાં આવી છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૪૦૦-૩૯૭૦૦**
રૂપુ કાચું ૩૯૪૦૦-૩૯૬૦૦
સોનુ તોલો ૩૧૦૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૫૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૬૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૫૧૦
સીગતેલ ૫ લી. ૫૦૦
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૬૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ ૧૧૨૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૨૫૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૩૦૦-૩૪૦૦**
**ખાંડ એમ. ૩૪૫૦-૩૫૦૦**
ખાંડએલ. ૩૫૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુપરપ
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૬૦
સુકી ડુંગળી ૪૪૦-૫૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૨૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૪૦૦-૫૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૭૦૦

# અમદાવાદમાં બેવડી સિઝનનો અનુભવ : પારો ઘટીને ૧૩.૨

અમદાવાદ

જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થઇ હોવા છતાં દિલ્હી અને એનસીઆરમાં તેની અસર વચ્ચે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં અસર નહીવત દેખાઈ હતી. લઘુત્તમ તાપમાનમાં પણ કોઇ વધારે ફેરફારની સ્થિતિ જોવા મળી ન હતી. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૩.૨ અને ગાંધીનગરમાં ૧૨.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૧.૭ ડિગ્રી નોંધાયું હતું. તંત્ર તરફથી કોઇ ચેતવણી અપાઈ નથી. આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઇ ફેરફારની તકો દેખાતી નથી. શહેરમાં બપોર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૩.૨ ડિગ્રી રહ્યુ હતુ. જ્યારે મહતમ તાપમાન ૨૯.૧ ડિગ્રી રહ્યું હતું. પાટનગર ગાંધીનગરમાં આજે લઘુતમ તાપમાન ઘટીને ૧૨.૨ ડિગ્રી હતુ. નલિયામાં આજે પારો ૧૧.૭ ડિગ્રી રહ્યો હતો. બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે. બપોરના ગાળામાં લોકો ગરમીનો અનુભવ કરી રહ્યા છે જ્યારે વહેલી સવારે અને મોડી સાંજે ઠંડી પણ જોવા મળી રહી છે. બેવડી સિઝનના કારણે લોકો પરેશાન થયેલા છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોને હવે પહેલાની સરખામણીમાં ઠંડીથી રાહત થઇ છે પરંતુ હજુ પણ પારો ખુબ નીચે પહોંચેલો છે.

# ડી’વિલિયર્સના કમબેકથી સાઉથ આફ્રિકા ટીમ જોશમાં

ભારતે સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ-શ્રેણી ૧-૨થી હારી ગયા પછી હવે પહેલી ત્રણેય વન-ડે જીતીને છ મૅચની સિરીઝમાં ૩-૦થી અપરાજિત સરસાઈ મેળવી તો છે, પરંતુ હવે પછીની સફર ટીમ ઇન્ડિયા માટે થોડી મુસીબતભરી બની શકે. કારણ એ છે કે હાથની આંગળીની ઈજાને લીધે પહેલી ત્રણ વન-ડેમાં ન રમી શકનાર આક્રમક અને ભરોસાપાત્ર બૅટ્સમૅન એ. બી. ડી’વિલિયર્સ શનિવારે રમાનારી ચોથી વન-ડેથી યજમાન ટીમમાં પાછો આવી રહ્યો છે. આગામી વન-ડે હવે ૧૩ ફેબ્રુઆરી અને ૧૬ ફેબ્રુઆરી એ રમાશે. જોકે, ડી’વિલિયર્સ શનિવારથી કમબૅક કરી શકશે કે કેમ એનો નિર્ણય આજની પ્રૅક્ટિસ પછી જ લેવાશે. જે. પી. ડુમિનીએ કહ્યું હતું કે એબીના કમબૅકથી ટીમ ભરપૂર આત્મવિશ્ર્વાસ સાથે ફરી જોશમાં આવી જશે.

# ઘરેલુ ઉપચાર - કબજીયાતમાં રામબાણ ઔષધિ છે મેથીદાણા

મેથીદાણા ખાવામાં સ્વાદિષ્ટ હોવા સાથે તમારી હેલ્થ માટે ફાયદાકારક હોય છે. તેનાથી કબજિયાતની ફરિયાદ દૂર થાય છે. આવો જાણીએ તેના ફાયદા વિશે..

કબજીયાતમા ફાયદાકારી - મેથીદાણાના શાકમાં આદુ અને ગરમ મસાલાનો પ્રયોગ કરી ખાવાથી લો બીપી અને કબજીયાતમાં ફાયદો થાય છે

પોષક તત્વ - મેથીદાણામાં ફોસ્ફેટ, લેસિથિન અને ન્યુક્લિઓ અલબ્યુનિન જેવા પોષક તત્વો હોય છે જે આને ઉપયોગી બનાવે છે.

પાચનક્રિયા સારી રાખે છે - તેમા રહેલ પાચક ઈંજાઈમ પૈક્રિયાજને વધુ ક્રિયાશીલ બનાવે છે. તેનાથી પાચન ક્રિયા સરળ બને છે

ડાયાબીટીશમાં રાહત - રોજ એક ચમચી મેથીદાણા પાવડર પાણી સાથે ફાંકવાથી ડાયાબીટીશમાં રાહત મળે છે. લીલી મેથી રક્તમાં શુગરને ઘટાડી દે છે. તેથી ડાયાબીટીશના રોગીઓ માટે આ ફાયદાકારી હોય છે. રોજ રાત્રે દોઢથી બે તોલા મેથી દાણા રાત્રે પલાળી રાખી સવારે ખૂબ મસળી આ પાણી ગાળીને પીવાથી ડાયાબીટીશમાં રાહત મળે છે.

સાંધાના દુ:ખાવામાં ઉપયોગી - સવાર સાંજ ૧-૩ ગ્રામ મેથીદાણા પાણીમા પલાળીને ખાવાથી સાંધામાં દુખાવો થતો નથી.

## શ્રધા અને સંસ્કાર...

**અનુસંધાન ૫ નું ચાલુ**

હવે મારો માર્ગ નિષ્કંટક બન્યો છે. કનકરથને હવે મારી જીવનસંગીની બનાવીને જીવનને સંગીન બનાવવાની તક હવે છોડવા જેવી નથી. પોતાના પિતાજીને પોતાની ઈચ્છા જણાવી. પિતાએ તરત રથમર્દનપુરના રાજા હેમરથની સભામાં દુત મોકલી આપ્યો.. હેમરથ રાજાએ રાજની માંગણીનો સહર્ષ સ્વીકાર કર્યો.

રાજાએ કનકરથને બોલાવીને કહ્યુ: ‘વત્સ ! તારા વિવાહ માટે રૂક્મિણીના પિતા તરફથી દુત આવ્યો હતો. મેં તેમને વચન આપી દીધું છે તારે આજે જ પ્રસ્થાન કરવાનું છે.’ હેમરથ રાજાના મનમાં પણ કનકરથની બેચેની સતત ખટકતી હતી. કોઈક યોગ્ય પાત્ર મળી જાય અને તેના પુર્વના દુઃખો વિસ્મૃત થાય, આ એક જ વિચારથી રાજકુમારના પુનર્લગ્નનો વિચાર તરત કરી લીધો.

કનકરથના મનમાંથી ઋષિદત્તા હટતી ન હતી. તેનો નિર્દોષ અને પ્રેમાળ ચહેરો તેની નિરપરાધિનતાના સાક્ષી હતા. રૂક્મિણી સાથે લગ્નનો વિચાર તેને વધુ બેચેન બનાવતો હતો. છતાં પણ દાક્ષિણ્ય ગુણના કારણે પિતાની વાતને તે ઠેલી ન શકયો.

**પં.રાજપદ્મ વિજયજી**

## જીવનદર્શન..

**અનુસંધાન ૫ નું ચાલું**

ઉદઘોષક તરીકે પ્રોત્સાહન આપવા મને એટલે કે ભગવાનભાઈ બંધુ સહિત અનેકનું સ્મરણ કરી સૌના દિલમાં તેમણે જગ્યા બનાવી લીધી. કોમવાદ કરતાં કામવાદને મહત્વ આપતા પરબતભાઈ પટેલ લોકોના હ્દયમાં એક સ્પષ્ટ વકતા તરીકેની અને ખુબ જ ઈમાનદાર રાજકારણીની છાપ ધરાવતા હોવાને લીધે છેલ્લા ૩૩ વર્ષથી જાહેર જીવનમાં અણનમ બની ટકી રહ્યા છે. પૂર્વ મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન માનનીય શ્રી શંકરભાઈ ચૌધરીના થોડા સમય પહેલાંના ડીસાના કાર્યક્રમમાં પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પરબતભાઈ પટેલને એક સારા વડીલ અને માર્ગદર્શક તરીકે યાદ કરીને ગૌરવ બક્ષ્યું હતું. એક મંત્રી તરીકે બનાસકાંઠા જિલ્લાની વધારેને વધારે સેવા કરીને તેઓ લોકોનો અને પરમાત્માનો રાજીપો પ્રાપ્ત કરે અને તંદુરસ્ત જીવન સાથે તેમની જીવનમંઝીલને સતત આગળ ધપાવતા રહે તેવી શુભકામનાઓ સાથે પરબતભાઈ પટેલના જીવનકાર્યને ખૂબ ખૂબ અભિનંદન..

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## આરાધના

**અનુસંધાન ૫ નું ચાલુ**

ત્યાર પછી વાજપેયીજી વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે વિજ્ઞાન અને ટેકનોલોજીનું મહત્વ સમજયું અને દેશને નવું સૂત્ર આપ્યું, જય જવાન, જય કિસાન જય વિજ્ઞાન’ અને આપણે વિજ્ઞાન ક્ષેત્રે પણ હરણફાળ ભરતી પ્રગતિ કરી છે.

કહેવાતા છીછરા વિચારોવાળા વ્યક્તિઓ નેતા બનવાની હોડમાં લાગી રહ્યા છે. બસો પાંચસો લોકોને ઉછેરીને નાના મોટા અને તોફાનો કરીને પોતાનો કક્કો ખરો કરવાના પ્રયત્નો કરે છે ત્યારે આપણને આપણા પુર્વ થઈ ગયેલા મોટા ગજાના નેતાઓ યાદ આવે છે.

આજે આપણે દ્રઢ સંકલ્પ પોતાની જાતે જ નક્કી કરવાનો છે. હું કોઈનો દોરવાયો દોરવાઈશ નહીં નાની મોટી માંગણીઓ મારે ન્યાયાલયમાં જઈશ. કાયદેસર કાર્યવાહી કરીને, ન્યાય તોળાઈ જાય ત્યાં સુધી ધીરજ અને સંયમ રાખીશ. મારી માંગણીઓ માટે હું કયાંય જાહેરમાં તોફાનોમાં ભાગ લઈશ નહીં.. દેશની જાહેર મિલ્કતો બસ, રેલ્વે કે અન્ય નાનાં મોટાં સાધનોને નુકશાન કરીશ નહીં.. રસ્તાઓ રોકીને આમ જનતાને પરેશાન થવું પડે તેવા કોઈ કામમાં હું સામેલ થઈશ નહીં.. કારણ કે આવા ટુંકા રસ્તે નેતા બનવા નીકળેલાઓ એ ભુલી જાય છે કે જાહેર સંપત્તિનું નુકશાન એ છેવટે તો આપણું જ નુકશાન છે’ છેવટે કરવેરા વધારે ચુકવીને એ જ ઘટ પુરી શકાશે અથવા પ્રગતિ રૂંધાશે માટે આજથી જ દ્રઢ સંકલ્પ કરીને રાષ્ટ્રહિતના કામમાં લાગી જઈએ..જય હિંદ.. આઝાદ હિંદ.. જીંદાબાદ...ના સોનેરી સૂત્રને સાકાર કરીને આજનું રાષ્ટ્રીય પર્વ ઉજવીએ.

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

**અનુસંધાન ૫ નું ચાલું**

**અભિયાનનું શું થાય ?**
**તને થોડો નિરક્ષર રહેવા દે પછી તને ભણાવીશ**
**શૌચાલય, વસ્તી, પશુ પક્ષીની ગણતરી કરવા દે**
**પછી સમય સંજોગોને બેલ સહયોગી બનશે તો ભણાવીશ**
**હું કાંઈ શિક્ષક-બિક્ષક નથી એક કર્મચારી છું**
**સાચો શિક્ષક પેલા બનવા દે પછી તને ભણાવીશ**

શિક્ષકના હ્દયે પોતાના વિદ્યાર્થી પાસે હૈયાવરાળ કાઢી પણ એ વેદનાને સાંભળશે કોણ ? સમજશે કોણ ? સાચો શિક્ષક રહ્યો છે કયાં ? આ બધા કામથી ત્રસ્ત છેવટે બિચારો ? કંટાળીને મોબાઈલ, સાઈડ બીઝનેસ કે અન્ય પ્રવૃત્તિમાં વ્યસ્ત બની જાય છે. ભ્રષ્ટાચારના આ યુગમાં બીજાની હરોળમાં રહેવા પ્રયત્ન તો કરવો પડે ને ?શિક્ષકની આ હ્દય વેદનાની સાથે પરિવાર વેદના પણ દોડતી હોય છે. શિક્ષણની ઘોર ખોદવામાં બધા સક્રિય બન્યા છે ને એક ષડયંત્રરૂપ પણ હોય. પ્રજા જેટલી નિરક્ષર રહે તેટલી બાંયો ઓછી ચડાવે, આધારકાર્ડને બધા સાથે લીંક કરાવવાનો આગ્રહ રાખતા આપણા લોકસેવકો એકાદ ભાષણમાં એવું તો બોલે કે હવે આધારકાર્ડ ‘ચૂંટણીકાર્ડ’ સાથે લીંક થયેલ નહીં હોય તો ‘મતદાન’ કરી શકાશે નહીં બોલો ભોળાનાથની જય સમજાય તો સારૂં નહીંતર જય શિયારામ..

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## સૌરભ...

**અનુસંધાન ૫ નું ચાલું**

પણ મોટામાં મોટા સહયોગ છે. આમ પુણ્યકર્મ એટલે શ્રેષ્ઠ કર્મ કરવું પુણ્યકર્મ છે.

આપણે દિવસમાં અનેક કર્મ કરીએ છીએ એમાં ચેક કરીએ કેટલાં ક્યાં ક્યાં કર્મો પુણ્યખાતામાં ગયા અને કેટલા કર્મો પાપ કર્મોના ખાતામાં ગયાં ? ધનનો હિસાબતો રોજ રાખીએ છીએ પરંતુ કર્મોના હિસાબ રાખ્યો છે ખરા ? રસ્તે ચાલતાં કોઈને મેં કંઈક આપ્યું ખરા ? આપણે દાતાના બાળકો છીએ આપણી પાસે કોઈપણ આવે તેને કંઈક તો આપો ચીજ ન આપી શકીએ તો ર મીઠા બોલ, શુભભાવના, પ્રેમ, શાંતિ, ખુશી, આનંદ તો આપી શકીએ આપણા સંકલ્પોમાંએ શક્તિ રહેલી છે. જે ગમે તેવા નિરાશાજનક પરીણામને પણ આશાઓમાં ફેરવી દે છે. આપણે પ્રસંગોપાત કોઈપણ મિત્ર સંબંધીઓને ચીજોની ભેટ ધરીએ છીએ પરંતુ ચીજોની સાથે શ્રેષ્ટ સંકલ્પ સંકલ્પ પણ આપીએ શુભભાવનાની સુંગધ આપીએ મીઠા વ્યવહારની મીઠાઈ આપીએ તો એમાં તો કોઈ ખર્ચ નથી અને દીલખુશ મીઠાઈ આપણે ખાતા રહીએ અને બીજાને પણ ખવડાવીએ એમાં કોઈ કંજુસાઈ ન કરીએ કોઈ ખર્ચ વિનાની મીઠાઈ છે.

શુભભાવના એ એક જાદું નું કામ છે. જ્યારે પણ આપણા જીવનમાં કોઈ કષ્ટ આવે ત્યારે આપણે પ્રભુ પાસે, દેવી-દેવતાઓ, વડીલો, પાસે આશિષ લેવા જઈએ છીએ આ આશિષ એટલે કે, શુભકામના પ્રભુ અને દેવી-દેવતાઓ તો સર્વના માટે સદાની ભાવના રાખે તે ભગવાનતો છે જ કલ્યાણ કારી ભગવાનની ક્યારે પણ અકલ્યાણની ભાવના ન હોય અને વડીલો પાસે પણ પોતાના સંતાનો માટે સ્નેહની સરવાણી ઝરતી જ રહે છે. પોતે કષ્ટ સહન કરીને પણ બાળકોને સુખમળે ખુશ રહે એવી મંગલકામના રહે છે.

આપણે સહુ એકબીજા માટે જો આવી ભાવના રાખતા થઈએ તો સ્વર્ગ બની જશે બીજાનું ખરાબ થાય. બીજાને તકલીફ પડે બીજાને ઓછું મળે અથવા મળે જ નહી જે કાંઈ છે જે કાંઈ તે બધુ મને જ મળે એવી સ્વાર્થ ભાવના રાખવાથી આપણે જાતે જ પોતાને નુકશાન પહોંચાડીએ છીએ. આપણે માત્ર શ્લોક જ બોલવાનો નથી પરંતુ સદા આપણા દિલમાં શુભભાવના શુધભકામના રહે સર્વ માટે મંગલકામના કોઈપણ જાતિ,ધર્મ, સગા-સંબંધી, સગા-પારકા કોઈપણ પ્રકારના ભેદોથી પર રહીને શુભભાવ આપો. બિન શરતી સ્નેહ, શુભભાવ આપો વિરાટ ભાવનાથી વિરાટ વિશ્વ, વિરાટ પરિવારને વિશાળ હ્દયથી ચાહો, નિર્મળ, નિઃસ્વાર્થ સ્નેહ આપો અને સર્વના સુખ માટે મંગલકામના કરો. બીજાને આપીશું તેનાથી અનેકગણું આપણને રીર્ટન મળશે.

**બી.કે. નીતાબેન**

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

## "હેપ્પી બર્થડે વિધી"



પિતા-રમેશભાઈ પ્રજાપતિ
માતા-ગીતાબેન પ્રજાપતિ
દાદા-દેવાભાઈ પ્રજાપતિ
દાદી-મંગુબેન પ્રજાપતિ
જન્મ તારીખ- ૧૩/૨/૨૦૧૬
ગામ-પાલડીમિઠી,
તા-દીયોદર,જી-બનાસકાંઠા

## જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ............................................................
સરનામુ : ............................................................
મોકલનારની સહી : ..................................................

## ચાલો આદર્શ નામનો એક નવતર પ્રયોગ


સતીષ ભટ્ટ

સાબરકાંઠા જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય એ માટે ચાલો આદર્શ નામનો એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.જેમાં ગુજરાત રાજયના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાં હાજર રહ્યા હતા.

સાબરકાંઠા જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય એ માટે ચાલો આદર્શ નામનો એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે... ત્યારે ગુજરાત રાજયના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાં આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા.. હિમતનગર બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિરના સહયોગથી શરુ કરેલા આ પ્રોજેક્ટનો અમલા સાબરકાંઠા જીલ્લાની તમામ શાળાઓમાં કરવામાં આવશે...આ પ્રોજેક્ટ અંતર્ગત શાળામાં અભ્યાસ કરતા બાળકો આદર્શ નાગરિક બને, તે સાચું બોલે, નિયમિત થાય તે માટે માત્ર ૪૦ કલાકના પ્રયોગ થકી બાળકોમાં બદલાવ આવે એ માટે એક વિડીયો સીડી તૈયાર કરવામાં આવી છે...અને આ સીડીઓ દરેક શાળાઓમાં આપવામાં આવી છે.

## રાજયપાલના હસ્તે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તેજસ્વી તારલાઓનું અભિવાદન કરાશે

પાટણ

મહામહિમ રાજપાલશ્રી ઓ.પી.કોહલી તારીખ ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ પાટણ ખાતે પધારી રહ્યા છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે બપોરે ૦૩.૦૦કલાકે યુનિવર્સિટી રંગભવન ખાતે યોજાનાર કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે યુનિવર્સિટીના તેજસ્વી તારલાઓને સુવર્ણમંડિત ચંદ્રકોની એનાયત વિધિ કરાનાર છે. આ પ્રસંગે રાજ્ય સરકારના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેનાર છે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ.બી.એ.પ્રજાપતિ સહિત ગણમાન્ય મહાનુભાવો સુવર્ણચંદ્રક એનાયત વિધિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેમ કુલ સચિવ ડૉ. ડી.એમ પટેલની યાદીમાં જણાવાયું છે.

રોજગારકચેરી, પાટણ દ્વારા

## પાટણ જિલ્લામાં ફેબ્રુઆરી-૨૦૧૮ દરમ્યાન નામ નોંધણી કેમ્પનું આયોજન

પાટણ

રોજગાર કચેરી, પાટણ દ્વારા પાટણ જિલ્લામાં વિવિધ તાલુકા મથકોએ નામ નોંધણી, રીન્યુઅલ અને વ્યવસાયી માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયુ છે. રોજગારવાંચ્છુ ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુઅલ અને વ્યવસાય માર્ગદર્શન આપવા માટે તા. ૧૪/૦૨/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી, ચાણસ્મા, તા. ૧૭/૦૨/૨૦૧૮ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સાંતલપુર અને તા. ૨૨/૦૨/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી, રાધનપુર ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જો જાહેર રજા હોય તો તે પછીના દિવસે નામ નોંધણી કેમ્પ યોજાશે. નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ એલ.સી. તથા જો જાતિમાં આવતા હોય તો સક્ષમ અધિકારીશ્રીનો જાતિ અંગેનો દાખલો તથા શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણિત કરેલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ, ઈ-મેઈલ આઈડી તથા પાસપોર્ટ સાઈઝના બેફોટોગ્રાફ સાથે લાવવા તેમ જિલ્લા રોજગાર અધિકારી પાટણની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વિવિધ બજાર ભાવ

| | |
|---|---|
| **ડીસા** | |
| એરંડા | ૮૦૫-૮૨૧ |
| રાયડો | ૬૬૦-૭૦૮ |
| બાજરી | ૨૩૫-૨૬૧ |
| મગફળી | ૬૪૫-૭૫૦ |
| રાજગરો | ૭૦૦-૭૬૩ |
| ગવાર | ૭૭૫-૮૨૩ |
| સરસવ | ૭૪૧-૭૪૪ |
| **લાખણી** | |
| એરંડા | ૭૯૦-૮૧૫ |
| રાયડો | ૬૬૦-૬૯૪ |
| ગવાર | ૮૦૦-૮૩૧ |
| રાજગરો | ૭૪૦ |
| તલ | ૧૪૮૦-૧૪૮૫ |
| વરી. | ૧૦૭૪ |
| **પાલનપુર** | |
| એરંડા | ૮૦૦-૮૨૨ |
| રાયડો | ૬૧૧-૭૦૯ |
| ઘઉં | ૩૩૪-૩૭૯ |
| બાજરી | ૨૩૪-૨૫૨ |
| જુવાર | ૭૮૭-૭૯૯ |
| રાજગરો | ૬૫૦-૭૬૮ |
| **ભીલડી** | |
| એરંડા | ૮૦૫-૮૨૧ |
| રાયડો | ૬૬૦-૭૦૮ |
| રાજગરો | ૭૦૦-૭૬૩ |
| મગફળી | ૬૪૫-૭૧૦ |
| બાજરી | ૨૪૦-૨૫૪ |
| ઘઉં | ૩૨૫ |
| ગવાર | ૭૭૫-૮૨૩ |
| સરસવ | ૭૪૧-૭૪૪ |
| **ધાનેરા** | |
| ઘઉં | ૩૦૦-૩૧૦ |
| જુવાર | ૮૦૦ |
| એરંડા | ૮૦૦-૮૧૧ |
| રાયડો | ૬૫૦-૬૯૮ |
| તલ | ૧૪૫૧-૧૫૪૯ |
| સુવા | ૮૭૦-૯૭૩ |
| રાજગરો | ૬૫૦-૭૬૬ |
| અન્ય | ૭૬૦-૧૧૭૧ |
| બાજરી | ૨૪૨-૨૮૦ |
| ગવાર | ૮૦૦-૮૩૪ |
| મગફળી | ૫૭૦-૬૦૦ |
| **થરાદ** | |
| રાયડો | ૬૮૦-૭૩૮ |
| એરંડા | ૮૦૦-૮૧૬ |
| જીરુ | ૨૫૦૦-૩૨૫૦ |
| અજમો | ૧૦૦૦-૧૭૬૦ |
| ગવાર | ૮૦૬-૮૨૬ |
| મગ | ૭૦૦-૯૨૬ |
| મઠ | ૪૫૦-૫૭૬ |
| રજકાબાજરી | ૩૫૧-૩૭૦ |
| બાજરી | ૨૫૦-૩૦૦ |
| **રાહ** | |
| રાયડા | ૬૭૦-૬૮૫ |
| એરંડા | ૮૦૦-૮૧૦ |
| રજકાબાજરી | ૩૬૦-૩૮૫ |
| ચિકુડી | ૧૦૬૦-૧૧૦૦ |
| **થરા** | |
| જીરૂ | ૩૪૦૦-૩૫૦૦ |
| એરંડા | ૮૧૫-૮૨૪ |
| રાયડો | ૬૫૬-૭૦૫ |
| ગવાર | ૭૭૦-૮૨૫ |
| ઘઉં | ૩૦૨-૩૪૦ |
| બાજરી | ૨૩૨-૨૫૫ |
| તલ | ૧૫૦૯-૧૫૧૫ |
| બંટી | ૩૫૦-૩૬૦ |
| જુવાર | ૬૫૦-૭૧૮ |
| અડદ | ૭૪૦-૭૫૦ |
| **સિદ્ધપુર** | |
| ઘઉં | ૩૨૦-૩૬૫ |
| બાજરી | ૨૪૨-૨૪૬ |
| જુવાર | ૭૯૦-૮૩૫ |
| એરંડા | ૭૭૦-૮૨૧ |
| અડદ | ૭૭૦-૮૧૩ |
| રાયડો | ૫૮૦-૭૨૩ |
| ગવાર | ૮૧૬-૮૪૮ |
| કપાસ | ૮૦૦-૧૦૫૧ |
| **પાટણ** | |
| વરી. | ૧૧૫૦-૧૨૫૧ |
| મેથી | ૪૧૧-૫૨૬ |
| સુવા | ૧૦૦૭-૧૦૫૨ |
| રાયડો | ૬૧૦-૭૧૧ |
| એરંડા | ૮૧૪-૮૩૧ |
| તલ | ૯૩૩-૧૫૪૦ |
| અજમો | ૭૦૦ |
| જવ | ૩૩૨ |
| ઘઉં | ૩૧૮-૩૮૮ |
| જુવાર | ૬૦૦-૮૨૬ |
| બંટી | ૨૫૯-૩૫૮ |
| બાજરી | ૨૦૦-૨૪૩ |
| અડદ | ૬૦૦-૮૩૦ |
| ગવાર | ૭૬૦-૮૪૦ |
| કપાસ | ૮૮૦-૧૦૪૭ |

# રાધનપુર પાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૧ અને ૨ માં મુસ્લિમ મતદારોની બહુમતી છતાંય કોંગ્રેસ માટે આકરા પાણી

### બંને વોર્ડમાં ગટર,પાણી અને રસ્તાની સુવિધાના નામે બુમરાડ

રાધનપુર

રાધનપુર નગરપાલિકાની ચૂંટણી આડે હવે માત્ર પાંચ દિવસ બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો અને કાર્યકરો પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.પાલિકાના મુસ્લિમ બહુમતી ધરાવતા વોર્ડ નં. ૧ અને ૨ માં મુસ્લિમ મતદારોની બહુમતી હોવા છતાંય અને ગત ટર્મમાં બંને વોર્ડમાંથી કોંગ્રેસની પેનલો જીતી હોવા છતાંય ટિકિટ ફાળવણીના મુદ્દે મુસ્લિમ સમાજમાં અસંતોષની લાગણી હોવાથી આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસ માટે આકાર પાણી જણાઈ રહ્યા છે.જો કે ભાજપ માટે પણ આ બંને વોર્ડમાં જીત મેળવવી આસાન નથી.બંને વોર્ડમાં પીવાના પાણી,ગટરો અને રસ્તાઓ મુખ્ય સમસ્યા જણાઈ રહી છે.આ બંને વોર્ડમાં નવી સીમાંકન સિસ્ટમથી ઘણી અદલાબદલી થઇ જવા પામી છે.ગત ટર્મમાં વોર્ડ નં.૨ માં હતા તે મતદારો આજે વોર્ડ નં. ૧ માં આવી ગયા છે.જેના કારણે મતદારોમાં અસમંજસ જેવી પરિસ્થિતિ જણાઈ રહી છે.ટિકિટ ફાળવણી પહેલા આ બંને વોર્ડ કોંગ્રેસના ગઢ માનવામાં આવતા હતા,પરંતુ ટિકિટની ફાળવણીમાં કોંગ્રેસ ગોથું ખાઈ ગયી હોવાથી કોંગ્રેસનું આખું ગણિત ઉલટું પડી ગયું હોય તેવું ખુદ કોંગ્રેસ પણ માને છે. ગત ટર્મમાં બંને વોર્ડમાંથી કોંગ્રેસની આખેઆખી પેનલો વિજયી બની ,અને ભાજપના હોશ ઉડાવી દીધા હતા.જો કે બંને પેનલોના જીતેલા સદસ્યો થોડાક સમય પછી આંતરિક ડખાને કારણે કોંગ્રેસ છોડીને ભાજપમાં ભળી ગયા હતા.જેથી આ વખતે પણ આ બંને વોર્ડ કોંગ્રેસ માટે સિક્યોર ગણાતી હતી,પરંતુ ટિકિટની ફાળવણી બાદ ગણિત બદલાઈ ગયેલું માનવામાં આવે છે.કોંગ્રેસ દ્વારા વોર્ડ નં. ૧ માં મુસ્લિમ અને ઠાકોર સમાજના મતદારોને ધ્યાનમાં લઈને ૨ મુસ્લિમ અને ૨ ઠાકોર ઉમેદવારો રાખવાની માંગ હોવા છતાંય ૩ ઠાકોર અને માત્ર ૧ મુસ્લિમ ઉમેદવારને ટિકિટ મળતા મુસ્લિમ સમાજ નારાજ થયેલો છે.સામે પક્ષે ભાજપે બે મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતારીને સોગઠી મારી છે.જો કે મતદારો કેવું વલણ અપનાવે છે તે જોવાનું રહે છે.જયારે વોર્ડ નં. ૨ માં પણ ભાજપે એક મુસ્લિમ અને એક ઠાકોર સમાજના ઉમેદવારને ટિકિટ ફાળવી છે.આ વોર્ડમાં ભાજપના પ્રમુખપદના ઉમેદવાર પ્રકાશભાઈ દક્ષિણી ભાગ્ય અજમાવી રહ્યા છે,ત્યારે સમગ્ર શહેરની નજર આ બેઠક ઉપર છે.

**કોંગ્રેસના ઉમેદવારો**

વોર્ડ નં. ૧ કમુબેન ભુરાભાઇ ઠાકોર,કલીબેન ભુરાભાઈ ઠાકોર,ગણેશભાઈ ડાહ્યાભાઈ ઠાકોર,રસુલખાન આલમખાન બલોચ, વોર્ડ નં. ૨ ભુરીબેન રમેશકુમાર ઠાકોર,મંજુલાબેન ધીરુભાઈ ઠક્કર,સલીમભાઇ ઉસ્માનભાઈ પઠાણ, હરદાસભાઈ અમથાભાઈ આયર.

**ભાજપના ઉમેદવારો**

વોર્ડ નં. ૧ ઝરીનાબેન મુસ્તુફાભાઈ બલોચ, મુઝમ્મિલ હુસેન મુનવ્વરહુસેન ચૌહાણ, રતનબેન રતિલાલ ઠાકોર, શંકરભાઈ નાનજીભાઈ ઠાકોર, વોર્ડ નં. ૨ અયુબમિયાં મેસનમીયા અરબ, જીવીબેન મોહનભાઈ નિરાસી ઠાકોર, પ્રકાશભાઈ કેશવલાલ દક્ષિણી, વર્ષાબેન ભુપેન્દ્રભાઈ આચાર્ય

**બંને વોર્ડમાં મુસ્લિમ-ઠાકોર સમાજના વધુ મત**

પાલિકાના બંને વોર્ડમાં મુસ્લિમ અને ઠાકોર સમાજના મતદારો પરિણામ બદલવાની ક્ષમતા ધરાવે છે.વોર્ડ નં. ૧ કુલ ૪૭૦૧ મતદારો છે,જેમાં મુસ્લિમ સમાજના ૧૯૭૭ અને ઠાકોર સમાજના ૧૩૬૫ મતદારો છે,બાકીના ઈતર સમાજના મતદારો છે.જયારે વોર્ડ નં.૨ માં કુલ ૪૧૮૩ મતદારો છે,જેમાં મુસ્લિમ સમાજના ૧૪૨૮,ઠક્કર સમાજના ૧૧૭૧,ઠાકોર સમાજના ૪૫૦ અને દેવીપૂજક સમાજના ૪૦૪ મતદારો છે,બાકી ઈતર સમાજના મતદારો છે.

**મતદાન મથકોની યાદી**

વોર્ડ નં. ૧ માં નંદઘર આંગણવાડી-પ્રભાત ટોકીઝ,અંજુમન હાઈસ્કૂલ,જૂની મ્યુનિસિપલ ઓફિસ( ટાવર),બ્રાન્ચ શાળા નં.૧ અને સી.ટી.સી.આઈ.ઓફિસ રેલવે સ્ટેશન કુલ છ બુથ, વોર્ડ નં. ૨ માં અંજુમન હાઈસ્કૂલ અને કે.બી.વકીલ હાઈસ્કૂલ કુલ ૫ બુથ છે.

## અંકલેશ્વર બાયસિકલ ક્લબ દ્વારા સાયકલોથોનનું સફળ આયોજન



પ્રતિનિધિ અંકલેશ્વર

અંકલેશ્વર અસ્ટેટમાં તારીખ ૧૧ મી ફેબ્રુઆરીએ સવારે સાડાસાત વાગ્યે જોગસપાર્ક ખાતે ત્રીજી સાયકલોથોનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૨ થી ઉપરાંત સાયકલ સવારોએ ભાગ લીધો હતો. જેમાં વિવિધ સ્કૂલના બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ સાયકલોથોનના ઉદઘાટન પ્રસંગે જિલ્લા કલેક્ટર સાંગલે ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તેમાં મોટેરા અને વિવિધ સંસ્થાઓ પણ જોડાઈ હતી. જેને લઈને વાતાવરણ ફુલગુલાબી બની ગયું હતું.

૧૦ કિલોમીટરની આ સાયકલ રેસમાં સમગ્ર એસ્ટેટમાં જ્યાં રૂટ હતા ત્યાં વાતાવરણ ઉત્સાહમય બની ગયું હતું.

આ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમને લોકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ માટે આ પ્રયાસની સરાહના કરી હતી. સાયકલનો વધારેમાં વધારે ઉપયોગ થાય અને તેનાથી પેટ્રોલની બચત અને તેનાથી પર્યાવણની રક્ષા થાય છે. તેમને અંકલેશ્વરના પર્યાવરણ વિશે જણાવ્યું હતું કે અંકલેશ્વર વિશે લોકોમાં ખોટી ભ્રમણા છે અહીંનું પર્યાવરણ ને વાતાવરણ સ્વચ્છ છે. તેમને અહીંના લોકોની પર્યાવરણ જાગૃતિને પણ બિરદાવી હતી.

આ પ્રસંગે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ મહેશ પટેલ, ઉપપ્રમુખ જશુ ચૌધરી, અંકલેશ્વર બાયસિકલ ક્લબના પ્રમુખ નરેશ પુજારા, મહંમદ ઝડલીવાલા, પરાગ મિસ્ત્રી, કિરણ મોદી, કુલદીપ પટેલ વગેરેએ હાજર રહીને સફળ વ્યવસ્થાપન કર્યું હતું.

આ પ્રસંગે જેસીઆઈના ઉમેશ સાવલીયા દ્વારા રેનવોટર હાર્વેસ્ટીંગ વિશે લોકોમાં જાગૃતિ આવે તે માટે સમજણ આપવામાં આવી હતી. તેમજ આગામી દિવસોમાં જેસીઆઈ દ્વારા એસ્ટેટના રહેણાંક વિસ્તારમાં વધારેમાં વધારે રેનવોટર હાર્વેસ્ટીંગ થાય તેવા પ્રયાસો કરવામાં આવશે.

## ખીમીયાણા ખાતે “દીકરાના ઘર”માં સામાજિક સમસ્યા પરત્વે “મા-બાપને ભુલશો નહીં” પર વાર્તાલાપ યોજાયો


ભરત સુંદેશા

પાટણ

પાટણજિલ્લાના ચાણસ્મા ખાતેની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ. એસ. ઘટકના ઉપક્રમે ખીમીયાણા “દીકરાના ઘર” વૃદ્ધાશ્રમમાં “મા-બાપને ભૂલશો નહિ” એથીમ પર ઉદબોધન કરતાં મુખ્ય વક્તા ભરતભાઈ ડી. રાવલે જણાવ્યું કે ઘડપણના સમયમાં જયારે વૃધ્ધ માવતારની સંવેદનાઓ આળી બની હોય ત્યારે તેમને વિશેષ સન્માન, હુંફ અને સ્વિકૃતિની જરૂર હોય છે.સાંપ્રતપેઢી આ બાબતને સમજી વડીલો પ્રરત્વેના તેમના દર્શનમાં સંવેદનાપૂર્ણ અને સકારાત્મક બને તે સમયની માંગ છે. ચાણસ્મા કોલેજના પ્રો. વીણાબેન રાજેમાતા-પિતાઓની સંતાનો પરત્વેની સભાનતા અને કર્તવ્ય એ વિષય પર વિશદ બૌધ્ધિક આપી ઉમેર્યું કે, સંતાનોની અપેક્ષાઓ અને લાગણીઓનો નિરંતર અસ્વિકાર થાય ત્યારે તેઓ હતાશાનો ભોગ બને છે. ચાણસ્મા બ્રહ્માકુમારી સેન્ટરના બ્રહ્માકુમારી રાજયોગીની જાગૃતિબેને જણાવ્યું કે, સંબંધોની દુનિયામાં મન, બુધ્ધિ અને વિચારોની નિર્મળતા થકી ઉમદા સંબંધોને પુષ્ટિ મળે છે.તેમણે વ્યસન અને ફેશન છોડવાનો અનુરોધ કર્યો હતો.

ચાણસ્મા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. આર.કે. દેસાઈએ પણ પ્રાસંગિક ઉદબોધન કરી એન.એસ.એસ. ની સમાજલક્ષી કાર્ય-પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. પ્રો. કે.બી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

એન.એસ.એસ. પ્રકલ્પના સંયોજક પ્રો. જીતુભાઈ પટેલે કાર્યક્રમનું સંયોજન, સંકલન, સંચાલન અને આભારવિધિ કર્યા હતા.

લોક ગાયક રમેશજી ઠાકોર, જવાનજી ઠાકોર,નીતીનભાઈ ઠાકર, વૃદ્ધાશ્રમના સંચાલક અશોકભાઈ પંચાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ભજન સંધ્યા, વૃધ્ધાશ્રમમાં વડીલોની વંદના સહીત સાંસ્કૃતિક કાર્યક્રમો, વિદ્યાર્થીઓના પ્રતિભાવો, વડીલોના પ્રતિભાવોનું આયોજન કરાયું હતું. મા-બાપને ભુલશો નહી ગીતનું ગુંજન કરાયું હતું.

## ચાણસ્માના જુના રબારીવાસમાં આવેલ ગોગામહારાજના મંદિરે શિવરાત્રી પર્વે ઉજવાશે

ચાણસ્મા

દેવાધિદેવ, સદાશિવના મહાપર્વ મહાશિવરાત્રિ પર્વની આવતીકાલ મંગળવારે ચાણસ્મા-બહુચરાજી પંથકમાં ભારે ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવશે. મહાશિવરાત્રિને લઈ પંથકના શિવમંદિરો, ગોગા મહારાજના મંદિરોમાં સજાવટ સહિતની તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે.મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ચાણસ્માના જૂના રબારીવાસમાં બિરાજમાન ૧૨૦૦ વર્ષ પ્રાચીન શેષ નારાયણ ગોગામહારાજના મંદિરે મહાઅભિષેક, સત્યનારાયણ ભગવાનની કથા સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ સાથે ગોગા મહારાજ પરીવાર દ્વારા કામદાર નેતા સ્વ.અમથાભાઈ જોરાભાઈ દેસાઈના પુણ્ય સ્મરણાર્થે ચાણસ્માની જનરલ હોસ્પિટલને એમ્બ્યુલન્સની ભેટ મજૂર મહાજન સંઘના મંત્રી એડવોકેટ મહેન્દ્રભાઈ દેસાઈના વરદહસ્તે અર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત, મહાશિવરાત્રી પર્વને લઈ ચાણસ્મા તાલુકાના ખોખલા ગામે તળાવ કિનારે આવેલા પ્રાચીન પંચમુખી મહાદેવ મીઠીધારીયાલ ગામના નર્મદેશ્વર મહાદેવ, ઝીલીઆના ઝીલેશ્વર મહાદેવ સહિતના સ્થાનકો તેમજ બહુચરાજી તાલુકાના શંખલપુર ગામની સીમમાં બિરાજમાન બિલેશ્વર મહાદેવ, ગામમધ્યે આવેલા જોગેશ્વર મહાદેવ તેમજ દેલપુરા ગામના નીલકંઠેશ્વર મહાદેવ અને મોઢેરા ગામે નર્મદા કેનાલના કાંઠે આવેલા મોઢેશ્વર મહાદેવના સ્થળ કે યજ્ઞ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. શિવરાત્રીને લઈ મંદિરોમાં વિવિધ રંગબેરંગી રોશની સહિતનો શણગાર કરવામાં આવ્યો છે. વહેલી સવારથી શિવાલયો બમ બમ ભોલેના નાદથી ગૂંજી ઉઠશે. શિવભક્તો માટે ભાંગનો પ્રસાદ અર્પણ કરાશે. ચારેય પ્રહરની વિશેષ આરતી યોજાશે જેમાં મોટી સંખ્યામાં શિવભક્તો હાજર રહી દર્શનનો લાભ લેશે. શિવરાત્રી પર્વને લઈ ભક્તોમાં ભારે ઉમંગનો માહોલ જામ્યો છે.

## ચાણસ્મા તાલુકાના ગોખરવા ખાતે હરિઓમ ચેરીટેબલ ટ્રસ્ટની ગૌ શાળાનું ઉદઘાટન



પાટણ

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ગોખરવા ખાતે હરિઓમ ચેરિટેબલ ટ્રસ્ટની ગૌશાળાના ઉદઘાટન સમારોહમાં મુખ્યમહેમાનપદે ઉપસ્થિત રહેલા પૂર્વ ડીઆઇજી વણઝારાએ જણાવ્યું હતું કે, ગાયના દૂધનું પાન અને ભગવદ્ ગીતાનું જ્ઞાન ભારતીય સંસ્કૃતિ પરંપરા અને જીવન તરેહ રહી છે. હજારો વર્ષની પ્રાચીન સંસ્કૃતિએ ગાયનો મહિમા સ્વીકાર્યો છે. ભારતની સાચી ઓળખ ઋષિ સંસ્કૃતિ અને કૃષિ સંસ્કૃતિનો સમન્વય છે. વેદકાલીન પરંપરા તરીકે ભારતવર્ષમાં ગાયને માતા અને ગાયના દૂધને અમૃત કહેવામાં આવ્યું છે. ગોખરવાના સદગૃહસ્થ ગૌપ્રેમી ભરતભાઈ વ્યાસને ગામડાગામમાં ગૌ શાળા શરૂ કરવા બદલ તેમની સરાહના કરી હતી અને ગોપાલનનો વ્યવસાય સમાજ મધ્યેસ્વીકાર્ય બનાવવાની તરફેણ કરી હતી.

લોહેશ્વર મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ અને પૂજય સંતવર્ય સ્વામી શિવાનંદજી મહારાજે જણાવ્યું કે, નાના ગામમાં ગૌ સેવાની ધૂણી ધખાવનાર શ્રી ભરતભાઈ વ્યાસે નવા આયામનોઆરંભ કર્યો છે. તે સર્વથા અનુમોદનીય છે. પૂજ્ય સ્વામીએ ગૌસેવા ભારત દેશની આસ્થાઅને પ્રણાલી તરીકે સરખાવી સમાજમાં ગૌસેવાની જ્યોત પ્રજ્વલિત કરવાનું આહવાન કર્યું હતું.પ્રખર કથાકાર ભવાનીશંકર શાસ્ત્રીએ જણાવ્યું કે, મનુષ્યજીવનના સોળ સંસ્કારોમાં ગાયમાતાનું કોઈનું કોઇ માધ્યમ સમાયેલું છે. જેનાથી ભારતીય સમાજને ગૌસેવા અને ગોપાલનની સાબિતી મળે છે. વઢિયારનાં ગૌભક્ત શ્રી લાભશંકર રાજગોર, ગૌશાળા ઉદઘાટક અને અગ્રણી ઉદ્યોગપતિ દિલીપભાઈ વ્યાસે ભરતભાઈ વ્યાસની ગૌસેવાની લગનની સરાહી હતી. એલ.સી.ડી. સી. ના પ્રતિનિધિ દિનેશભાઈ પટેલે ઉદબોધન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન, સંયોજન, સંકલન અને આભાર વિધિ લાયન મહેન્દ્રભાઈ વ્યાસ (લાખિયા) એ કર્યા હતા. ગામના સરપંચ શંભુભાઈ દેસાઈ, ગંગાદાસબાપુ, વિવેકાનંદગિરિજી મહારાજ, રામગીરીજી બાપુ સહિતના સંતો, ગૌસેવકો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગૌશાળાના આર્ષદ્રષ્ટા ભરતભાઈ વ્યાસે સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો. સર્વ ગીરીશભાઈ વ્યાસ, હસુભાઈ વ્યાસ, અશોકભાઈ દવે, અલકાબેન દરજી, અજયસિંહ રાણા, એમ.કે.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## વડાલી ખાતે આટર્સ કોલેજનુ લોકાર્પણ અને દાતાશ્રીઓની પ્રતિમાનુ અનાવરણ કરાયું



વડાલી

સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે આટર્સ કોલેજનુ લોકાર્પણ તથા દાતાશ્રીઓની પ્રતિમાનુ અનાવરણ શિક્ષણમંત્રી ભૂપેન્દ્ સિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે વડાલી શિક્ષણ નગરી તરીકે ઉભરી રહ્યુ છે તેમની પાછળનુ કારણ દાતા પરીવારનો ફાળો મોટો છે તેમણે શિક્ષણના વિકાસની વાત કરતા ઉમેર્યુ હતુ કે અગાઉ રાજ્યમાં ૯ યુનિવર્સિટી હતી જે આજે ૫૭થી વધુ યુનિવર્સિટીઓનુ નિર્માણ થયુ છે.પ્રાસગિક પ્રવચન કરતા પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યુ હતુ કે કોલેજના સ્થાપના કાળથી સંસ્થા સાથે જોડાયેલો છુ. આજે આ મોટુ વટવૃક્ષ બની ગયુ છે. જે ટૂંક સમયમાં રજત જયંતિ ઉજવશે. કેળવણી મંડળના પ્રમુખ તખતસિંહ હડિયોલે રૂ. ૪ કરોડના ખર્ચે નિર્મિત કોલેજની રૂપરેખા આપી, મહેમાનોને સ્વાગત આવકાર આપ્યો હતો. આ પ્રસંગે સાસંદ દિપસિંહ રાઠોડ, ઈડરના ધારાસભ્ય હિતુ કનોડીયા તથા સુરેશ ગાંધીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. કાર્યક્રમમાં તકતી તથા શેઠ ભૂરાલાલની પ્રતિમાનુ અનાવરણ તેમજ દાતા પરીવારજનોનું સન્માન કરાયુ હતુ

આ પ્રસંગે પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, કોલેજના આચાર્ય નરેશ પટેલ, કેળવણી મંડળ સંચાલિત શાળાના આચાર્યશ્રીઓ તેમજ દાતા પરીવારના સભ્યો અને કોલેજ પરીવારના અધ્યાપકગણ અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહા હતા.

## સુજનીપુરના કમલેશ પ્રજાપતિ અને નિશા પ્રજાપતિએ લગ્નજીવનની શુભ શરૂઆત એક પીંપળો અને એક વડનું વૃક્ષ વાવી ઉછેરવાના સંકલ્પ સાથે કરી

પાટણ

સમાજને પ્રેરણારૂપ લગ્ન જીવનની શરૂઆત પાટણ તાલુકાના સુજનીપુર ગામના વતની અને આર્યાવ્રત નિર્માણમાં કામ કરતા સામાજિક કાર્યકરશ્રી કમલેશ પ્રજાપતિએ પોતાના લગ્નજીવનની શરૂઆત સુજનીપુર સબજેલ ખાતે આવેલ શહીદ સ્મૃતિ પીપળ વનમાં એક પીંપળાનું વૃક્ષ અને એક વડનું વૃક્ષ વાવી ઉછેરવાના સંકલ્પ સાથે કરી અને પર્યાવરણ અને પ્રકૃતિ જતનમાં પોતાનું યોગદાન આપી સમાજને વિવિધ પ્રસંગોએ વૃક્ષો વાવી ઉછેરવા આહવાન કરી પ્રેરણા રૂપ બન્યા હતા.આર્યાવ્રત નિર્માણના પ્રમુખશ્રી નીલેશ રાજગોર દ્વારા આ નવદંપતીને શુભેચ્છારૂપે ક્રાંતિકારી સંત સ્વામી સચ્ચિદાનંદજી લિખિત પુસ્તક નર-નારીના સબંધો, લગ્નસંસ્થા તથા આવેગો અને લાગણીઓ ભેટ આપવામાં આવ્યું હતું તથા બંને પતિ-પત્ની કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના કલ્યાણમાં સહભાગી બને તેવા શુભ આશિષ પાઠવવામાં આવ્યા હતા.નોંધનીય છે કે સમગ્ર વિશ્વ ગ્લોબલ વૉર્મિંગના ભયંકર પરિણામો ભોગવી રહ્યું હોઈ અને પર્યાવરણની જાળવણી ખુબ જરૂરી છે ત્યારે આ નવદંપતીની જેમ દરેક લોકો લગ્નજીવનની શરૂઆત, જન્મદિવસની ઉજવણી, પુણ્યતિથિ, લગ્નતિથિ તથા વિવિધ પ્રસંગોએ વૃક્ષો વાવી ઉછેરવાના સંકલ્પ કરે તે સમયની માંગ છે અને પર્યાવરણ અને પ્રકૃતિ જતન માટે ખુબજ જરૂરી છે તેમ આર્યાવ્રત નિર્માણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નિલેશ રાજગોરની યાદીમાં જણાવાયું છે.

# પાલનપુર તાલુકાના વાસણા ગામમાં જૂથ અથડામણ : ૨ ઘાયલ

પાલનપુર

પાલનપુર તાલુકાના વાસણા ગામ માં રવિવારની સાંજે નજીવી બાબતે બે જૂથો વચ્ચે અથડામણ થવા પામી હતી. જેમાં ૨ વ્યક્તિઓને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

પાલનપુર તાલુકાના વાસણા ગામ માં રવિવારે મોડી સાંજે બે જૂથો વચ્ચે નજીવી બાબતે જૂથ અથડામણ થઈ હતી. જેમાં તિક્ષણ હથિયાર વડે સામસામે હૂમલો થતાં અફરાતફરી મચી જવા પામી હતી. આ હુમલામાં ૨ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

દરમિયાન જિલ્લા પોલીસ વડા નીરજ બડ ગુજરની સૂચનાથી તાલુકા પી.એસ. આઈ એ.વાય.પટેલ સ્ટાફ સાથે ગામમાં દોડી ગયા હતા. અને સ્થિતિ ઉપર કાબુ મેળવી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

### વાસણા જૂથ અથડામણ : આઠ સામે ફરિયાદ

પાલનપુર તાલુકાના વાસણા (જ) ગામે રવિવારે સાંજે બે જુથો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં મોબાઈલ ઉપર ફરતી થયેલી કિલપના મુદ્દે મામલો બિચક્યો હોવાનું બહાર આવ્યું હતુ. આ અંગે આઠ શખ્સો સામે ફરિયાદ થતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર તાલુકાના વાસણા (જ) ગામે રવિવારે સાંજે બે જુથો વચ્ચે અથડામણ થવા પામી હતી. આ અંગે ટીનાજી તેજાજી પરમારે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતુ કે, ગામના મહેન્દ્રભાઈ ભવાનભાઈ મોર, ભુપેન્દ્રભાઈ ભવાનભાઈ મોર, રમેશભાઈ પરથીભાઈ જુડાલ, મુકેશભાઈ કેશરભાઈ ખરસાણ, ચેતનભાઈ દલજીભાઈ બેરા, ભરતભાઈ કાંનજીભાઈ જુડાલ, વીરજીભાઈ ઘેમરભાઈ ખરસાણ અને સુરેશભાઈ ઘેમરભાઈ કુણીયાએ મોબાઈલ ઉપર કેમ ઓડિયો બનાવી મોકલો છો તેમ કહી બિભત્સ શબ્દો ઉચ્ચાર્યા હતા. તેમને આમ ન બોલવાનું કહેતા તમામ શખ્સો ઉશકેરાઈ ગયા હતા. અને પોતાની સાથે લાવેલા હથિયારો વડે હૂમલો કરી ઈજાઓ પહોચાડી હતી. આ અંગે પોલીસે તમામની સામે ગૂનો નોંધી પીએસઆઈ ડી. જે. મરંડ વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠામાં પાણીની તંગી નહીં સર્જાય : ત્રણેય બંધોમાં પર્યાપ્ત પાણી


ઈશ્વર દેસાઈ



(પ્રતિ.) દાંતીવાડા

રાજ્યમાં ઉનાળા દરમ્યાન પાણીની સ્થિતિ સર્જાય તેવા એંધાણ છે. જેની વચ્ચે બનાસકાંઠામાં તદન વિપરીત પરિસ્થિતિ છે. ચોમાસા દરમ્યાન બનાસકાંઠા જીલ્લામાં આવેલા પૂર ના પગલે બનાસકાંઠા જીલ્લાના તમામ ડેમો ઓવરફલો થયા હતા. જેના કારણે આગામી ઉનાળા દરમ્યાન જીલ્લામાં પીવાના અને સિંચાઈ માટેના પાણીની કોઈપણ પ્રકારની અછત ઉભી થાય તેવી શક્યતા નથી.

બનાસકાંઠા દુષ્કાળ માટે રાજ્યમાં પ્રસિધ્ધ છે. જીલ્લામાં હંમેશા ઉનાળા દરમ્યાન પાણીની સમસ્યા સર્જાતી હોય છે. પરંતુ ગત વર્ષે ચોમાસા દરમ્યાન થયેલા ભારે વરસાદના પગલે જીલ્લાના ત્રણ મુખ્ય ડેમ ઓવરફલો થયા હતા. જયારે કુંવારિકા કહેવાતી બનાસ અને સીપુ નદી બંને કાંઠે વહેતી થઈ હતી. આગામી ઉનાળા દરમ્યાન જયારે રાજયમાં અછત અને પાણીની સમસ્યાના એંધાણ અત્યાર થી જ વર્તાઈ રહ્યા છે ત્યારે બનાસકાંઠા જીલ્લામાં પાણીની કોઈપણ પ્રકારની મુશ્કેલી સર્જાય તેવી ભીતિ દેખાતી નથી. જીલ્લાના દાંતીવાડા, સીપુ અને મુક્તેશ્વર ડેમમાં સરેરાશ ૬૦ થી ૭૦ ટકા જેટલું પાણી આજે પણ યથાવત છે. જેથી આગામી સમયમાં પાણીની કોઈપણ પ્રકારની સમસ્યા સર્જાય તેવી કોઈ ભીતિ અત્યારે દેખાતી નથી. જીલ્લાના તમામ ડેમોમાં આજે પાણીનો ઉનાળા દરમ્યાન ઉપયોગ કરી શકાય તેટલો જથ્થો ઉપલબ્ધ છે.

બનાસકાંઠા જીલ્લામાં સારા વરસાદના પગલે તમામ ડેમોમાં સરેરાશ ૬૦ - ૭૦ ટકા જેટલુ પાણી છે. આવનાર ઉનાળામાં પણ ત્રણે ડેમથી સિંચાઈ માટે તેમજ પીવા માટે આપી શકાય તેટલું પાણી છે. જુલાઈ મહિના સુધી પાણીની કોઈ ચિંતા નથી.
રજનીકાંત નિનામા (એકઝ્યુકેટીવ એન્જીનીયર, બનાસકાંઠા)

### પાણીનું સ્તર

| પાણીનું સ્તર | પાણીનો જથ્થો | સરેરાશ પાણી | કેટલા ટકા |
|---|---|---|---|
| દાંતીવાડા | ૫૮૫ ફૂટ | ૧૧૮૧ (MCFT) | ૬૦ ટકા |
| સીપુ | ૬૦૪ ફૂટ | ૩૯૨૧ (MCFT) | ૭૦ ટકા |
| મુક્તેશ્વર | ૬૫૪ | ૧૮૦ (MCFT) | ૭૦ ટકા |

# જસરા ગામમાં પુરના ત્રણ વર્ષ બાદ પણ સહાયથી વંચિત

### કરોડની સહાય કાગળો પર પણ પીડિતો આજે વલખા મારે છે


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં બે વાર અતિવૃષ્ટિ થતા વ્યાપક નુકસાન થવા પામ્યું હતું. જોકે સરકાર બે હજાર કરોડની સહાય જાહેર કરી ચુકવણું પણ કરાયું પરંતુ આજે પણ અનેક પુર પીડિતોને સહાય મળી નથી. આજે અનેક પરિવારો ગામની ગૌચરની જમીનમાં તંબુમાં જીવન ગુજારી રહ્યા છે.

બનાસકાંઠામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭ આવેલ ભારે વરસાદના કારણે પુર આવ્યું અને જેમાં અનેક ગામો પાણીમાં ગરકાવ થયા. પુરમાં માનવ મૃત્યુ સાથે પશુ અને ઘરવખરી પાણીમાં તણાઈ જવા પામી અને લોકોને પોતાનું જીવ બચાવી ગામની શાળાઓમાં આશરો લેવો પડ્યો અને ત્યાં સરકાર અને સામાજિક સંસ્થાઓ દ્વારા ભોજન અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી પરંતુ આજે અનેક ગામ એવા છે જ્યાં સરકાર ની એક પાઈ ની પણ સહાય મળી નથી. આપ જોઈ રહ્યા છે તે છે લાખણી તાલુકાનું જસરા ગામ આ ગામમાં ૨૦૧૫ અને ૨૦૧૭ માં ભારે પુર આવ્યું હતું જેમાં અનેક પરિવારો ૨૦૧૫ થી સહાય વંચીત છે. જસરા ગામમાં અમારી ટીમ રિયાલિટી જાણવા પહોંચી ત્યારે અનેક પરિવારો આજે પણ તંબુમાં રહે છે તેઓની અનુસંધાન પાના નં.૬

લાખણી તાલુકા ની વાત કરીએ તો સરકારના ચોપડે ચૂકવાયેલ સહાય માં ૪૪ ,૩૫,૭૦૦ ની ઘરવખરી,૪,૭૯,૩૫,૩૨૫ કરોડ કેસડોલ્સ, રૂા.૧૪,૯૯,૪૦૦ ની કપડાંની સહાય,રૂ ૨૨,૦૦૩૯૦૦ ની મકાન સહાય ગામતળ, રૂા.૧૨,૩૭ ૧૦૦ ની મકાન સહાય સિમતળ, રૂ.૭૯,૦૦,૯૮૦૦૦ કરોડની પશુ સહાય ચૂકવાયાના આંકડા તાલુકા પંચાયતમાંથી જાણવા મળ્યા છે ત્યારે કરોડોની સહાય જમીન ધોવાણ અને પાક નિષ્ફળની ચુકવાઈ છે ત્યારે સાચા પુરપીડિતોને આજે ત્રણ વર્ષે પણ સહાય મળી નથી. તો પછી કરોડો ની સહાય ક્યાં ગઈ તે પણ એક સવાલ ઉભો થયો છે.

# થરાદની સરકારી કોલેજમાં આવારા તત્વો વિદ્યાર્થીનીઓની છેડતી કરતા હોવાની રાવ


વિષ્ણુ દવે

### થરાદની સરકારી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મુશ્કેલીઓ અંગે પ્રિન્સીપાલને આવેદનપત્ર

(પ્રતિ.) થરાદ

થરાદની સરકારી વિનીયન અને વાણિજય કોલેજના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના વિદ્યાર્થીઓએ તેમને કોલેજમાં પડતી મુશ્કેલીઓને મુદ્દે સોમવારે પ્રિન્સિપાલ ભરતભાઈ કણજારીયાને આવેદન પત્ર સ્વરૂપે લેખિત રજુઆત કરી હતી.જેમાં આઈ કાર્ડ વગર બહારના અસામાજીક તત્વો કોલેજમાં પ્રવેશી વિદ્યાર્થીનીઓને હેરાન પરેશાન કરવામાં આવતી હોવાની રજુઆત કરાતાં ચકચાર સાથે ખળભળાટ મચવા પામ્યો હતો. વળી મોટા ભાગના વિદ્યાર્થીઓ ગામડામાંથી આવતા હોવાના કારણે અપુરતી બસવ્યવસ્થાના કારણે મોડા પડેતો લેકચરમાં નહી બેસવા દેવાતા નથી.આથી બધાજ વિદ્યાર્થીઓને ફરજીયાત આઈકાર્ડ આપવા તથા તેના વગર નહી પ્રવેશવા દેવા, કોલેજ પરિસરના બગીચાની અનુસંધાન પાના નં.૬

# ડીસાના ચાર અને કાંકરેજનો એક આરોપી તડીપાર

### પ્રાંત અધિકારીના આદેશથી બુટલેગરોમાં ફફડાટ

ડીસા

ડીસા પ્રાંત અધિકારીએ પાંચ રીઢા બુટલેગરોને કચ્છ - ભૂજ, પાટણ, મહેસાણા, ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં તડીપાર જાહેર કર્યા હતા. તેથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. રાજ્ય સરકારના દારૂબંધીના કડક કાયદાના અનુસંધાને ડીસા તાલુકા અને સમૌ મોટામાં દારૂ વેચવાના ગુનામાં સંડોવાયેલ સુરેશસિંહ બાબુસિંહ જાદવ સમૌ મોટા, દક્ષિણ પોલીસ મથકે દેશી દારૂમાં સંડોવાયેલ ચિકુજી ઉર્ફે ભડો, પ્રતાપજી ઠાકોર (ભોપાનગર), દક્ષિણ પોલીસ મથકે દેશી દારૂમાં વિકીકુમાર નટવરભાઈ (નવાવાસ), દક્ષિણ પોલીસ મથકે વિદેશી દારૂમાં રાજેશકુમાર શીવલાલ અનુસંધાન પાના નં.૬


## નમ્ર નિવેદન


કાંનજીભાઈ આર.રાજપૂત
વાવ તાલુકા પંચાયત - ૨૧
ભાજપ ઉમેદવાર

આપ સૌના સાથ અને સહકારથી મે વાવ તાલુકા પંચાયતની વાવ-૨૧ બેઠક ઉપર ભા.જ.પા. પાર્ટીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે.

આપ સૌ મતદાર મિત્રોને મારી નમ્ર વિનંતી કે હું આપ સૌની સાથે રૂબરૂ મુલાકાત કરવા પ્રયત્નો કરીશ. પરંતુ ટૂંકા સમયમાં આપ સૌ મતદાર મિત્રોને રૂબરૂમાં મળી ન શકાય તો માફ કરશો. હું એકલો નહીં પણ આપ સૌ આ ચૂંટણી લડી રહ્યા છો એ રીતે આપ સૌ મારા વતી મતદારોને રૂબરૂ મળી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જંગી બહુમતિથી વિજયી બનાવવા નમ્ર અપીલ કરજો. વાવ તાલુકાનો સર્વાંગી વિકાસ થાય તે માટે આપનો સાથ અને સહકાર જરૂરી છે.

લિ.

કાંનજીભાઈ આર.રાજપૂત (૨૧ - વાવ તાલુકા પંચાયત - ભાજપ ઉમેદવાર)

મતદાન તારીખ ૨૧/૦૨/૨૦૧૮ ને બુધવાર, સમય : સવારે ૮ થી ૫


# થરાદના ખોડા પોલીસ ચેકપોસ્ટ ઉપરથી ટ્રકમાંથી દારૂ ઝડપાયો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

પોલીસ મહા નિર્દેશક ગુજરાત રાજ્યનાઓની પ્રોહીફ જુગારની ડ્રાઈવ અન્વયે પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની બનાસકાંઠા જીલ્લા માંથી દારૂની બદી નેસ્તનાબુદ કરવાની સુચના અન્વયે તા.૧૧/૦૨/૨૦૧૮ ના રોજ એ.એચ.ચૌધરી ના.પો.અધિ. થરાદ તથા બી.આર.પટેલ પો.ઈન્સ. થરાદ પો.સ્ટે. તથા એલ.સી.બી. પાલનપુર ના સ્ટાફના માણસોને મળેલ સંયુક્ત બાતમી અનુસંધાન પાના નં.૬

# પાલનપુરની વાલકેશ્વર સોસાયટીમાં ગંદકી કરનારા ૧૬ રહિશોને નોટીસ

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાએ શહેરની વાલકેશ્વર સોસાયટીમાં ગંદકી ફેલાવનારા ૧૬ રહીશોને નોટિસ ફટકારી છે. પાલિકાની કાર્યવાહીને પગલે ગંદકી ફેલાવનારાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ભાજપ શાસિત પાલનપુર અનુસંધાન પાના નં.૬

### કમિશનનો કકળાટ..!!!

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકામાં ભૂગર્ભ ગટર યોજના અન્વયે રોડના કામમાં રૂ.૧.૮૦ કરોડના બાકી પેમેન્ટની ચૂકવણી માટેનો કકળાટ ચર્ચાની એરણે ચડ્યો છે. પાલિકા વર્તુળોમાં ચર્ચાતી વાતો મુજબ, ભૂગર્ભ ગટર સમિતિના ચેરમેનએ કોન્ટ્રાકટરની પેમેન્ટ ચૂકવણી માટે ઈન્ચાર્જ પ્રમુખ સામે કકળાટ કર્યો હતો. પરંતુ પ્રમુખને પૂછ્યા વગર પાણી ન પીતા ઈન્ચાર્જ પ્રમુખે આ પેમેન્ટની ચૂકવણી માટે પ્રમુખની સંમતિ ન હોવાનું જણાવી હાથ અદ્ધર કરી દીધા હતા. ત્યારે ભૂગર્ભ ગટર કમિટી ચેરમેનએ ભારે કકળાટ કરતા આખરે પ્રમુખ ની સંમતિ સાથે પેમેન્ટની ચૂકવણી કરાઈ હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે. ત્યારે કમિશનની ટકાવારીને લઈને પ્રમુખે પેમેન્ટ અટકાવ્યું હોવાની સાથે કમિટી ચેરમેને પોતાના કમિશનની લ્હાયમાં કકળાટ કર્યો હોવાનું ચર્ચાની એરણે ચડ્યું છે.



## જિલ્લા પંચાયત - તાલુકા પંચાયતની ચૂંટણી લડતા ઉમેદવારોને આહ્‌વાન

બનાસકાંઠા જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે ગામડાઓના વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાતી આ ચૂંટણી લડવા ગામે ગામના ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા છે પરંતુ જે તે વિસ્તારના મતદારો સારા અને સક્ષમ ઉમેદવારને ચૂંટી લોકશાહી પર્વની સાચા અર્થમાં ઉજવણી કરી શકે તે ઉદ્દેશ્યથી 'રખેવાળ' દૈનિકે વર્ષોની પરંપરા મુજબ 'તમારા મત વિસ્તારના ઉમેદવારોને ઓળખો' અભિયાન હાથ ધર્યુ છે. ત્યારે ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો તેમના ફોટા સાથેનો બાયોડેટા અને ચૂંટણી કયા મુદ્દે લડશે તેમજ મત વિસ્તારના વિકાસ માટેનો વ્યૂહ (આયોજન) વિગતવાર અમોને મોકલી આપે. જેને અમો 'રખેવાળ' માં પ્રસિધ્ધ કરીશું. તેથી ઉમેદવારોની બહોળી પ્રસિધ્ધ થવા સાથે મતદારો પણ સક્ષમ ઉમેદવારને ચૂંટી લોકશાહીને વધુ મજબુત બનાવશે.

**'ઉમેદવારને ઓળખો'**
'રખેવાળ' કાર્યાલય
માનવમંદિર, અંબિકા ચોક, ડીસા

ઈમેલ : rakheval@gmail.com
અથવા
વોટ્સઅપ નં. ૯૪૨૭૦૧૬૭૬૪
ઉપર પણ માહિતી મોકલી શકાશે.


## જાહેર ટેકો



આથી અમો પટેલ (કાગ) હરજીભાઈ નથાભાઈ રહે. સબાવડી, તા.ધાનેરાવાળાએ ધાનેરા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૩-અનાપુરગઢ બેઠક ઉપર અપક્ષ ઉમેદવારી નોંધાવેલ છે. પરંતુ અમો સ્વેચ્છાએ ધાનેરા તાલુકાના પ્રજાજનોના હિતમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી પટેલ સોનાભાઈ વણાભાઈ તથા ૬૧-થાવર જિલ્લા પંચાયતના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારશ્રી પટેલ સુરેશભાઈ ભગવાનભાઈની તરફેણમાં ટેકો જાહેર કરીએ છીએ. જે ૩-અનાપુરગઢ તા.પં. બેઠકના મતદાર ભાઈ - બહેનો તથા ૬૧ - થાવર જિલ્લા પંચાયતના મતદાર ભાઈ - બહેનોએ ખાસ નોંધ લેવી.

લિ.

પટેલ (કાગ) હરજીભાઈ નથાભાઈ
રહે.સબાવડી, તા.ધાનેરા, જિ.બ.કાં.



## જાહેર ચેતવણી



આથી અમો પ્રજાપતિ તેજાભાઈ રૂપાભાઈ રહે.શીવાજી પાર્ક, ધાનેરા, જી.બનાસકાંઠા જાહેર ચેતવણી આપીએ છીએ કે, મારી પુત્રી નામે આશાબેન ઉ.વ.૨૧ અમારા કહ્યામાં નથી અને પરણિત હોવા છતાં સ્વતંત્ર રીતે એકલી પાલનપુર મુકામે રહે છે. તેણીની સાથે અમારે હવે કોઈ સંબંધ નથી. અને અમારી મિલ્કતમાં તેણીનો કોઈ લાગભાગ નથી. અમો તેણીને અમારી મિલ્કતમાંથી ફારેગ કરીએ છીએ. તો તેણી સાથે અમારા નામે કોઈપણ જાતની લેવડ દેવડ કે વ્યવહાર કરવો નહીં. તેમ છતાં કોઈ વ્યવહાર કરશે તો તેમની પોતાની જવાબદારી રહેશે.

ધાનેરા
તા.૧૨/૨/૨૦૧૮

(બી.સી.બારોટ)
એડવોકેટ
(અમારી વતી)



## ઉત્તમ ઈજનેરી શિક્ષણનો શ્રેષ્ઠ વિકલ્પ

સેફ્રોની ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, એસપીબી પટેલ એન્જીનિયરીંગ કોલેજ




મોટરકાર બનાવવાની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા 'મેગા એટીવી ચેમ્પિયનશીપ'માં સેફ્રોની ટીમ દેશભરમાં ચોથા, સમગ્ર ગુજરાતમાં બીજા અને GTUમાં પ્રથમસ્થાને વિજેતા; 'ઇવેન્ટ ચેઈન રીએક્શન'માં દેશનું સૌથી મોટું 'રૂબ ગોલ્ડબર્ગ મશીન' બનાવવા માટે સંસ્થાના વિદ્યાર્થીઓને 'લિમ્કા બૂક ઓફ રેકોર્ડ્ઝ'માં સ્થાન

૨૦૦૬માં સ્થાપિત આ સંસ્થા AICTE માન્ય, GTU સંલગ્ન છે; અહીં ડિપ્લોમાથી લઈ પીએચ.ડી. સુધીનું ઉત્કૃષ્ટ શિક્ષણ અપાય છે.

ડિગ્રી કોર્સ B.E.માં (૭ બ્રાન્ચ) સિવિલ, મિકેનિકલ, ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રીકલ, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન - EC, ઇન્ફોર્મેશન ટેકનોલોજી - IT અને કોમ્પ્યુટર એન્જીનિયરીંગ; પોસ્ટ-ગ્રેજ્યુએટ P.G. કોર્સ M.E.માં (૩ બ્રાન્ચ) મિકેનિકલ (પ્રોડક્શન), કોમ્પ્યુટર અને ઈ.સી. જ્યારે ડિપ્લોમા એન્જીનિયરીંગમાં (૩ બ્રાન્ચ) સિવિલ, મિકેનિકલ અને ઓટોમોબાઈલના અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.

અમદાવાદથી ફક્ત ૫૦, મહેસાણાથી માત્ર ૧૪ કિ.મી.ના અંતરે 'હાઇવે ટચ લોકેશન'; ૩૦ એકરનું વિશાળ, હરિયાળું 'વાઈ-ફાઈ કેમ્પસ'

'સ્માર્ટ બોર્ડ', 'મલ્ટી-મિડિયા'થીસજ્જ વર્ગખંડો, આધુનિક લેબ્ઝ, અલાયદી હોસ્ટેલો, જીમ, વિશાળ પ્લે-ગ્રાઉન્ડ, રાહતદરની બસ સુવિધા

- 'એરોમોડેલિંગ ચેલેન્જ'માં સેફ્રોની ટીમ રાષ્ટ્રીય કક્ષાએ છઠ્ઠા સ્થાને... રાષ્ટ્રીય કક્ષાની 'રોબોસોકર' સ્પર્ધામાં પ્રથમ
- 'બોઇંગ નેશનલ એરોમોડેલિંગ ફેસ્ટીવલ'માં સેફ્રોનીના વિદ્યાર્થીનો એશિયા કક્ષાએ ૧૩મો રેન્ક...

### ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી - GTUના ટોચના તારલાઓમાં સેફ્રોની કોલેજના વિદ્યાર્થીઓ:

- 'બીઈ'ની વિદ્યાર્થિની કુ. માનવી સોનીને પ્રથમ, દ્વિતીય, તૃતિય એમ ત્રણેય સેમેસ્ટરમાં GTUના ટોચના વિદ્યાર્થીઓમાં સ્થાન.
- 'બીઈ'ની વિદ્યાર્થિની કુ. હિમા સોનીને GTUના ટોચના પાંચ વિદ્યાર્થીઓમાં લગાતાર સ્થાન.
- પી.જી.ની જુદી-જુદી બ્રાન્ચમાં અજય કુંભાર, ઉમંગ પટેલ અને કુ. તપસ્યા દિનકરને GTUના ટોચના ત્રણ ક્રમાંકિતમાં સ્થાન.
- ડિપ્લોમા ઓટોમોબાઈલ, મિકેનિકલ તેમજ સિવિલ બ્રાન્ચના વિદ્યાર્થીઓ GTUમાં ઝોનલ કક્ષાએ પ્રથમ, યુનિ કક્ષાએ ત્રીજા સ્થાને
- ડિપ્લોમાની વિદ્યાર્થિની કુ. ઐશ્વર્યા મકવાણાને ચોથા તેમજ પાંચમા સત્રની પરીક્ષાઓમાં ૧૦માંથી ૧૦ SPI

### ખેલકૂદ ક્ષેત્રે સેફ્રોની કોલેજના વિદ્યાર્થીઓએ મેળવેલી સિધ્ધિઓ:

- 'GTU' આયોજિત ખો-ખો અને કબ્બડી ઝોનલ સ્પર્ધાઓમાં સેફ્રોની કોલેજ અનુક્રમે પ્રથમ વિજેતા અને પ્રથમ 'રનર્સ-અપ'.
- એક વિદ્યાર્થી ઇન્ટર-યુનિ. બોક્સિંગ સ્પર્ધામાં ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચ્યા; ઇન્ટર-ઝોનલ તથા યુનિ. કક્ષાએ સુવર્ણચંદ્રકો જીત્યા.
- યુનિવર્સીટી કક્ષાની વેઇટ-લિફ્ટિંગ, જુડો, કુસ્તી તેમજ પાવર લીફટીંગ સ્પર્ધાઓમાં બે વિદ્યાર્થિનીઓને સુવર્ણચંદ્રકો.
- યુનિવર્સીટી કક્ષાની કુસ્તી સ્પર્ધામાં એક વિદ્યાર્થિનીને સુવર્ણચંદ્રક તેમજ બે વિદ્યાર્થિનીઓને રજતચંદ્રક.
- યુનિવર્સીટી કક્ષાની બોક્સિંગ, જુડો અને કુસ્તી સ્પર્ધાઓમાં બે વિદ્યાર્થીઓને રજતચંદ્રક.

વધુ માહિતી માટે સંપર્ક: ૯૦૯૯૦૬૩૧૪૦, ७०४६४६१०००  www.saffrony.ac.in